સરકારી નોકરીઓ માટે અહીં ક્લિક કરો

વર્ષ : ૬૨ ■ અંક : ૯ ■ તા.૧-૫-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આઝાદી કા અમૃત મહોત્સવ



## ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન : પરંપરાગત ચિકિત્સાના નવા યુગનો પ્રારંભ

## બનાસકાંઠા શ્વેતક્રાંતિની દિવાદાંડી

## વૈશ્વિક કક્ષાના દેશના પ્રથમ 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'ની મુલાકાતે PM



## આદિવાસી સમાજની વિરાટ જનશક્તિ આત્મનિર્ભર ભારતનું કેન્દ્રબિંદુ બનશે



# ટેકનોલોજીના સહારે શિક્ષણમાં ક્રાંતિ લાવતું ગુજરાત...






Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ■ Issue : 9 ■ Date 1-5-2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**72 + 4 Cover = Total 76 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- ગુજરાતે સમગ્ર દુનિયા સમક્ષ વિકાસ કોને કહેવાય અને વિકાસ કેવો હોય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.
- ગ્લોબલ વૉર્મિંગની અસરો ખાળવા કુદરતી સંસાધનોના સમતોલ ઉપયોગ અને સૂર્યઊર્જાનો સમુચિત ઉપયોગ આવશ્યક છે.
- મહિલાઓ સમાજસુધારા અને સમાજનિર્માણ સાથે આર્થિક વિકાસમાં અમૂલ્ય યોગદાન આપી રહી છે.
- આઝાદીના અમૃતકાળમાં પીવાલાયક પાણીને સરકારે પ્રાથમિકતા આપી છે.
- ભૂગર્ભ જળભંડારોને સમૃદ્ધ બનાવી સુદૃઢ જળવ્યવસ્થાપન માટે ગુજરાત પ્રતિબદ્ધ છે.
- આદિવાસી ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસની સંકલ્પના સુદ્રઢ આયોજનથી સાકાર કરવામાં આવી રહી છે.
- આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે છેલ્લા બે દાયકામાં રૂ. ૧ લાખ કરોડથી વધુનાં વિકાસકાર્યો સંપન્ન થયા છે.
- સરદાર પટેલના દૃષ્ટિવંત આયોજનની છાપ આજની દૂધ સહકારી ચળવળમાં દેખાય છે.
- દરેક ગામમાં ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા વડાપ્રધાનશ્રીએ કરેલા આહ્‌વાનને ગુજરાત સાકાર કરી રહ્યું છે.
- ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપનાથી 'બહુજન હિતાય બહુજન સુખાય' સૂત્ર સાકાર થવાનું છે.
- વિશ્વને એક પરિવાર સમજી, સૌના સ્વાસ્થ્ય, સૌની તંદુરસ્તી માટે ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન કાર્યરત બનશે.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)**




**6 સંવાદ**
મન કી બાત

**10 આતિથ્ય**
વડાપ્રધાન સહિત દેશવિદેશના મહાનુભાવો આવ્યા ગુજરાતના આંગણે... - પુલક ત્રિવેદી • હિમાંશુ ઉપાધ્યાય • દેવાંગ મેવાડા

**18 આદિજાતિ ઉત્કર્ષ**
આદિવાસી સમાજની વિરાટ જનશક્તિ આત્મનિર્ભર ભારતનું કેન્દ્રબિંદુ બનશે

**32 મહિલા સશક્તીકરણ**
બનાસકાંઠા શ્વેતક્રાંતિની દિવાદાંડી

**40 આરોગ્ય સુધા**
જામનગરમાં GCTMની સ્થાપના સાથે વિશ્વભરમાં પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના નવા યુગનો પ્રારંભ

**50 શિક્ષણ જ્યોત**
વૈશ્વિક કક્ષાના દેશના પ્રથમ ‘વિદ્યા સમીક્ષા કેન્દ્ર’ની મુલાકાતે PM

**56 જનસુખાકારી**
વડાપ્રધાનના હસ્તે કચ્છમાં સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ જનસમર્પિત

**57** મોરબીમાં હનુમાનજીની ૧૦૮ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ

**58** કાવેરી નદી પર ‘ટાઇડલ રેગ્યુલેટર ડૅમ’નું ખાતમુહૂર્ત

**60 આવકાર**
યુ.કે.નાં PM દેશની સૌ પ્રથમ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાતે

**62 વિકાસગાથા**
મુખ્યમંત્રીશ્રીએ બગોદરા-તારાપુર ૬ લેન રોડનું લોકાર્પણ કર્યું

**63 આસપાસ**

**68 સમાચાર વિશેષ**

**71 નિર્ણય**

**72 જનઆરોગ્ય**
દેશનાં એક લાખ હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર પર ‘ટેલી-કન્સલ્ટિંગ’ સેવાનો પ્રારંભ

**73 ગૌરવ**
‘સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન’ નૅશનલ સમિટ ગુજરાતનાં સ્માર્ટ શહેરોએ મેળવી સફળતા

**74 પ્રેરણા**
કચ્છના ખડીરમાં ખાખીના ખમીરનો અનોખો કિસ્સો - હેમલતા પારેખ

# ગુજરાતના વિકાસ પ્રકલ્પોથી દેશ-વિદેશના મહાનુભાવો થયા પ્રભાવિત

ગુજરાત સ્થાપના દિન પહેલાંના પખવાડિયામાં ગુજરાતમાં દેશ-વિદેશના મહાનુભાવોના આગમન અને વિકાસકાર્યોના ધમધમાટથી આખું રાજ્ય પુલકિત થઈ ગયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ, વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ડૉ. ટેડરોસ ઓધનોમ, બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોનસન ગુજરાતમાં આવીને જનકલ્યાણના વિવિધ પ્રકલ્પો જનતાને સમર્પિત કરાયા એના સાક્ષી બન્યા. આ ઉપરાંત બાંગ્લાદેશનાં વડાંપ્રધાન શ્રી શેખ હસીના, નેપાલના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબા અને ભૂતાનના વડાપ્રધાન શ્રી લોતેય શેરિંગે વર્ચ્યુઅલી ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગિતા કરી. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં વર્ષ 2001થી શરૂ થયેલી ગુજરાત રાજ્યની વિકાસયાત્રા, આજે 62મા વર્ષે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાવાન આગેવાનીમાં વધુ ગતિશીલતાથી આગળ ધપી રહી છે. આમ આ રીતે જોઈએ તો ગુજરાત રાજ્યનો વર્ષ ૨૦૨૨નો સ્થાપના દિન અનેક દૃષ્ટિકોણથી યાદગાર બની રહ્યો છે.

ભારત મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે બેસ્ટ ડેસ્ટિનેશન બનીને ઊભરી રહ્યું છે, ત્યારે ગ્લોબલ આયુષ ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઇનોવેશન સમિટને ખુલ્લી મૂકતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘વિશેષ આયુષ વિઝા’ કૅટેગરીનો આરંભ કરવાની વાત કરી હતી. જનઆરોગ્ય પ્રત્યેની તેમની સંવેદનશીલતાનો વધુ એક વાર જન જનને પરિચય થયો. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વ, સંકલ્પ અને માર્ગદર્શનમાં છેલ્લા બે દાયકામાં રૂ. ૧ લાખ કરોડથી વધુનાં વિકાસકાર્યો સંપન્ન થયાં છે. આદિવાસી વિસ્તારોને મેઇક ઇન ઇન્ડિયાનું કેન્દ્રબિંદુ બનાવવાની નેમ સાથે આગળ વધી રહેલા વડાપ્રધાનશ્રીએ દાહોદમાં રૂ. 21 હજાર કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરી આદિવાસી વિસ્તારમાં કાયાપલટ માટેનો શંખ ફૂંક્યો. દાહોદમાં ઊમટી પડેલી આદિવાસી બાંધવોની જનમેદનીને જોઈને વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આટલી મોટી સંખ્યામાં વનબંધુઓને વિકાસકાર્યો માટે એક છત નીચે એકત્રિત કરવાનું કમાલનું ભગીરથ કાર્ય ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ શ્રી સી. આર. પાટીલે કરી બતાવ્યું છે.

આજે શિક્ષિત અને દીક્ષિત ગુજરાતની નોંધ દેશ અને દુનિયા લઈ રહી છે. વડાપ્રધાનશ્રીએ ગાંધીનગર સ્થિત વિશ્વકક્ષાના રિયલ ટાઇમ મૉનિટરિંગ-વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઈ તેની કાર્યપ્રણાલીને બિરદાવી હતી. તેમણે બનાસ ડેરીના નવા પ્લાન્ટ અને અન્ય પ્રકલ્પોની ગુજરાતને ભેટ આપી હતી. ગ્રામીણ અર્થવ્યવસ્થામાં માતા-બહેનોનું સશક્તીકરણ અને સહકારિતાને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીર્ઘદૃષ્ટિપૂર્ણ રીતે વધુ બળવત્તર બનાવી છે. ગુજરાતમાં નારીશક્તિનું સામર્થ્ય આત્મનિર્ભરતાની દિશામાં દેશની મોટી તાકાત બનીની ઊભરી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સર્વસમાવેશક અવિરત વિકાસથી સર્વસમાજની ઉન્નતિના ધ્યેયને હાંસલ કર્યું છે. જિલ્લાદીઠ ૭૫ તળાવના નિર્માણ અને ગામદીઠ ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના વડાપ્રધાનશ્રીના આહ્‌વાનને ગુજરાત સાકાર કરવા સંકલ્પબદ્ધ છે. એક તરફ પ્રવાસનને તેમ જ ઔદ્યોગિક વિકાસને વેગ આપવા કેશોદથી મુંબઈ વચ્ચે વ્યાવસાયિક હવાઈ સેવાનો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો તો બીજી બાજુ દરિયાઈ ખારાશ સામે લડવા આશીર્વાદરૂપ કાવેરી નદી પર ‘વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર ડૅમ પ્રોજેક્ટ’નું ખાતમુહૂર્ત પણ તાજેતરમાં તેમણે કર્યું. જામનગરમાં ‘ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન’ની સ્થાપનાથી હવે ટ્રેડિશનલ મેડિસિન ક્ષેત્રે ગ્લોબલ નૉલેજનું ગુજરાત એપી સેન્ટર બનશે. કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અને ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ડબલ એન્જિનવાળી ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ખૂણેખૂણાના વિકાસની પ્રતિબદ્ધતા દેશ-વિદેશના મહાનુભાવોએ ગત પખવાડિયામાં તાદૃશ્ય અનુભવી છે.

જય જય ગરવી ગુજરાત...

**માહિતી નિયામક**



# મન કી બાત

## એપ્રિલ 2022

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

નવા વિષયો સાથે, નવાં પ્રેરક ઉદાહરણો સાથે, નવા-નવા સંદેશાઓને સમેટીને એક વાર ફરી હું તમારી સાથે 'મન કી બાત' કરવા આવ્યો છું. શું તમને ખબર છે કે આ વખતે મને સૌથી વધુ પત્રો અને સંદેશ કયા વિષય પર મળ્યા છે? એ વિષય એવો છે જે ઇતિહાસ, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય સાથે જોડાયેલો છે. હું વાત કરી રહ્યો છું દેશને મળેલા પ્રધાનમંત્રી સંગ્રહાલયની. ૧૪મી એપ્રિલે બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી પર પ્રધાનમંત્રી સંગ્રહાલયનું લોકાર્પણ થયું છે. તેને દેશના નાગરિકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. એક શ્રોતા છે શ્રીમાન સાર્થકજી, તેઓ ગુરુગ્રામ રહે છે અને પહેલી તક મળતાં જ તેઓ પ્રધાનમંત્રી સંગ્રહાલય જોવા આવ્યા છે. સાર્થકજીએ Namo App પર જે સંદેશ મને લખ્યો છે તે ખૂબ જ રસપ્રદ છે. તેમણે લખ્યું છે કે તેઓ વર્ષોથી સમાચાર ચેનલો જુએ છે, સમાચારપત્રો વાંચે છે, સોશિયલ મીડિયા સાથે પણ જોડાયેલા છે, આથી તેમને લાગતું હતું કે તેમનું સામાન્ય જ્ઞાન સારું હશે, પરંતુ જ્યારે તેઓ પી. એમ. સંગ્રહાલય ગયા તો તેમને ખૂબ જ આશ્ચર્ય થયું, તેમને અનુભવાયું કે તેઓ પોતાના દેશ અને દેશનું નેતૃત્વ કરનારા લોકો વિશે ઘણું બધું જાણતા જ નથી. તેમણે પી. એમ. સંગ્રહાલયની કેટલીક એવી ચીજો વિશે લખ્યું છે જે તેમની જિજ્ઞાસાને વધારનારી હતી, જેમ કે તેમને લાલબહાદુર શાસ્ત્રીજીનો તે ચરખો જોઈને ઘણી ખુશી થઈ, જે તેમને સાસરિયા પક્ષ તરફથી ભેટ મળ્યો હતો. તેમણે શાસ્ત્રીજીની પાસબુક પણ જોઈ અને એ પણ જોયું કે તેમની પાસે કેટલી ઓછી બચત હતી.

સાર્થકજીએ લખ્યું છે કે તેમને એ પણ નહોતી ખબર કે મોરારજીભાઈ દેસાઈ સ્વતંત્રતા સંગ્રામમાં જોડાતાં પહેલાં ગુજરાતમાં નાયબ કલેક્ટર હતા. પ્રશાસનિક સેવામાં તેમની એક લાંબી કારકિર્દી રહી છે. સાર્થકજી, ચૌધરી ચરણસિંહજી વિશે લખે છે કે તેમને ખબર જ નહોતી કે જમીનદારી ઉન્મૂલન ક્ષેત્રમાં ચૌધરી ચરણસિંહજીનું ખૂબ જ મોટું યોગદાન હતું. એટલું જ નહીં, તેઓ વધુમાં લખે છે કે જ્યારે જમીન સુધારાના વિષયમાં ત્યાં તેમણે જોયું કે શ્રીમાન પી. વી. નરસિંહરાવજી જમીન સુધારાના કામમાં ખૂબ જ ગાઢ રુચિ લેતા હતા. સાર્થકજીને પણ આ મ્યુઝિયમમાં આવીને જ ખબર પડી કે ચંદ્રશેખરજીએ ૪ હજાર કિલોમીટરથી વધુ પગપાળા ચાલીને ઐતિહાસિક ભારતયાત્રા કરી હતી. તેમણે જ્યારે સંગ્રહાલયમાં એ ચીજોને જોઈ જેનો અટલજી ઉપયોગ કરતા હતા, તેમનાં

ભાષણોને સાંભળ્યાં તો તેઓ ગર્વાન્વિત થઈ ગયા.

સાર્થકજીએ એ પણ કહ્યું કે આ સંગ્રહાલયમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડૉ. આંબેડકર, જયપ્રકાશ નારાયણ અને આપણા વડાપ્રધાન જવાહરલાલ નેહરુ વિશે પણ ઘણી રોચક જાણકારીઓ છે. સાથીઓ, દેશના વડાપ્રધાનોના યોગદાનને યાદ કરવા માટે સ્વતંત્રતાના અમૃત મહોત્સવથી વધુ સારો સમય કયો હોઈ શકે? દેશ માટે ગૌરવની વાત છે કે સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ એક જનઆંદોલનનું રૂપ લઈ રહ્યો છે. ઇતિહાસ વિશે લોકોનો રસ ઘણો વધી રહ્યો છે અને તેવામાં પી. એમ. મ્યુઝિયમ યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે જે દેશના અણમોલ વારસા સાથે તેમને જોડી રહ્યું છે.

એમ તો, સાથીઓ, જ્યારે સંગ્રહાલય વિશે તમારી સાથે આટલી વાતો થઈ રહી છે તો મને મન થયું કે હું પણ તમને કેટલાક પ્રશ્નો કરું. જોઈએ કે તમારું સામાન્ય જ્ઞાન કેટલું છે? તમને કેટલી જાણકારી છે? મારા નવયુવાન સાથીઓ, તમે તૈયાર છો? કાગળ, કલમ હાથમાં લઈ લીધાં? હવે હું તમને જે પૂછવા જઈ રહ્યો છું તેનો ઉત્તર Namo App કે સોશિયલ મીડિયા પર #museumquiz સાથે શૅર કરી શકો છો અને અવશ્ય કરો. મારો તમને અનુરોધ છે કે તમે આ બધા પ્રશ્નોના જવાબ જરૂર આપો. તેનાથી દેશભરના લોકોને સંગ્રહાલય વિશે રસ વધુ વધશે. શું તમે જાણો છો કે દેશના કયા શહેરમાં એક પ્રસિદ્ધ રેલવે સંગ્રહાલય છે, જ્યાં છેલ્લાં ૪૫ વર્ષથી લોકોને ભારતીય રેલવેના વારસાને જોવાની તક મળે છે? હું તમને એક સંકેત આપું છું. તમે અહીં Fairy Queen, Saloon Of Prince Of Walesથી લઈને Fireless Steam Locomotive પણ જોઈ શકો છો. શું તમે જાણો છો કે મુંબઈમાં એ કયું સંગ્રહાલય છે જ્યાં આપણને બહુ જ રોચક રીતે ચલણ (કરન્સી)નો વિકાસ (ઇવૉલ્યુશન) જોવા મળે છે?

અહીં ઈ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીના સિક્કા હાજર છે તો બીજી તરફ ઈ-મની પણ હાજર છે. ત્રીજો પ્રશ્ન. વિરાસત એ ખાલસા આ સંગ્રહાલય સાથે જોડાયેલી છે. શું તમે જાણો છો કે આ સંગ્રહાલય પંજાબના કયા શહેરમાં આવેલું છે? પતંગબાજીમાં તો તમને સહુને ખૂબ જ આનંદ આવતો હશે, આગલો પ્રશ્ન તેની સાથે જોડાયેલો છે. સાથીઓ, ટેક્નોલૉજીના આ સમયમાં તમારા માટે જવાબ શોધવો ઘણો સરળ છે. આ પ્રશ્નો મેં એટલા માટે પૂછ્યા, જેથી આપણી નવી પેઢીમાં જિજ્ઞાસા વધે, તેઓ તેના વિશે વધુ વાંચે, તેમને જોવા જાય. હવે તો સંગ્રહાલયના મહત્ત્વના કારણે અનેક લોકો, પોતે આગળ આવીને, મ્યુઝિયમ માટે ઘણું દાન પણ કરી રહ્યા છે. ઘણા લોકો પોતાના જૂના કલેક્શનને, ઐતિહાસિક વસ્તુઓને પણ મ્યુઝિયમને દાનમાં આપી રહ્યા છે. તમે જ્યારે આવું કરો છો તે એક રીતે તમે એક સાંસ્કૃતિક મૂડીને સમગ્ર સમાજ સાથે વહેંચો છો. ભારતમાં પણ લોકો હવે તેના માટે આગળ આવી રહ્યા છે. હું, આવા બધા ખાનગી પ્રયાસોની પણ પ્રશંસા કરું છું. આજે બદલાતા સમયમાં અને કોવિડ પ્રોટોકોલના કારણે મ્યુઝિયમમાં નવી રીતભાત અપનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. મ્યુઝિયમમાં ડિજિટાઇઝેશન પર પણ ધ્યાન વધ્યું છે.

તમે બધા જાણો છો કે ૧૮મી મેએ આખી દુનિયામાં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઊજવવામાં આવશે. તેને જોતાં, મારા યુવાન સાથીઓ માટે મારી પાસે એક આઇડિયા છે. આવનારા રજાના દિવસોમાં, તમે તમારી મિત્રોની મંડળી સાથે, કોઈ સ્થાનિક મ્યુઝિયમ જોવા જાવ તો કેવું? તમે તમારો અનુભવ #MuseumMemoriesની સાથે જરૂર શૅર કરો. તમે આવું કરશો તો બીજાના મનમાં પણ સંગ્રહાલય વિશે જિજ્ઞાસા વધશે.

> “દેશ માટે ગૌરવની વાત છે કે, સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ એક જનઆંદોલનનું રૂપ લઈ રહ્યો છે. ઇતિહાસ વિશે લોકોનો રસ ઘણો વધી રહ્યો છે અને તેવામાં પી. એમ. મ્યુઝિયમ યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે જે દેશના અણમોલ વારસા સાથે તેમને જોડી રહ્યું છે.”

મારા પ્રિય દેશવાસીઓ, તમે તમારા જીવનમાં ઘણા સંકલ્પ લેતા હશો. તેમને પૂરા કરવા માટે પરિશ્રમ પણ કરતા હશો. સાથીઓ, પરંતુ તાજેતરમાં જ, મને એવા સંકલ્પ વિશે જાણવા મળ્યું, જે ખરેખર ઘણો અલગ હતો, ઘણો અનોખો હતો. આથી મેં વિચાર્યું કે 'મન કી બાત'ના શ્રોતાઓને તે જરૂર જણાવું.

સાથીઓ, શું તમે વિચારી શકો છો કે કોઈ પોતાના ઘરેથી એવો સંકલ્પ લઈને નીકળે કે આજે દિવસભર તે આખું શહેર ફરશે અને એક પણ પૈસાની લેવડદેવડ રોકડમાં નહીં કરે? કૅશમાં નહીં કરે? છે ને રસપ્રદ સંકલ્પ? દિલ્હીની બે દીકરીઓ સાગરિકા અને પ્રેક્ષાએ આવા જ કૅશલેસ ડે આઉટનો એક્સપેરિમેન્ટ કર્યો. સાગરિકા અને પ્રેક્ષા દિલ્હીમાં જ્યાં પણ ગઈ, તેમને ડિજિટલ પેમેન્ટની સુવિધા મળી ગઈ. યુપીઆઇ ક્યૂઆર કોડના કારણે તેમને રોકડા કાઢવાની જરૂર જ ન પડી. ત્યાં સુધી કે સ્ટ્રીટ ફૂડ અને લારી પર પણ મોટા ભાગની જગ્યાએ તેમને ઑનલાઇન લેવડદેવડની સુવિધા મળી.

સાથીઓ, કોઈ કહેશે કે આ તો દિલ્હી છે, મેટ્રો સિટી છે, ત્યાં તો આ બધું સરળ છે, પરંતુ એવું નથી કે યુપીઆઇનો આ પ્રસાર માત્ર દિલ્હી જેવાં મોટાં શહેરો પૂરતો જ સીમિત છે.

સાથીઓ, ગત કેટલાંક વર્ષોમાં ભીમ યુપીઆઇ ઝડપથી આપણા અર્થતંત્ર અને ટેવોનો ભાગ બની ગઈ છે. હવે તો

નાનાં-નાનાં શહેરોમાં અને મોટા ભાગનાં ગામોમાં પણ લોકો યુપીઆઈથી જ લેવડદેવડ કરે છે. ડિજિટલ ઇકોનૉમીથી દેશમાં એક સંસ્કૃતિ પણ જન્મી રહી છે. ક્યાંય પણ જાવ, રોકડા લઈને જવાની, બૅંકમાં જવાની, એટીએમ શોધવાની ઝંઝટ નથી રહી. મોબાઇલથી જ બધાં પેમેન્ટ થઈ જાય છે, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તમારા આ નાનાં-નાનાં ઑનલાઇન પેમેન્ટથી દેશમાં કેટલી મોટી ડિજિટલ ઇકોનૉમી તૈયાર થઈ છે? આ સમયે આપણા દેશમાં લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયાની લેવડદેવડ દરરોજ થઈ રહી છે. ગત માર્ચ મહિનામાં તો યુપીઆઈ લેવડદેવડ લગભગ ૧૦ લાખ કરોડ સુધી પહોંચી ગઈ. તેનાથી દેશમાં સુવિધા પણ વધી રહી છે અને પ્રામાણિકતાનું વાતાવરણ પણ બની રહ્યું છે.

મારા પ્રિય દેશવાસીઓ, ટેક્નોલૉજીની આ શક્તિ સામાન્ય લોકોનું જીવન બદલી રહી છે, તે આપણને આપણી આસપાસ સતત દેખાઈ રહ્યું છે. ટેક્નોલૉજીએ એક બીજું મોટું કામ કર્યું છે. આ કામ છે દિવ્યાંગ સાથીઓની અસાધારણ ક્ષમતાનો લાભ, દેશ અને દુનિયાને અપાવવાનો. આપણાં દિવ્યાંગ ભાઈ-બહેન શું કરી શકે છે તે આપણે ટોકિયો પૅરાલિમ્પિક્સમાં જોયું છે. રમતની જેમ જ કલા, શિક્ષણ અને બીજાં અનેક ક્ષેત્રોમાં દિવ્યાંગ સાથીઓ કમાલ કરી રહ્યા છે, પરંતુ જ્યારે આ સાથીઓને ટેક્નોલૉજીની તાકાત મળી જાય છે, તો તેઓ વધુ મોટાં શિખર સર કરી શકે છે. આથી દેશ આજકાલ સતત સંસાધનો અને ઇન્ફ્રાસ્ટ્રકચર દિવ્યાંગો માટે સુલભ બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યો છે. દેશમાં એવાં અનેક સ્ટાર્ટ-અપ્સ અને સંગઠન પણ છે જે આ દિશામાં પ્રેરણાદાયી કામ કરી રહ્યાં છે. આવી જ એક સંસ્થા છે - Voice Of Specially-abled people, આ સંસ્થા assistive technologyના ક્ષેત્રમાં નવા અવસરોને પ્રમોટ કરે છે. જે દિવ્યાંગ કલાકાર છે તેમના કામને, દુનિયા સુધી પહોંચાડવા માટે એક નવીન શરૂઆત પણ કરવામાં આવી છે. Voice Of Specially-abledpeopleના આ કલાકારોનાં ચિત્રોની ડિજિટલ આર્ટ ગેલેરી તૈયાર કરી છે. દિવ્યાંગ સાથી કઈ રીતે અસાધારણ પ્રતિભા ધરાવતા હોય છે અને તેમની પાસે કેટલી અસાધારણ ક્ષમતા હોય છે - આ આર્ટ ગૅલેરી તેનું ઉત્તમ ઉદાહરણ છે.

> **“ટેક્નોલૉજીની આ શક્તિ સામાન્ય લોકોનું જીવન બદલી રહી છે, તે આપણને આપણી આસપાસ સતત દેખાઈ રહ્યું છે. ટેક્નોલૉજીએ એક બીજું મોટું કામ કર્યું છે. આ કામ છે દિવ્યાંગ સાથીઓની અસાધારણ ક્ષમતાનો લાભ, દેશ અને દુનિયાને અપાવવાનો.”**

મારા પ્રિય દેશવાસીઓ, દેશના મોટા ભાગના હિસ્સામાં ગરમી ખૂબ ઝડપથી વધી રહી છે. વધી રહેલી ગરમી, પાણી બચાવવાની આપણી જવાબદારીને પણ એટલી જ વધારી દે છે. બની શકે કે તમે જ્યાં હો ત્યાં પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ હોય, પરંતુ તમારે એ કરોડો લોકોને હંમેશાં યાદ રાખવાના છે જે જળસંકટવાળાં ક્ષેત્રોમાં રહે છે, જેમના માટે પાણીનું એક-એક ટીપું અમૃત સમાન હોય છે. સાથીઓ, આ સમયે સ્વતંત્રતાના ૭૫મા વર્ષમાં, સ્વતંત્રતાના અમૃત મહોત્સવમાં, દેશ જે સંકલ્પો સાથે આગળ વધી રહ્યો છે, તેમાં એક જળસંરક્ષણ પણ છે. અમૃત મહોત્સવ દરમિયાન દેશના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવામાં આવશે.

સાથીઓ, પાણીની ઉપલબ્ધતા અને પાણીની તંગી, આ કોઈ પણ દેશની પ્રગતિ અને ગતિને નિર્ધારિત કરે છે. તમે પણ અવલોકન કર્યું હશે કે ‘મન કી બાત’માં, હું, સ્વચ્છતા જેવા વિષયો સાથે વારંવાર જળસંરક્ષણની વાત જરૂર કરું છું. આપણા ગ્રંથમાં તો સ્પષ્ટરૂપે કહેવાયું છે કે-

**पानियम् परमम् लोके, जीवानाम् जीवनम् समृतम।।** અર્થાત્, સંસારમાં, જળ જ, દરેક જીવના, જીવનનો આધાર છે અને જળ જ સૌથી મોટું સંસાધન પણ છે. આથી તો આપણા પૂર્વજોએ જળસંરક્ષણ પર આટલું જોર આપ્યું. વેદોથી લઈને પુરાણો સુધી, દરેક જગ્યાએ પાણી બચાવવા માટે, તળાવ, સરોવર વગેરે બનાવવાને, મનુષ્યનું સામાજિક અને આધ્યાત્મિક કર્તવ્ય બતાવવામાં આવ્યું છે. વાલ્મીકિ રામાયણમાં જળસ્રોતોને જોડવા પર, જળસંરક્ષણ પર, વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

સાથીઓ, જળ સાથે જોડાયેલો દરેક પ્રયાસ આપણી કાલ સાથે જોડાયેલો છે. તેમાં સમગ્ર સમાજની જવાબદારી હોય છે. તેના માટે સદીઓથી અલગ-અલગ સમાજ, અલગ-અલગ પ્રયાસ સતત કરતા આવ્યા છે, જેમ કે ‘કચ્છના રણ’ની એક જનજાતિ ‘માલધારી’ જળસંરક્ષણ માટે ‘વૃદાસ’ નામનો ઉપયોગ કરે છે. તેના હેઠળ નાના કૂવા બનાવવામાં આવે છે અને તેના બચાવ માટે આસપાસ ઝાડ લગાવવામાં આવે છે. આ જ રીતે મધ્ય પ્રદેશની ભીલ જનજાતિએ પોતાની એક ઐતિહાસિક પરંપરા ‘હલમા’ને જળસંરક્ષણ માટે ઉપયોગ કરી છે. આ પરંપરા હેઠળ આ જનજાતિના લોકો પાણી સાથે જોડાયેલી સમસ્યાઓનો ઉપાય શોધવા માટે એક જગ્યાએ એકત્રિત થાય છે. હલમા પરંપરાથી મળેલાં સૂચનોના કારણે આ ક્ષેત્રમાં પાણીનું સંકટ ઓછું થયું છે અને ભૂગર્ભ જળનું સ્તર પણ વધી રહ્યું છે.

સાથીઓ, આવા જ કર્તવ્યનો ભાવ જો બધાના મનમાં આવી જાય તો જળસંકટ સાથે જોડાયેલા મોટામાં મોટા પડકારનો ઉકેલ આવી શકે છે. આવો, સ્વતંત્રતાના અમૃત મહોત્સવમાં આપણે

જળસંરક્ષણ અને જીવનસંરક્ષણનો સંકલ્પ લઈએ.આપણે ટીપું-ટીપું જળ બચાવીશું અને દરેક જીવન બચાવીશું.

મારા પ્રિય દેશવાસીઓ, તમે જોયું હશે કે કેટલાક દિવસો પહેલાં મેં મારા યુવાન મિત્રો સાથે, સ્ટુડન્ટ્સ સાથે 'પરીક્ષા પર ચર્ચા' કરી હતી. આ ચર્ચા દરમિયાન કેટલાક સ્ટુડન્ટ્સે કહ્યું કે તેમને એક્ઝામમાં ગણિતથી ડર લાગે છે. આ પ્રકારની વાત અનેક વિદ્યાર્થીઓએ મને પોતાના સંદેશમાં પણ મોકલી હતી. તે સમયે જ મેં એવું નક્કી કર્યું હતું કે ગણિત-મૅથેમેટિક્સ પર હું આ વખતે 'મન કી બાત'માં જરૂર ચર્ચા કરીશ.

સાથીઓ, ગણિત તો એવો વિષય છે જેના વિશે આપણે ભારતીયોએ સૌથી વધુ સહજ હોવું જોઈએ. છેવટે, ગણિત અંગે સમગ્ર દુનિયાને સૌથી વધુ શોધ અને યોગદાન ભારતના લોકોએ જ તો આપ્યું છે. શૂન્ય, અર્થાત્, ઝીરોની શોધ અને તેના મહત્ત્વ વિશે તમે ઘણું સાંભળ્યું પણ હશે. ઘણી વાર, તમે એમ પણ સાંભળતા હશો કે જો ઝીરોની શોધ ન થઈ હોત તો કદાચ આપણે, દુનિયાની આટલી વૈજ્ઞાનિક પ્રગતિ પણ ન જોઈ શક્યા હોત. કૅલ્ક્યુલસથી લઈને કમ્પ્યૂટર્સ સુધી - આ બધી વૈજ્ઞાનિક શોધ ઝીરો પર જ તો આધારિત છે. ભારતના ગણિતજ્ઞો અને વિદ્વાનોએ ત્યાં સુધી લખ્યું છે કે **यत्किंचित वस्तु तत सर्व, गणितेन बिना नहि!**

> "આવો, સ્વતંત્રતાના અમૃત મહોત્સવમાં આપણે જળસંરક્ષણ અને જીવનસંરક્ષણનો સંકલ્પ લઈએ. આપણે ટીપું-ટીપું જળ બચાવીશું અને દરેક જીવન બચાવીશું."

અર્થાત્, આ સમગ્ર બ્રહ્માંડમાં જે કંઈ પણ છે તે બધું જ ગણિત પર જ આધારિત છે. સામાન્ય બોલચાલમાં જ્યારે આપણે સંખ્યાઓ અને નંબર્સની વાત કરીએ છીએ તો મિલિયન, બિલિયન અને ટ્રિલિયન સુધી બોલીએ અને વિચારીએ છીએ, પરંતુ વેદોમાં અને ભારતીય ગણિતમાં આ ગણના ઘણે આગળ સુધી જાય છે. આપણે ત્યાં એક જૂનો શ્લોક પ્રચલિત છે-

**एकं दशं शतं चैव, सहस्रम अयुतं तथा।**
**लक्षं च नियुंत चैव, कोटि: अर्बुदम् एव च।।**
**वृन्दं खर्वो निखर्व: च, शंख: पद्म: च सागर: ।**
**अन्त्यं मध्यं परार्ध: च, दश वृद्ध्या यथा क्रमम् ।।**

આ શ્લોકમાં સંખ્યાનો ઑર્ડર જણાવવામાં આવ્યો છે. જેમ કે, એક, દસ, સો, હજાર અને અયુત। લાખ, નિયુત, અને કોટિ એટલે કે કરોડ । આ પ્રકારે આ સંખ્યા જાય છે- શંખ, પદ્મ અને સાગર સુધી. એક સાગરનો અર્થ થાય છે ૧૦ની પાવર ૫૭. એટલું જ નહીં, તેનાથી આગળ પણ, ઓધ અને મહોધ જેવી સંખ્યાઓ હોય છે. એક મહોધ હોય છે - ૧૦ની પાવર ૬૨ જેટલું અર્થાત્ એકની આગળ ૬૨ શૂન્ય, સિક્સ્ટી ટુ ઝીરો. આપણે આટલી મોટી સંખ્યાની કલ્પના પણ મગજમાં કરીએ છીએ તો મુશ્કેલી થાય છે, પરંતુ ભારતીય ગણિતમાં તેનો પ્રયોગ હજારો વર્ષોથી થતો આવ્યો છે. હમણાં કેટલાક દિવસો પહેલાં જ મને ઇન્ટેલ કંપનીના સીઈઓ મળ્યા હતા. તેમણે મને એક પેઇન્ટિંગ આપ્યું હતું જેમાં પણ વામન અવતારના માધ્યમથી ગણના અથવા માપની આવી જ એક પદ્ધતિનું ભારતીય પદ્ધતિનું ચિત્રણ કરવામાં આવ્યું હતું. ઇન્ટેલનું નામ આવ્યું તો કમ્પ્યૂટર તમારા મગજમાં આપોઆપ આવી ગયું હશે. કમ્પ્યૂટરની ભાષામાં તમે બાઇનરી સિસ્ટમ વિશે પણ સાંભળ્યું હશે, પરંતુ, શું તમને ખબર છે કે આપણા દેશમાં આચાર્ય પિંગળા જેવા ઋષિ થયા હતા, જેમણે બાઇનરીની કલ્પના કરી હતી. આ જ રીતે આર્યભટ્ટથી લઈને રામાનુજન જેવા ગણિતજ્ઞો સુધી ગણિતના અનેક સિદ્ધાંતો પર આપણે ત્યાં કામ થયું છે.

સાથીઓ, આપણે ભારતીયો માટે ગણિત ક્યારેય મુશ્કેલ વિષય નથી રહ્યો, તેનું એક મોટું કારણ આપણું વૈદિક ગણિત પણ છે. આધુનિક કાળમાં વૈદિક ગણિતનું શ્રેય જાય છે - શ્રી ભારતી કૃષ્ણ તીર્થ મહારાજને. તેમણે કૅલ્ક્યુલેશનની પ્રાચીન રીતોને રિવાઇવ કરી અને તેને વૈદિક ગણિત નામ આપ્યું. વૈદિક ગણિતની સૌથી ખાસ વાત એ છે કે તેના દ્વારા તમે અઘરામાં અઘરી ગણતરીઓ આંખ પટપટાવતાં સુધીમાં મનમાં જ કરી લો છો. આજ કાલ તો સોશિયલ મીડિયા પર વૈદિક ગણિત શીખવા અને શીખવનારા આવા અનેક યુવાનોના વીડિયો પણ તમે જોયા હશે.

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં મ્યુઝિયમથી લઈને મૅથ સુધી અનેક જ્ઞાનવર્ધક વિષયો પર ચર્ચા થઈ. આ બધા વિષયો તમારા લોકોનાં સૂચનોથી જ 'મન કી બાત'નો હિસ્સો બની જાય છે. મને તમે, આ રીતે, ભવિષ્યમાં પણ પોતાનાં સૂચનો Namo App અને MyGov દ્વારા મોકલતાં રહેજો. આવનારા દિવસોમાં દેશમાં ઈદનો તહેવાર પણ આવનાર છે. અક્ષય તૃતીયા અને ભગવાન પરશુરામની જયંતી, કેટલાક દિવસો પછી વૈશાખ બુદ્ધપૂર્ણિમાનું પર્વ પણ આવશે. આ બધા તહેવાર સંયમ, પવિત્રતા, દાન અને સૌહાર્દના પર્વ છે. તમને બધાને આ પર્વની અગ્રીમ શુભકામનાઓ. આ પર્વને ખૂબ જ ઉલ્લાસ અને સૌહાર્દ સાથે મનાવો. આ બધા વચ્ચે તમારે કોરોનાથી પણ સતર્ક રહેવાનું છે. માસ્ક પહેરવું, નિયમિત અંતરાલ પર હાથ ધોતાં રહેવું, બચાવ માટે જે પણ જરૂરી ઉપાય છે, તમે તેનું પાલન કરતા રહેજો. આવતી વખતે 'મન કી બાત'માં આપણે ફરી મળીશું અને તમારા મોકલાયેલા કેટલાક બીજા નવા વિષયો પર ચર્ચા કરીશું, ત્યાં સુધી વિદાય લઉં છું.

ખૂબ ખૂબ ધન્યવાદ. ●



**ગુજરાત સ્થાપના દિન - ૨૦૨૨ અનેક દૃષ્ટિકોણથી યાદગાર બની રહેશે**

### વિશ્વમાં ગુજરાતનાં સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની આગવી ઓળખ ઊભી થઇ છે

# વડાપ્રધાન સહિત દેશવિદેશના મહાનુભાવો આવ્યા ગુજરાતના આંગણે...

પુલક ત્રિવેદી ● હિમાંશુ ઉપાધ્યાય ● દેવાંગ મેવાડા

ગુજરાતી બાંધવો માટે ૧લી મે સાથે જોડાયેલી અનેક જાણીઅજાણી ઘટનાઓમાં શિરમોર ઘટના એટલે ગરવા ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ. છેક ચૌલુક્ય વંશથી ગુજરાતના ઇતિહાસની કડીઓ મળે છે. 'ચક્રવર્તી ગુર્જરો' પુસ્તકમાં કનૈયાલાલ માણેકલાલ મુનશી લખે છે કે, 'જે પ્રદેશની સીમા ઉત્તરે આબુ આગળ હતી અને દક્ષિણે પહેલાં મહીને કાંઠે, પછી નર્મદાના તીરે ને ત્યાર બાદ દમણગંગાના તટ પર આવીને અટકી એ પ્રદેશ 'ગુજરાત' નામે ઓળખાવા લાગ્યો.' ઇન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, વિદ્યાગૌરી નીલકંઠ જેવાં આગેવાનોએ ઑગસ્ટ તા. ૮, ૧૯૫૬થી મહાગુજરાત આંદોલન છેડીને ચાર વર્ષ બાદ ૧લી મે, ૧૯૬૦ના રોજ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો પરચમ લહેરાવ્યો.

ગુજરાત એટલે ગરબા. ગુજરાત એટલે વેપાર. ગુજરાત એટલે સ્વાદ. ગુજરાત એટલે સાહસ. ગુજરાત એટલે સંસ્કાર. ગુજરાત એટલે સૌજન્ય. સંતો, શૂરવીરો અને સાહિત્યકારોની ભોમકા એટલે ગરવું ગુજરાત. ધરતીકંપનો માર હોય, વાવાઝોડાનો ત્રાસ હોય કે કોરોના મહામારી હોય, ગુજરાતી બાંધવોએ આફતોનો મક્કમ મુકાબલો કરીને વિકાસને રતીભર પણ મોળો પડવા નથી દીધો. દેશની કુલ વસતિના પાંચ ટકા ગુજરાતી બાંધવો છે અને વિસ્તારની રીતે જોતાં દેશની કુલ જમીનના છ ટકા હિસ્સો ગુજરાત પ્રદેશનો છે. ભારતના સ્ટૉક એક્સચેન્જનો ૩૦થી ૩૨ ટકા હિસ્સો ગુજરાતીઓ પાસે છે. વિશ્વનું સૌથી પહેલું 'પ્યૉર વેજ સબ-વે' અને 'ડૉમિનોઝ' ગુજરાતમાં ખૂલ્યું હતું.

વિશ્વના ૮૦ ટકા હીરા ગુજરાતના સુરતમાં પૉલિશ થાય છે. ગુજરાતના પ્રત્યેક ગામમાં વીજળી છે. ભારતના મીઠાના કુલ ઉત્પાદનમાં ૭૮ ટકા જેટલુ મીઠું ગુજરાત પકવે છે. હિન્દુસ્તાનમાં સૌથી વધુ રૂ ગુજરાતમાં ઉત્પાદન થાય છે. દેશમાં ૨૦ ટકા ઉપરાંત ઈન્ડસ્ટ્રિયલ આઉટપુટ ગુજરાતનું છે. રાષ્ટ્રમાં થતાં મિનરલ પ્રોડક્શનના ૯ ટકા પ્રોડક્શન ગુજરાતમાં થાય છે. દેશમાં ૨૨ ટકા એક્સપોર્ટ ગુજરાત કરે છે. દેશના કુલ



ટેક્સટાઇલ પ્રોડક્શનમાં ૨૪ ટકા જેટલું ઉત્પાદન ગુજરાત કરે છે. ૩૫ ટકા ફાર્મા પ્રોડક્ટ, ૫૧ ટકા પેટ્રોકેમિકલનુ પ્રોડક્શન ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં ૧૭ નાનાં-મોટાં ઍરપોર્ટ છે.

ખેતરે ખેતરે જ્યાં હરિયાળી હરખાય છે. ઉત્તરે મા અંબા બિરાજમાન છે, દ્વારિકામાં જ્યાં શામળિયાના પગ સાગર પખાળે છે એવી ગુજરાતની ધરતીનો અદ્‌ભુત શણગાર દેશ-વિદેશના પ્રવાસીઓનાં મન મોહી લે છે. એક તરફ વડનગરનું કીર્તિ તોરણ બીજી તરફ સિદ્ધપુરનો રુદ્રમહાલ, વર્લ્ડ હેરિટેજ રાણીની વાવ, મોઢેરાનું સૂર્યમંદિર અને વનરાજોની ત્રાડ ગુજરાતની શાન છે. ભાલમાં શોભતું નળસરોવર, ઝૂલતાં મિનારા અને સિદ્દી સૈયદની જાળીથી સોહામણી લાગે છે ગુજરાતની આર્થિક વિકાસની ધરોહર સમી નગરી અમદાવાદ. આખા રાજ્યને પાણી પૂરું પાડવા માટે મા નર્મદા ઉપર અડીખમ ઊભો થયેલો સરદાર સરોવર ડેમ અને સાબરમતીના તીરે ઊભેલો ગાંધીઆશ્રમ, દેશ આખાને શાંતિ અને સમૃદ્ધિ માટે નોતરતું પાટનગરનું મહાત્મા મંદિર ગુજરાતનાં ઘરેણાં છે.

કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મળીને ડબલ એન્જિનવાળી સરકાર હોય પછી ગુજરાત આજે વૈશ્વિક સ્તરે પ્રગતિનાં નવાં સોપાનો સર ન કરે તો જ નવાઈ લાગે. કોઈ ક્ષેત્ર એવું નહીં હોય કે જેમાં ગુજરાતનું અદકેરું સ્થાન ન હોય. કોરોના મહામારીમાં પણ ગુજરાતે પોતાની ઔદ્યોગિક ગતિ બરકરાર રાખી છે. ગુજરાતમાં થયેલા ઔદ્યોગિક વિકાસે દેશને વૈશ્વિક આર્થિક શક્તિ બનવા માટે ઉદ્દીપક ભૂમિકા ભજવી છે. આજે ગુજરાત દેશના જ નહીં, સમગ્ર વિશ્વના અર્થતંત્રનું ચાલક બળ બનીને ઊભરી આવ્યું છે. દેશ-વિદેશના પ્રમુખો તથા ઔદ્યોગિક સમૂહના પ્રતિનિધિઓ માટે ગુજરાત આકર્ષણનું કેન્દ્ર બનીને ઊભરી આવ્યું છે. યુરોપ, એશિયા કે પછી આફ્રિકાના દેશો હોય, તેનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન તેમ જ માળખાકીય સુવિધાઓ અને સરકારની ઈન્ડસ્ટ્રી-ફ્રેન્ડલી પૉલિસીને લીધે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફૉર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે.

ગુજરાતના વિકાસની યશોગાથા સમગ્ર વિશ્વમાં વિવિધ સ્વરૂપે ચર્ચાઈ રહી છે ત્યારે ગુજરાતના આગંણે છેલ્લા કેટલાક દિવસોમાં આવેલા મહાનુભાવોની યાત્રાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો ખ્યાલ આવશે કે, આજે ગુજરાતના વિકાસનો વૈશ્વિક સ્તરે ભારે દબદબો છે. ગુજરાત સ્થાપના દિન પહેલાંના મહિનામાં એટલે કે, એપ્રિલ-૨૦૨૨ના મહિનામાં ગુજરાતમાં વિકાસનો જબરો ધમધમાટ દેશ અને દુનિયાએ જોયો. વિશ્વના પ્રબુદ્ધો અને રાજનેતાઓએ ગુજરાતના વિકાસને દિલથી પોંખ્યો. ગુજરાતમાં રહેલી વિકાસની અપ્રતિમ સંભાવનાઓનો તાદૃશ્ય અનુભવ કર્યો.

ગુજરાત, જ્યાં નાનામાં નાના માનવીની ચિંતા જ ચિંતન છે, જેને વિશ્વઆખાનું અનુમોદન છે, એવું ગુજરાત આજે વૈશ્વિક કક્ષાએ ઝળહળે છે. ગુજરાત એક એવું રાજ્ય જ્યાં રોજ ક્ષિતિજે ઊગતો સૂરજ નવી ઊર્જા સાથે વિકાસની નવી દિશા કંડારતો આવે છે. એપ્રિલના છેલ્લા સપ્તાહમાં ગુજરાતની મુલાકાતે આવેલા મહાનુભાવોની ઉપસ્થિતિ ગુજરાતની ઉભી થયેલી આગવી ઓળખની પ્રતીતિ કરાવે છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત, યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન, મોરિશિયસના વડાપ્રધાની શ્રી પ્રવિન્દ જુગનાથ, WHOના વડા ડૉ. ટેડરોસ એધનોમે ગુજરાતની પ્રત્યક્ષ મુલાકાત લીધી અને



નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબા, બાંગલાદેશનાં વડાંપ્રધાન શ્રી શેખ હસીના, ભૂતાનના વડાપ્રધાન શ્રી લોતેય શેરિંગ વગેરે જામનગરના કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ગાંધીનગર સ્થિત શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક કક્ષાના રિયલ ટાઇમ ઑનલાઇન મોનિટરિંગ-વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. શું છે આ વિદ્યા સમીક્ષા કેન્દ્ર? આ વિદ્યા સમીક્ષા કેન્દ્ર સમગ્ર દુનિયા માટે એક આશ્ચર્ય પુરવાર થઈ શકે તેવું સામર્થ્ય ધરાવે છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગુજરાતની ૫૫ હજારથી વધુ શાળાઓના સાડા ચાર લાખથી વધુ શિક્ષકો અને દોઢ કરોડથી વધુ બાળકો માટે ઊર્જાનું કેન્દ્ર છે. વાર્ષિક ૫૦૦ કરોડ ડેટાસેટનું વિશ્લેષણ, સમગ્ર રાજ્યમાં એક જ પ્રકારનું સમયપત્રક, સમાન પ્રશ્નપત્ર, વિદ્યાર્થીઓની હાજરીમાં ૨૬ ટકા સુધીનો નોંધપાત્ર વધારો, આધુનિક વ્યવસ્થાનો લાભ દેશના મહત્તમ વિદ્યાર્થીઓને મળી શકે તેવું માળખુ અહીં ઉપલબ્ધ છે.

વડાપ્રધાનશ્રીએ આ કેન્દ્રનાં હૃદયપૂર્વક વખાણ કરતાં કહ્યું કે, ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આટલી મોટી અને અદ્યતન ટેકનિકનો ઉપયોગ દુનિયાને આશ્ચર્યચકિત કરી દેનારો છે. આ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગુજરાતભરની ૫૪ હજારથી વધુ શાળાઓ, સાડા ચાર લાખ શિક્ષકો અને દોઢ કરોડથી વધુ બાળકો માટે શિક્ષણ ઊર્જાનું કેન્દ્ર, વાઇબ્રન્ટ હબ બન્યું છે. કેન્દ્ર અને રાજ્યોની સરકારોના સંબંધિત વિભાગોના અધિકારીઓને ગુજરાતના આ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે આવવા આગ્રહપૂર્વક અનુરોધ પણ તેમણે કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેન્દ્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, બિગ ડેટા ઍનૅલિસિસ જેવી આધુનિક સુવિધાઓ થકી સુસજ્જ છે. અહીં વાર્ષિક ૫૦૦ કરોડ ડેટાસેટનું વિશ્લેષણ થાય છે. જેમાં યુનિટ ટેસ્ટ, સત્રાંત પરીક્ષા, શાળાનું ગ્રેડેશન, વિદ્યાર્થી અને શિક્ષકોની હાજરી વગેરે જેવી બાબતો અંતર્ગત સુચારુપણે કાર્યવાહી થાય છે. સમગ્ર રાજ્યમાં એક જ પ્રકારનું સમયપત્રક, સમાન પ્રશ્નપત્ર, ચકાસણી વગેરે બાબતોમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણક્ષેત્રે આ કેન્દ્ર સમગ્ર દેશમાં મોટાં પરિવર્તન લાવી શકે છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ વિદ્યા સમીક્ષા કેન્દ્ર સમગ્ર દેશને શિક્ષણ ક્ષેત્રે એક નવી દિશા બતાવશે.

તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના દિયોદર નજીક સણાદર ખાતે ૧૫૧ વીઘામાં નિર્માણ પામેલા બનાસ ડેરી સંકુલ, પોટેટો પ્રોસેસિંગ અને પ્રોડક્ટ યુનિટ તથા દૂધવાણી કૉમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM ૯૦.4)નું દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ કરાયું. વડાપ્રધાનશ્રીના હસ્તે બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. બનાસ ડેરીના ચીઝ અને વ્હે પાવડર પ્લાન્ટ વિસ્તૃતીકરણ, પાલનપુર, બનાસ ગોબર ગેસ પ્લાન્ટ અને બાયો સી.એન.જી. સ્ટેશન, દામા (ડીસા) અને ઈ- ખાતમુહૂર્તમાં નવીન ચાર ગોબર ગેસ પ્લાન્ટ - ખીમાણા, રતનપુરા (ભીલડી), રાધનપુર અને થાવર (ધાનેરા)નો સમાવેશ થાય છે. કોઠાસૂઝ અને અડગ નિશ્ચય હોય તો કોઈ કઠિનમાં કઠિન કામ પણ પાર પડી શકે તેની પ્રતીતિ બનાસકાંઠા જિલ્લાના ૪.૫ લાખ દૂધ ઉત્પાદકોએ કરાવી છે. આ ડેરીએ છેલ્લાં સાત-આઠ વર્ષમાં ઊડીને આંખે વળગે એવી અદ્ભુત કામગીરી કરી છે, જેના કારણે તે માત્ર ભારતમાં જ નહીં, પણ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ડેરી બની ગઈ છે. વિશ્વના જુદા જુદા સાત દેશોની મશીનરી આ ડેરીમાં લગાવાઈ છે. આ



પ્લાન્ટમાં ૩૦ લાખ લિટર પ્રતિદિનની દૂધની પ્રક્રિયા કરવાની ક્ષમતા છે, જે વધારીને ૫૦ લાખ લિટર પ્રતિદિન થઈ શકશે. પ્લાન્ટમાં ૧૦૦ ટન પ્રતિદિન બટર ઉત્પાદન ક્ષમતા, ૧ લાખ લિટર પ્રતિદિન આઈસક્રીમ પ્લાન્ટ, ૨૦ ટન પ્રતિદિન ખોવા તેમજ ૬ ટન પ્રતિદિન ચોકલેટ એન્રોબિંગ પ્લાન્ટની વ્યવસ્થા છે. બનાસ ડેરી સંકુલમાં સહકારી ક્ષેત્રમાં સૌપ્રથમ વાર બનાસ કૉમ્યુનિટી FM રેડિયો 90.4 સ્ટેશન ઊભું કરવામાં આવી રહ્યું છે.

આવો જ એક ઉપક્રમ જામનગર ખાતે પણ સંપન્ન થયો. WHOના વડા ડૉ. ટેડરોસ એધનોમ - મોરિશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન સંકુલનું જામનગર ખાતે ભૂમિપૂજન કર્યું. વડાપ્રધાનશ્રીએ GCTMના સફળ ક્રિયાન્વયન માટે વિશ્વભરની ટ્રેડિશનલ મેડિસિન વિદ્યાઓનું ટેક્નોલૉજીથી સંકલન, ટ્રેડિશનલ મેડિસિનના ટેસ્ટિંગ અને સર્ટિફિકેશન માટે ઈન્ટરનૅશનલ સ્ટાન્ડર્ડ ઘડવા, પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના તજજ્ઞો, નિષ્ણાતો માટે GCTM એક વૈશ્વિક મંચ બને, પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ-દવાઓના ક્ષેત્રે શોધ-સંશોધન માટે પૂરતું મૂડીરોકાણ લાવવું અને ટ્રેડિશનલ મેડિસિનથી ટ્રીટમેન્ટના પ્રોટોકોલ નક્કી કરવા એમ બહુવિધ આયામો સિદ્ધ કરવા આ કેન્દ્ર અનોખું પુરવાર થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે ભારતમાં ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપનાથી વિશ્વભરમાં પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના યુગનો પ્રારંભ થયો છે. પ્રાકૃતિક-પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓમાં વિશ્વાસ રાખનારા લોકો માટે આ કેન્દ્ર મહત્ત્વનું પુરવાર થશે. આવનારાં પચ્ચીસ વર્ષમાં ટ્રેડિશનલ મેડિસિન દુનિયાના દરેક પરિવારો માટે મહત્ત્વની બની જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

મોરિશિયસના પ્રધાનમંત્રી શ્રી પ્રવિંદ જુગનાથે જણાવ્યું કે, માનવશરીરના ઉપચાર માટે વનસ્પતિ, ખનીજો જેવા કુદરતી પદાર્થો સદીઓથી વપરાતા આવ્યા છે. જી.સી.ટી.એમ. આ માનવજ્ઞાનના સંવર્ધન માટેનું અધિકૃત અને વિશ્વસનીસ અને કેન્દ્ર બની રહેશે. તેમણે કહ્યું કે ૧૯૩૪થી મોરિશિયસમાં ભારતીય ઉપચાર પદ્ધતિઓ અમલમાં છે. ત્યાં આયુર્વેદ એક માન્ય ઉપચાર પદ્ધતિ છે.

ભારતના લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મોરિશિયસના

## ગુજરાતની મહેમાનગતિ અને વિકાસથી અભિભૂત થતા વિશ્વના રાજનેતાઓ...

**આજે વિશ્વના ખૂણેખૂણામાં વસતા ગુજરાતી બાંધવોએ પોતાની આગવી સૂઝબૂઝથી દેશ અને દુનિયામાં ગુજરાતનો ડંકો વગાડ્યો છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યા બાદ વિશ્વસમસ્તને ગુજરાતની મહેમાનગતિ અને વિકાસથી અવગત કરાવવાનો અદ્‌ભુત ઉપક્રમ આરંભ્યો છે.**

- **વર્ષ 2014થી અત્યાર સુધીમાં 10થી વધુ વિકસિત અને વિકાસશીલ દેશોના વડાઓએ ગુજરાતની મુલાકાત લીધી છે, જેમાં વર્ષ 2014માં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ.**
- **વર્ષ 2015માં ગુયાનાનાં રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ રામોતર.**
- **મોઝામ્બિકના રાષ્ટ્રપતિ શ્રી જેસિંટો, 2016માં નેપાળનાં વડાપ્રધાન શ્રી કે. પી. શર્મા.**
- **2017માં પોર્ટુગલના રાષ્ટ્રપતિ શ્રી એન્ટોનિયો કાસ્ટા, સર્બિયાનાં વડાપ્રધાન શ્રી એલેક્ઝાન્ડર વુવિક, જાપાનના વડાપ્રધાન શ્રી શિંઝો આબે.**
- **2018માં ઈઝરાયલના વડાપ્રધાન શ્રી બેન્જામિન નેતાન્યાહુ, કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો.**
- **વર્ષ 2020માં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ વગેરેનો સમાવેશ થાય છે.**
- **આ ઉપરાંત, તાજેતરમાં 2022માં જામનગરમાં ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનના શિલાન્યાસ પ્રસંગે વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ડૉ. ટેડરોસ ઓધનોમ, મોરિશિયસનાં વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ આવ્યા. બાંગલાદેશનાં વડાંપ્રધાન શ્રી શેખ હસીના, નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉઆ અને ભૂતાનના વડાપ્રધાન શ્રી લોતેય શેરિંગ વર્ચ્યુઅલી હાજર રહ્યાં હતાં.**

વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ ગુજરાત આવ્યા ત્યારે એમનું અમદાવાદ અને રાજકોટમાં યોજાયેલા ભવ્ય રોડ શોમાં સ્વાગત-સત્કાર કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઍરપોર્ટથી ઇન્દિરા બ્રિજ સુધી રોડની બંને તરફ 30થી વધુ સ્ટેજ ઉપર ગુજરાત સહિત દેશની સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જનસમૂહ ઉત્સાહભેર જોડાયો હતો. અમદાવાદ અને રાજકોટ બન્ને શહેરોમાં રસ્તાની બંને તરફ જનતાએ મોરિશિયસ અને ભારતના ફ્લેગ દર્શાવી બંને દેશના વડાપ્રધાનશ્રીનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરી રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. ગુજરાતના આતિથ્ય અને ઉત્સાહને મોરિશિયસના વડાપ્રધાનશ્રીનુ મન મોહી લીધું હતું. આ રોડ-શોના પરિણામે જગતમાં ગુજરાતની છબી વધુ ઉજ્જ્વળ બની છે.

દર વર્ષે ધનતેરસની ઉજવણી સમગ્ર મોરિશિયસમાં આયુર્વેદ દિવસ તરીકે કરવામાં આવે છે તેની ભૂમિકા પણ તેમણે આપી હતી. આ કાર્યક્રમમાં મોરિશિયસને સહભાગી કરવા બદલ તેમણે ભારત પ્રત્યે હર્ષની લાગણી વ્યકત કરી હતી.

બાંગલાદેશનાં વડાંપ્રધાન શ્રી શેખ હસીનાએ વીડિયો મેસેજના માધ્યમથી કહ્યું કે, ટ્રેડિશનલ મેડિસિન અને આધુનિક વિજ્ઞાનનો સમન્વય આરોગ્ય વિષયક નવા પડકારોનો સામનો કરી શકે છે. યુનાની, આયુર્વેદિક, હોમિયોપથિક ચિકિત્સા પદ્ધતિઓની બાંગલાદેશમાં વ્યાપકપણે ઉપયોગમાં છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ભૂતાનના વડાપ્રધાન શ્રી લોતેય શેરિંગે વીડિયો મેસેજના માધ્યમથી જણાવ્યું હતું કે, ભૂતાનની પર્વતીય ભૂમિ-પ્રાકૃતિક વનરાજીને કારણે ટ્રેડિશનલ મેડિસિનની પ્રેક્ટિસને મોટો અવકાશ ઉપલબ્ધ છે. સમગ્રતયા આરોગ્ય સુરક્ષા માટે ટ્રેડિશનલ મેડિસિન સાથે અલોપથીનું ઇન્ટિગ્રેટેડ મૉડેલ આદર્શ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબાએ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભારતદેશ નેચરલ મેડિસિનનું ગ્લોબલ હબ બનવા તરફ જઈ રહ્યું છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને ગ્લોબલ સેન્ટરની સ્થાપનાથી વિશ્વઆરોગ્યની મોટી સેવા કરવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા.

WHOના વડા ડૉ. ટેડરોસ એધનોમે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સક્ષમ નેતૃત્વ અને કમિટમેન્ટને કારણે ભારતમાં આ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું નિર્માણ શક્ય બની રહ્યું છે. આ નવું કેન્દ્ર સમગ્ર વિશ્વના આરોગ્યની કાળજી, કુદરતી ઉપચારથી લેવામાં ઉપયોગી નીવડશે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, જામનગર ખાતેનું આ કેન્દ્ર પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ માટેના આઇ.પી.આર. નિર્ધારિત કરવામાં, રિસર્ચ એન્ડ ઍનૅલિસિસ કરવામાં, વિશ્વસનીય માહિતીના સંચય અને સંવર્ધન કરવામાં, ઇનોવેશન, ટેક્નોલૉજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સનો ઉપયોગ કરવામાં મદદરૂપ થશે. આયુષ વિભાગના મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું કે, WHOએ કોરોના મહામારીના કપરા કાળ વચ્ચે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓનું વૈશ્વિક કેન્દ્ર ભારતમાં સ્થાપી વૈશ્વિક આરોગ્ય સુરક્ષાની દિશામાં મોટું પગલું ભર્યું છે.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદ ખાતે યોજાયેલ વિશાળ આદિજાતિ મહાસંમેલનમાં દાહોદ જિલ્લાના આદિવાસી બાંધવોને રૂ. ૧૮૦૯.૭૯ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ પંચમહાલ જિલ્લામાં જનસુવિધાના રૂ. ૧૫૯.૭૧ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય રેલવે દ્વારા દાહોદ વર્કશોપમાં અંદાજે રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ થનારા નવ હજાર હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો શિલાન્યાસ પણ કર્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, ભારત સરકારે જાહેર કરેલા દેશના એસ્પીરેશનલ ડિસ્ટ્રિક્ટ અલ્પ વિકસીત જિલ્લાઓમાં ગુજરાતના દાહોદ જિલ્લાનો સમાવેશ થાય છે. હવે રૂ. 20 હજાર કરોડના આ નવી મૂડી રોકાણના નવા રોકાણોથી દાહોદ જિલ્લાની કાયાપલટ થશે અને સ્થાનિક રોજગારી - સ્વરોજગારીની વિપુલતકોનું નિર્માણ છે. વડાપ્રધાનશ્રીએ દાહોદ જિલ્લામાં કુલ રૂ. ૨૧૯૬૯.૫૦ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

ગુલામી કાલખંડના લોકોમેટિવ સ્ટીમ એન્જિનના કારખાનાને હવે રૂ. ૨૦ હજાર

કરોડના ખર્ચથી આધુનિક બનાવવામાં આવી રહ્યું છે. અહીં ૯ હજાર હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમેટિવ રેલવે એન્જિન બનાવવામાં આવશે, જે મેઇક ઇન ઇન્ડિયાને ગતિ આપવાની સાથે દુનિયાના દેશોની ઇલેક્ટ્રિક રેલવે એન્જિનની માગ પૂરી કરવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરશે.

યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ભારતપ્રવાસની શરૂઆત ગુજરાતથી કરી તે પ્રત્યેક ગુજરાતી માટે ગૌરવની વાત છે. ગુજરાતની મુલાકાતે આવેલા યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને અમદાવાદમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. શ્રી બોરિસ જોન્સન હૃદયકુંજમાં ગાંધીજીની પાવનભૂમિમાં આવીને ગાંધીવિચારોથી પ્રભાવિત થયા હતા. તેમણે ગાંધીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા. હૃદયકુંજના વિવિધ ખંડો નિહાળી તેઓએ ગાંધીજીને પ્રિય એવા ચરખા પર કાંતણ કર્યું હતું અને ગાંધી આશ્રમ ખાતે આવેલી અમદાવાદ ગૅલેરીની પણ મુલાકાત લીધી હતી. યુ.કે. ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ઐતિહાસિક ગાંધી આશ્રમમાં આવેલી મીરા કુટિરની પણ મુલાકાત લીધી હતી. બ્રિટિશ લેડી મેડલીન સ્લેડ, જેઓ બ્રિટિશ નાગરિક હતાં, તેઓ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈને ગાંધી આશ્રમ આવ્યાં હતાં અને તેઓ જે કુટિરમાં રહેતાં હતાં એ કુટિરનું નામ મીરા કુટિર રાખવામાં આવ્યું છે. વિઝિટર્સ બુકમાં પોતાનો ભાવ વ્યક્ત કરતાં યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને લખ્યું કે, 'મારી ગાંધી આશ્રમની મુલાકાત અવર્ણનીય છે. અને ગાંધી આશ્રમમાં આવવાનો મારો અનુભવ પણ ખૂબ જ સારો રહ્યો. સત્ય અને અહિંસાથી દુનિયા કેવી રીતે બદલી તેનું ઉદાહરણ સમગ્ર વિશ્વને ગાંધીજીએ પૂરું પાડ્યું છે.' આ અવસરે ગાંધી આશ્રમ તરફથી 'ગાઇડ ટુ લંડન' અને 'ઓટોબાયોગ્રાફી ઑફ મીરાબહેન' એમ બે




પુસ્તકો શ્રી જોન્સનને ભેટસ્વરૂપે આપવામાં આવ્યાં હતાં.

શ્રી જોન્સને બાયોટેક યુનિવર્સિટી તથા અક્ષરધામની પણ મુલાકાત કરી. નીલકંઠ ભગવાનને જલાર્પણ પણ કર્યું. વિશ્વ, કદાચ ભારતને, તેનાં શાસ્ત્રોને, પ્રાચીન પદ્ધતિઓને અનુસરે છે અથવા કહો કે તેને અનુમોદન આપે છે. સવાલ એ છે કે આ વૈશ્વિક પ્રતિભા ગુજરાતને કેમ આટલું મહત્ત્વ આપે છે ? તો જવાબ છે, ઊડીને આંખે વળગે તેવો ગુજરાતનો વિકાસ... જન જનનો વિશ્વાસ અને પ્રત્યેક ગુજરાતી બાંધવનો નિરંતર પ્રયાસ. ગુજરાતના વિકાસના કેન્દ્રમાં સામાન્ય માનવી છે અને તેને અનુરૂપ સરકારની પ્રોત્સાહક જનકલ્યાણની નીતિઓ છે. આનાથી મોટી સ્વીકૃતિ બીજી શું હોઈ શકે ? આ સવાલમાં જ એનો જવાબ છે.

આ અરસામાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેવડિયા ખાતે યોજાયેલી જ્યુડિશિયલ કૉન્ફરન્સનો આરંભ કરાવ્યો હતો. આ કૉન્ફરન્સમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એન. વી. રમણા સહિત સુપ્રીમ અને અન્ય રાજ્યોની વડી અદાલતોના જસ્ટિસશ્રીઓ હાજર રહ્યા હતા. આ સાથે, રાષ્ટ્રીય મેળા તરીકે જાહેર થયેલા માધવપુર ઘેડના મેળામાં રાષ્ટ્રપતિશ્રીની સાથે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી જી. કિશન રેડ્ડી, ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી બિપ્લવકુમાર દેબ, સિક્કિમના મુખ્યમંત્રી શ્રી પ્રેમસિંઘ તમાંગ, મેઘાલયના મુખ્યમંત્રી શ્રી કોનરેડ સંગમા ઉપસ્થિત રહીને ગુજરાતના આંગણે એક ભારત, શ્રેષ્ઠ ભારતનાં દર્શન કર્યાં હતાં. વળી આ મેળાના સમાપન સમારોહમાં આસામના મુખ્યમંત્રી શ્રી હેમંત બિસ્વા શર્મા, કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રાજકુમાર રંજન, કેન્દ્રીય પેટ્રોલિયમ રાજ્ય મંત્રી શ્રી રામેશ્વર તેલી ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનું સતત માર્ગદર્શન ગુજરાતને મળી રહ્યું છે. નડાબેટનાં વિકાસકાર્યોનું લોકાર્પણ હોય કે સહકારી પ્રવૃત્તિઓના વિસ્તરણનાં કાર્યો હોય, ગૃહમંત્રીશ્રી નિરંતર ગુજરાતના વિકાસ માટે પ્રોત્સાહન પૂરું પાડતા રહ્યા છે. દાહોદ ખાતેના રેલવેના નવા પ્રકલ્પના ખાતમુહૂર્તમાં કેન્દ્રીય રેલવેમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, જામનગર ખાતેના ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનના પ્રારંભ પ્રસંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા અને સુરત ખાતે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી શ્રી હરદીપસિંહ પુરી તથા કેન્દ્રીય પશુપાલન અને ડેરી વિકાસમંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપીને તેમણે રાજ્યના વિકાસને બળ પૂરું પાડ્યું છે. ●

# સાંસ્કૃતિક રોડ શોમાં દેશભક્તિની ગુંજ સાથે રાસગરબાની રમઝટ

દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મોરિશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ ગુજરાતમાં પધારતાં અમદાવાદ મહાનગરપાલિકા અને રમત-ગમત સાંસ્કૃતિક વિભાગ દ્વારા આગવું સ્વાગત-સત્કાર કરાયાં હતાં. આ સ્વાગત-સત્કાર સમારોહ અંતર્ગત ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઍરપોર્ટથી ઈન્દિરા બ્રિજ સુધી રોડની બંને તરફ 30થી વધુ સ્ટેજ પર ગુજરાત સહિત દેશની સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને દેશના વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરવા માટે ભરત ભરેલી છત્રીઓએ અને દેશભક્તિનાં ગીતો સાથે રાસગરબાની રમઝટ બોલાવી હતી. સાથે ભરતનાટ્યમ્ અને કથકલી નૃત્ય પણ રજૂ થયાં હતાં. આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જનસમૂહ ઉત્સાહભેર જોડાયો હતો. રસ્તાની બંને તરફ નાગરિકો દ્વારા મોરિશિયસ અને ભારતના ધ્વજ દર્શાવી બંને દેશના વડાપ્રધાનશ્રીનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતના રાસ-ગરબાની મંડળીઓ મહેમાનો અને ઉપસ્થિત વિરાટ જનમેદનીના આકર્ષણનું કેન્દ્ર બની હતી.














ભારતના યશસ્વી
ના વરદ્ હસ્તે
बनास के 8 स्तम्भ
विकास के प्रकाश स्तम्भ
Banas Dairy

# આદિવાસી સમાજની વિરાટ જનશક્તિ આત્મનિર્ભર ભારતનું કેન્દ્રબિંદુ બનશે

ગુજરાતના વિકાસની સફરમાં રાજ્યના તમામ વર્ગનો વિકાસ થયો છે. એટલે ગુજરાતને વિકાસનું ગ્રોથ એન્જિન માનવામાં આવે છે. વિશેષ અને અનોખા રીતિ-રિવાજો અને પરંપરાઓના જતન સાથે આદિજાતિના વિકાસ માટે રાજ્ય સરકારે બીડું ઝડપ્યું છે. જિલ્લા સ્તરે અનેકવિધ આદિવાસી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

વિકાસનો પર્યાય બની ગયેલા ગુજરાતે શોષિતો, પીડિતો, વંચિતો તેમજ આદિજાતિના હિત માટે અનેક સંવેદનાસભર નિર્ણયો લઈને તેઓને વિકાસની મુખ્ય ધારામાં લાવવાના પ્રયાસો આદર્યા છે. આદિજાતિના શિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળીથી લઈને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને તેઓનો સર્વાંગી ઉત્કર્ષ કરવા માટે ઉત્તરોત્તર જોગવાઇઓ પણ કરવામાં આવી રહી છે. છેવાડાનો માનવી પણ સુખ, સુવિધા કે સમૃદ્ધિથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવામાં આવી રહી છે.

કોઈપણ સમાજનું પરિવર્તન આપોઆપ થતું નથી. દાયકાઓનાં આયોજનબદ્ધ વિકાસલક્ષી પગલાં, ખંત, નિષ્ઠાપૂર્વકની સેવા તથા ધૈર્ય તેના પાયામાં હોય છે. કોઈપણ ક્ષેત્રના વિકાસ માટે નાણાકીય જોગવાઈ પાયાની જરૂરિયાત છે અને રાજ્ય સરકારે આદિજાતિઓના સર્વાંગીણ ઉત્કર્ષ માટે ઉત્તરોત્તર નાણાકીય જોગવાઈઓમાં માતબર રકમનો વધારો કર્યો છે.

રાજ્ય સરકારે જુદી જુદી યોજના મારફતે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, રોજગાર, પીવાનું પાણી, રસ્તા, વીજળી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે. છેલ્લા બે દાયકામાં વનવાસી વિસ્તારમાં શિક્ષણના પ્રમાણમાં નોંધનીય વધારો થયો છે. આજે વનવાસી યુવક શિક્ષણ દ્વારા સરકારી તેમજ ખાનગી નોકરી મેળવી રહ્યા છે. સાથે સરકારની વિવિધ યોજના દ્વારા પોતાના ખાનગી વ્યવસાય શરૂ કરી પોતાની રોજગારી સાથે નોકરીદાતા પણ બન્યા છે.

આદિજાતિ વિસ્તારમાં રાજ્યની સંવેદનશીલ સરકાર વિવિધ યોજનાઓના પારદર્શી અમલ માટે કટિબદ્ધ રહી છે. આજે આદિજાતિ વિસ્તારમાં હૉસ્પિટલ, ૧૦૮ સેવા તેમજ આયુષ્યમાન, અમૃતમ કાર્ડ સહિતની યોજનાઓને કારણે તેમના આરોગ્ય સ્તરમાં ઘણો સુધારો થયો છે. આદિજાતિ મહિલાઓને ચિરંજીવી યોજનાના લાભ મળતા થયા છે, જેના પરિણામે માતૃ



મૃત્યુદર તથા બાળ મૃત્યુદરનું પ્રમાણ નહીંવત્ રહ્યું છે. આદિજાતિ બાળકોને સમયસર વિવિધ રસીઓ મળે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.





આજે વનવાસી વિસ્તારનાં ગામડાંઓ પાકી સડક મારફતે મુખ્ય માર્ગ સાથે જોડાયાં છે, જેના પરિણામે ગામડાંઓમાં અલગ અલગ રોજગાર, કૃષિ તથા સામજિક ક્ષેત્રે વિકાસ થયો છે. વનવાસી વિસ્તારના ઊંચા વિસ્તારોમાં પાણી તથા વીજળીની સગવડ થઈ છે. આદિજાતિની બહેનોને કેન્દ્ર સરકાર દ્વારા ઉજ્જવલા યોજના મારફતે ગૅસ કનેક્શન મળતાં મહિલાઓના આરોગ્ય પરનો ગંભીર ખતરો ટળ્યો છે. સાથે ગેસ પર રસોઈ કરવાના કારણે મહિલાઓના સમયનો બચાવ થયો છે. તાજેતરમાં દાહોદ ખાતે પ્રચંડ આદિવાસી સમુદાયના સાક્ષાત્કાર સાથે રૂ. 22 હજાર કરોડનાં વિકાસકામોની સોગાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભેટ આપી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી વિસ્તારોને મેઈક ઈન ઈન્ડિયાનું કેન્દ્રબિંદુ બનાવવાની નેમ વ્યક્ત કરતાં જણાવ્યું કે, અંબાજીથી ઉમરગામ સુધીના ગુજરાતના આદિવાસી બેલ્ટમાં પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી, સિંચાઈ જેવી પ્રાથમિક સુવિધાઓથી સંપન્ન બનાવ્યા બાદ હવે આ વિસ્તારને મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવી રહ્યો છે. દાહોદ જેવા વિસ્તારમાં રૂ. ૨૦ હજાર કરોડના મૂડીરોકાણથી આદિવાસી વિસ્તારમાં આર્થિક વિકાસનો નવો સૂર્યોદય થશે.



વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું કે, દાહોદ મેઈક ઈન ઈન્ડિયાનું સૌથી મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ગુલામી કાળખંડના લોકોમેટિવ સ્ટીમ એન્જિનના કારખાનાને હવે રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચથી આધુનિક બનાવવામાં આવી રહ્યું છે. અહીં ૯ હજાર હોર્સ પાવરના ઈલેક્ટ્રિક લોકોમેટિવ રેલવે એન્જિન બનાવવામાં આવશે, જે મેઈક ઈન ઈન્ડિયાને ગતિ આપવાની સાથે દુનિયાના દેશોની ઈલેક્ટ્રીક રેલવે એન્જિનની માગ પૂરી કરવામાં દાહોદ મહત્ત્વની ભૂમિકા અદા કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય રેલવેમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશની ઉપસ્થિતિમાં દાહોદ ખાતે યોજાયેલા વિશાળ આદિજાતિ મહાસંમેલનમાં દાહોદ જિલ્લાના આદિવાસી બાંધવોને રૂ. ૧૮૦૯.૭૯ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ પંચમહાલ જિલ્લામાં જનસુખાકારી અને જનસુવિધાના રૂ. ૧૫૯.૭૧ કરોડના વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું.





ભારતીય રેલવે દ્વારા દાહોદ વર્કશોપમાં અંદાજે રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ થનારા નવ હજાર હોર્સ પાવરના ઈલેક્ટ્રિક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિલાન્યાસ કર્યો હતો. મેઈક ઈન ઈન્ડિયા અભિયાનને સાકાર કરતા આ પ્રોજેક્ટ થકી દાહોદ અને તેની આસપાસના વિસ્તારોમાં હજારો નોકરીની તકો ઊભી થશે. વડાપ્રધાનશ્રીએ દાહોદ જિલ્લામાં કુલ રૂ. ૨૧૯૯૯.૫૦ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ભારત વિશ્વના ચુનંદા દેશો પૈકીનો એક દેશ છે કે જે ૯ હજાર હોર્સ પાવરના લોકોમોટિવ રેલવે એન્જિન બનાવે છે. દાહોદમાં આ આધુનિક રેલવે એન્જિન બનાવવાનું શરૂ થતાં આસપાસના વિસ્તારોમાં આર્થિક ગતિવિધિમાં વધારો થવાની સાથે આ મૂડીરોકાણથી હજારો યુવાનોને રોજગારીની વ્યાપક તકો મળશે. તેની સાથે, નિષ્પ્રાણ બની રહેલા દાહોદનો પરેલ વિસ્તાર પણ ધમધમતો થશે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર અને રાજ્યની સરકાર ખભેખભા મિલાવીને કામ કરી રહી છે, તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી બેલ્ટમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળી, સિંચાઈ, કૃષિ, આવાસ, ગૅસ ચૂલા જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી છે, જેના પરિણામે અનેક આદિવાસી પરિવારો આર્થિક પ્રગતિના માર્ગ પર દોડવા લાગ્યા છે. પ્રગતિ, વિકાસની નવી દિશા અમે કંડારી છે.

આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજનાના સુદૃઢ અમલીકરણ વિશે જણાવતાં શ્રી મોદીએ ઉમેર્યું કે, પાણીની સમસ્યા હોય ત્યારે તેને સૌથી વધુ સહન આપણી માતા અને બહેનોએ કરવું પડે છે. એક સમય હતો જ્યારે, પાણી માટે દર દર ભટકવું પડતું હતું, પણ હવે નલ સે જલ મિશન હેઠળ ઘરેઘરે નળમાં પાણી આપવામાં આવી રહ્યું છે. આ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતના આદિવાસી વિસ્તારોનાં ૫ લાખ ઘરોમાં નળજોડાણ આપવામાં આવ્યાં છે. દેશમાં છેલ્લાં અઢી વર્ષમાં ૬ કરોડથી પણ વધુ પરિવારોને આ

## દાહોદને રૂ. ૬૧૧.૭૯ કરોડનાં વિકાસકાર્યોનો બૂસ્ટર ડોઝ



***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્માર્ટ સિટી દાહોદમાં રૂ. ૧૭૪.૫૫ કરોડના સાત નવા પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત જિલ્લામાં જળસંચયનાં કામો, ચેકડૅમ, વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાઓ, સબસ્ટેશન, ઑક્સિજન પ્લાન્ટ સહિતનાં રૂ. ૪૩૭.૨૪ કરોડનાં વિકાસકાર્યોને પણ શરૂ કરાવ્યાં હતાં. આમ, વડાપ્રધાનશ્રીએ દાહોદ જિલ્લાને કુલ રૂ. ૬૧૧.૭૯ કરોડનાં વિકાસકાર્યોનો બૂસ્ટર ડોઝ આપી દીધો હતો.***



યોજનાનો લાભ મળ્યો છે. પાણીની મોટી સમસ્યા હલ થતાં માતાઓના આશીર્વાદ મળી રહ્યા છે.

શ્રી મોદીએ આરોગ્ય સેવાઓ અંગે જણાવતાં કહ્યું કે, હું અહીં મુખ્યમંત્રી હતો ત્યારે મને આદિવાસી વિસ્તારોમાંથી એવી રજૂઆત મળતી કે ઝેરી સાપ કરડવાના કારણે માનવમૃત્યુ થાય છે, ત્યારે અમે ૧૦૮ ઍમ્બ્યુલન્સ સેવામાં એન્ટિ-વેનમ ઇન્જેક્શનની સુવિધા પણ રખાવી હતી. હવે તેની સામે આદિવાસી ક્ષેત્રોમાં વેલનેસ સેન્ટર પણ ખૂલી રહ્યાં છે. દૂરદરાજનાં ગામોના લોકોને ઘરથી નજીક આરોગ્યલક્ષી સેવા મળી રહી છે.

આદિવાસી યુવાનો અને યુવતીઓ ડૉક્ટર, ઇજનેર બને તે માટે હું જ્યારે મુખ્યમંત્રી હતો ત્યારે આદિવાસી બેલ્ટના દરેક તાલુકામથકે વિજ્ઞાનપ્રવાહની શાળાઓ શરૂ કરાવી હતી. આજે આદિવાસી જિલ્લાઓમાં મેડિકલ કૉલેજ, ઇજનેરી કૉલેજ, નર્સિંગ કૉલેજો શરૂ કરવામાં આવી છે. આદિવાસી છાત્રો ભણીને તબીબ અને ઇજનેર બની રહ્યા છે, એટલું જ નહીં, હવે આ છાત્રો સરકારની સહાયથી વિદેશમાં પણ અભ્યાસ કરી રહ્યા છે, તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે, આદિવાસી વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મળે તેની ચિંતા કરી દેશમાં ૭૫૦ એકલવ્ય મૉડેલ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. સાત દાયકા પૂર્વે દેશમાં માત્ર ૧૮ આદિવાસી સંશોધન કેન્દ્રો

## દાહોદને સ્માર્ટ બનાવવા રૂ.૧૭૪ કરોડના સાત પ્રોજેક્ટ



*ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં નગરપાલિકા હોવા છતાં દાહોદનો સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત રૂ. ૧૭૪.૫૫ કરોડના સાત નવા પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો. સ્માર્ટ સિટીના આ સાત પ્રોજેક્ટમાં રૂ. ૬.૩૩ કરોડનો વૉટર સ્કાડા પ્રોજેક્ટને આઈસીસીસી-આઈટી પ્રોજેક્ટ સાથે સંકલિત કરવામાં આવશે. તેનાથી પાણીનો વ્યય અટકશે અને કાર્યક્ષમતા વધશે. સ્માર્ટ સિટી અંતર્ગત રૂ. ૧૮.૭૮ કરોડના ખર્ચે નગરપાલિકાના ગ્રીન બિલ્ડિંગ ભવનમાં અત્યાધુનિક સુવિધાઓ છે. ટ્રાયબલ મ્યુઝિયમમાં રૂ. ૧૫.૬૭ કરોડ ખર્ચે એક્ઝિબિશન હૉલ, એમ્ફી થિયેટર, કાફેટેરિયા, સોલર પ્લાન્ટ, આદિવાસી સમાજની સંસ્કૃતિ દર્શાવાશે. સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૬૪.૯૧ કરોડના ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનું રમતગમત સંકુલ ઊભું કરાશે, જ્યાં ફિફા સ્તરનું ફૂટબૉલ ગ્રાઉન્ડ, ઍથ્લેટિક ટ્રેક જેવી આઉટડોર ગેમ સહિત ઑલિમ્પિકનો સ્વિમિંગ પૂલ તૈયાર કરાશે. સ્માર્ટ સિટીનો આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. દાહોદમાં રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે બે પુસ્તકાલયોનું નિર્માણ કરાશે તેમજ નગરમાં રૂ. ૧૮.૬૧ કરોડના ખર્ચે બે પ્રાથમિક શાળાઓ તૈયાર કરાશે. તદઉપરાંત સ્માર્ટ સિટીમાં ટ્રક ટર્મિનલ અને ઍનિમલ શેલ્ટર પ્રોજેક્ટ શરૂ કરાયો હતો.*

હતાં, તેની સાપેક્ષે માત્ર છેલ્લાં સાત વર્ષમાં ૯ સંશોધન કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સિકલસેલ એનિમિયાની ગંભીર સમસ્યા છે. તેની સૌથી વધુ અસર યુવાનો ઉપર થાય છે. આ બીમારી સામે લડવા માટે વૈજ્ઞાનિકો સંશોધનો કરી રહ્યા છે. એ દિશામાં કામગીરી પણ રાજ્ય સરકાર કરી રહી છે.

તેમણે જણાવ્યું કે, આદિવાસી ક્ષેત્રના ખેડૂતો હવે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. અહીંનાં પ્રાકૃતિક ખેતઉત્પાદનો મોટાં શહેરોમાં વધુ કિંમતથી વેચાઈ રહ્યાં છે, જેના પરિણામે ખેડૂતોની આવક વધી છે. એક સમય હતો જ્યારે દાહોદની ફૂલની ખેતી ખૂબ જ વખણાતી હતી. દાહોદનાં ફૂલો છેક મુંબઈ સુધી જતાં અને ત્યાં આ ફૂલોથી પૂજાબંદગી થતી હતી. હવે તેના સ્થાને પ્રાકૃતિક ખેતી કૃષિકારો અપનાવી રહ્યા છે.



વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. સાત દાયકા સુધી આઝાદીના મૂળ લડવૈયાઓની અવગણના કરવામાં આવી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય

## દેવગઢ બારિયાના ઉચવાણ ગામે એનિમલ કેર સેન્ટર જન સમર્પિત

*ગુજરાત સરકાર સંવેદના સાથે કામ કરે છે. માનવ હોય કે પશુ-પ્રાણી, તેમની વેદનાને સંપૂર્ણ સંવેદનાથી નિર્મૂળ કરવા કામ કરે છે. વન્ય પ્રાણીઓનાં માણસો સાથેનાં ઘર્ષણ અટકાવવા તેમજ તેમના બચાવ-સારવાર માટે દેવગઢ બારીયાના ઉચવાણ ગામે રૂ. ૪૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલા ઍનિમલ કૅર સેન્ટરનું વડાપ્રધાનશ્રીએ દાહોદના ખરોડથી શરૂ કરાવ્યું હતું. આ સેન્ટર રૂ. ૪૫ લાખના ખર્ચે તૈયાર કરાયું છે. ગુજરાત રાજ્યમાં દીપડાની વસ્તીની દૃષ્ટિએ દાહોદ બીજા નંબરે છે અને તેની વસ્તી વધીને ૧૪૩ થઈ છે. વન્ય પ્રાણી દ્વારા માનવઘર્ષણ ઘટાડવાના હેતુનાં નિવારાત્મક પગલાંના ભાગરૂપે ઉચવાણ ગામે જંગલ ઍનિમલ કૅર સેન્ટર બનાવવામાં આવ્યું છે. ઍનિમલ કૅર - સેન્ટર બનવાથી દાહોદ જિલ્લામાં કોઈ પણ સ્થળે વન્ય પ્રાણી દીપડાનું મૃત્યુ થાય અથવા ઈજા થાય તેવા સંજોગોમાં ઍનિમલ કૅર-સેન્ટર ઉચવાણ ખાતે લાવી સારવાર તેમજ મૃત્યુના સંજોગોમાં પોસ્ટમૉર્ટમ કરી શકાય.*



## બાવકા સબસ્ટેશનનું લોકાર્પણ અને ઘોડિયા સબસ્ટેશનનું ખાતમુહૂર્ત

*વીજળી એ પાયાની નાગરિક સુવિધાઓમાંની એક છે ત્યારે નાગરિકોને પૂરતા દબાણ સાથે ગુણવત્તાસભર વીજળી મળી રહે એ પણ ખૂબ જરૂરી છે. દાહોદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ખરોડમાં બાવકા સબસ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. આ સબસ્ટેશનથી આસપાસનાં ૬ ગામોના ૪૮૫૧ નાગરિકોને ખેતીવાડી, રહેઠાણ તેમજ ઔદ્યોગિક જરૂરિયાત માટેની વીજળી સંતોષકારક રીતે મળી રહેશે. ૬૬ કેવી બાવકા સબસ્ટેશન રૂ. ૪.૬૮ કરોડને ખર્ચે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કૉર્પોરેશન લિ. દ્વારા તૈયાર કરાયું છે. તેની કુલ ક્ષમતા ૩૦ એમવીએ છે. તદ્ઉપરાંત, ઝાલોદના ઘોડિયા ખાતે ૬૬ કેવી ઘોડિયા સબસ્ટેશનનું ખાતમુહૂર્ત પણ તેમણે કર્યું હતું. આ સબસ્ટેશનથી ૨૭ કિમી વિસ્તારમાં આવેલા ૫૬૫૩ નાગરિકોને ગુણવત્તાપૂર્ણ વીજપુરવઠો પૂરો પાડી શકાશે. કુલ ૪૯૦૦ ચોમી જમીન ઉપર તૈયાર થનારું આ સબસ્ટેશન રૂ. ૫.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરાશે. તે તૈયાર થતાં ઝાલોદના ૨૫ ગામોને પૂરતી વીજળી મળી રહેશે.*





સંગ્રામમાં જૂના પંચમહાલના આદિવાસીઓ અંગ્રેજો સામે લડતાં લડતાં ખપી ગયા હતા. માનગઢ હત્યાકાંડ તો જલિયાંવાલા બાગ કરતાં પણ ભયાનક હતો. ગોવિંદ ગુરુ અને તેમના અનુયાયીઓની અંગ્રેજો દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આવા અનેક આદિવાસી સ્વાતંત્ર્ય વીરોને ઉચિત સન્માન આ સરકારે બક્ષ્યું છે. માનગઢમાં ગોવિંદ ગુરુનું સ્મારક, રાંચીમાં ભગવાન બિરસા મુંડાનું સંગ્રહાલય બનાવાયું છે, જે ભાવિ પેઢીને ઇતિહાસબોધ આપતું રહેશે.

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે શિક્ષણજગતને આહ્વાન કરતાં શ્રી મોદીએ કહ્યું કે, આવા અનેક અનામી સ્વાતંત્ર્ય વીરોની ગાથા રજૂ કરતાં કાવ્યો, નાટકો, ગીતો લખવામાં આવે અને તેનું મંચન કરવામાં આવે. આ કરવાથી ભાવિ પેઢીને આ સેનાનીઓના યોગદાનની જાણકારી મળશે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પૂર્વ પટ્ટીના આદિવાસી જિલ્લાઓમાં ૭૫ મોટાં તળાવો બનાવવાનું બીડું ઉઠાવવા હાકલ કરી હતી, જેનાથી ચોમાસામાં વહી જતાં જળનો સંગ્રહ કરી શકાશે. ખાસ કરીને આજના યુવાનો જ્યારે દેશની આઝાદીના શતાબ્દી કાળે આ તળાવો થકી પોતાનું યોગદાન અંકિત કરી શકશે.

કોરોના મહામારી અને બીજી તરફ વૈશ્વિક અશાંતિ વચ્ચે પણ દેશ મક્કતાપૂર્વક આગળ વધી રહ્યો છે, તેમ કહેતાં શ્રી મોદીએ ઉમેર્યું કે, કોરોના મહામારીમાં મારા ગરીબ, આદિવાસી, દલિત અને પછાત વર્ગના લોકોના ઘરના ચૂલા સળગતા રહે એ માટે સરકાર દ્વારા છેલ્લાં બે વર્ષથી ૮૦ કરોડ ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ આપવામાં આવી રહ્યું છે. ગરીબોની જઠરાગ્નિ તૃપ્તિનો વિક્રમી યજ્ઞ છે.

જ્યાં રહીએ તે સ્થાનનો પ્રભાવ જીવનમાં આવે છે, આ ઉક્તિ કહેતાં શ્રી મોદીએ કહ્યું કે, મારા પ્રારંભિક જાહેર જીવનમાં આદિવાસી વિસ્તારમાં ખૂબ જ પ્રવાસ રહ્યો છે. આદિવાસીઓ વચ્ચે રહી તેમની સમસ્યા ઓળખી છે. આદિવાસીઓનું જીવન નજીકથી જોયું છે. આદિવાસીઓ પાણી જેવા પવિત્ર અને કૂંપળ જેવા સૌમ્ય હોય છે. આ સમાજે મને ઘણું શીખવાડ્યું છે. તેમના આશીર્વાદ મને સતત મળતા રહે છે. હું મુખ્યમંત્રી હતો ત્યારે પણ આટલી વિશાળ સભા જોઈ નહોતી. આ વિરાટ જનસાગરનાં દર્શન કરવાં મારું સૌભાગ્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ શ્રી સી. આર. પાટીલે કમાલ કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, દાહોદમાં

## આદિજાતિ મહાસંમેલનની સાથે-સાથે...

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય રેલવેમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, ગુજરાતના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, જિલ્લા કલેક્ટર શ્રી હર્ષિત ગોસાવી સહિતના મહાનુભાવોએ દાહોદ હેલિપૅડ ખાતે વડાપ્રધાનશ્રીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.
- વડાપ્રધાનશ્રી સ્ટેજ પર આવતાં સમગ્ર સભામંડપમાં ઉત્સાહ અને જોશનું વાતાવરણ છવાઈ ગયું હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્ટેજ પર ઉપસ્થિત આદિજાતિ મંત્રીશ્રીઓ-સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ દ્વારા પરંપરાગત આદિવાસી કોટી-પાઘડી, ચાંદીનાં કડાં-કંદોરા, ભોરિયાં પહેરાવી, તીર-કામઠા ભેટ આપી અનોખું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- દાહોદ જિલ્લામાં ખરોડ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલા આદિજાતિ મહાસંમેલનમાં ૨ લાખથી વધુ સંખ્યામાં માનવમહેરામણ ઊમટ્યો હતો.
- ગુજરાતની પૂર્વ પટ્ટીના દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, મહીસાગર જિલ્લાના આદિવાસી બાંધવોમાં આ સંમેલનને લઈને અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો.
- કાર્યક્રમમાં આદિવાસી બાંધવોના વિકાસ અર્થે સરકાર દ્વારા લેવાયેલાં પગલાંઓ દર્શાવતી લઘુફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાનશ્રીની મુલાકાતના પગલે કાર્યક્રમ સ્થળે પોલીસ દ્વારા અસરકારક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને સઘન ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવતો હતો.

સૂર્યદેવનું પ્રથમ કિરણ પ્રવેશે છે, જે સમગ્ર ગુજરાત ઝળહળતું કરે છે. તે બહુધા આદિવાસી પંથક દાહોદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રૂ. ૨૧ હજાર કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટથી ઝળહળી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ પોતાના યશસ્વી નેતૃત્વથી દુનિયા સમક્ષ વિકાસ કોને કહેવાય અને વિકાસ કેવો હોય તેનું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે ઉમેર્યું કે, અગાઉની સરકારના સમયે આદિવાસી બાંધવો માટે ૨૨ વર્ષમાં માંડ રૂ. ૨૨૬૭ કરોડનું એટલે વાર્ષિક રૂ. ૧૦૦ કરોડ બજેટ રહેતું હતું, જ્યારે આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વ, સંકલ્પ અને માર્ગદર્શનમાં છેલ્લા બે દાયકામાં રૂ. ૧ લાખ કરોડથી વધુનાં વિકાસકાર્યો સંપન્ન કરાયાં છે, જ્યારે આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં હજુ રૂ. ૧ લાખ કરોડનાં વિકાસકામોની ભેટ ધરાશે.

તેમણે જણાવ્યું કે, આદિવાસી બાંધવોને તમામ પાયાની સુવિધા મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ આદિવાસી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મળે તેના માટેનાં દ્વાર રાજ્ય સરકારે ખોલી નાખ્યાં છે. મેડિકલના શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણની આદિવાસી



યુવાનોને ઘરઆંગણે તક મળી છે. ઑનલાઇન શિક્ષણનો લાભ પણ આદિવાસી યુવાનો મેળવી શકે તે માટે રૂ. ૧૧૧ કરોડનું

## મહીસાગરનાં નીર પહોંચશે છેક દાહોદનાં અંતરિયાળ ગામો સુધી



*રાજ્ય સરકાર દ્વારા અહીંના અંતરિયાળ આદિવાસી જિલ્લાઓનાં ૨૮૭ ગામોની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આણતી કડાણા ડૅમ આધારિત પાણીપુરવઠા યોજનાનું પાણીદાર આયોજન કરાયું છે. આગામી ૩૦ વર્ષ સુધી પણ વસ્તીનો ગુણાંક બદલાશે, પરંતુ પાણીની કોઈ સમસ્યા નહીં રહે તેવું સચોટ આયોજન રાજ્ય સરકાર દ્વારા કરાયું છે. આ યોજનાનું અમલીકરણ પૅકેજીસથી કરવામાં આવશે, જે અંતર્ગત પ્રથમ તબક્કામાં કડાણા બલ્ક પાઈપલાઈનનાં કામો હાથમાં લેવાયાં છે, જે પૈકી વડાપ્રધાનશ્રી દ્વારા પ્રથમ પૅકેજનાં કામોનો પ્રારંભ કરાવશે. રાજ્ય સરકાર દ્વારા કડાણા ડૅમ આધારિત આ યોજના અંદાજે રૂ. ૪૦.૪૨ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે તેમજ પાટાડુંગરી જૂથ પાણીપુરવઠા યોજના રૂ. ૧૨૩.૮૮ કરોડને ખર્ચે સાકાર કરાશે. ઝાલોદ ઉત્તર જૂથ પાણીપુરવઠા યોજના રૂ. ૪૮.૭૦ કરોડના ખર્ચે સંપન્ન કરાશે, જ્યારે ઝાલોદ દક્ષિણ જૂથ પાણીપુરવઠા યોજના રૂ. ૯૪.૫૫ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે. રાજ્ય સરકાર દ્વારા મહીસાગર નદી પરના કડાણા જળાશય આધારિત દાહોદ અને મહીસાગર જિલ્લાના ૭ તાલુકાનાં ૨૮૭ ગામો માટેની કડાણા ડૅમ આધારિત વિવિધ પાંચ બલ્કલાઈન યોજનાઓ તેમજ તે આધારીત ૧૦ વિવિધ જૂથ યોજનાઓનાં કામો માટેનું નક્કર આયોજન કરાયું છે. આ યોજના થકી ૧૩.૦૫ લાખ વસ્તી માટે દૈનિક ૧૩ કરોડ લિટર શુદ્ધ પાણી વિતરણ માટેનું આયોજન કરાયું છે. કલેક્ટર ડૉ. હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, આ યોજના થકી દાહોદના ફતેપુરાનાં ૮૪ ગામો, ઝાલોદનાં ૭૬ ગામો, સંજેલીનાં ૧૭ ગામો, લીમખેડાનાં ૪૨ ગામો, સીંગવડનાં ૧૯ ગામો, દાહોદ તાલુકાનું ૧ ગામ મળી જિલ્લાનાં કુલ ૨૩૯ ગામોની ૧૧.૩૨ લાખની વસ્તી માટે ૧૧.૩૨ કરોડ લિટર પાણી દૈનિક ધોરણે પૂરું પડાશે. આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાનાં ૪૮ ગામોની ૧.૭૩ લાખ વસ્તી માટે દૈનિક ૧૭૩ કરોડ લિટર પાણી દૈનિક ધોરણે આપી શકાશે. ઉક્ત તમામ યોજનાઓમાં ૩ નવીન જૂથ યોજનાઓ અંતર્ગત ૪૨૭ કિમી પાઈપલાઈન, ૧૧૨ ગ્રામ્ય કક્ષાના સમ્પ તેમજ ૬૦ ઊંચી ટાંકીઓ બનાવવામાં આવશે.*



નેટવર્ક ઊભું કરાશે તેનું પાકું આયોજન રાજ્ય સરકારે કર્યું છે.

તેમણે ઉમેર્યું કે, સર્વે સન્તુ નિરામયાના આદર્શોને ચરિતાર્થ કરતા રાજ્ય સરકાર આદિવાસી વિસ્તારની આરોગ્ય સુખાકારી માટે ૨૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૮૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો પ્રારંભ કરશે તેમજ ૧૭૫ ઍમ્બ્યુલન્સ રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારના આરોગ્ય કલ્યાણ માટે ભેટ આપી છે.

તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારે અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પાયાનાં વિકાસકાર્યો પહોંચતાં કર્યાં છે. નળથી જળ યોજના થકી પાંચ લાખ ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી હવે પહોંચતું થયું છે. આદિવાસી વિસ્તારોમાં ૬ લાખ પરિવારો માટે પાકા આવાસો બનાવાયા છે.

તેમણે જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે આદિવાસી સ્વાતંત્ર્ય વીરોનાં ત્યાગ અને બલિદાનોના સન્માનમાં નર્મદાના ગરુડેશ્વર ખાતે રૂ. ૧૩૭ કરોડના ખર્ચે નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમની સ્થાપના કરાશે. વિકાસ માટે આદિવાસી સમાજ કોઈનો મોહતાજ ના રહે તેવા દૃઢ નિર્ણયો કરી આદિવાસી ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ દ્વારા આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારતની વડાપ્રધાનશ્રીની સંકલ્પનાને સાકાર કરવામાં આવશે. આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાતના આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવી તેમના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના ૨૦૦૭ માં અમલમાં મૂકી હતી અને હવે આ યોજના હેઠળ રૂ. એક લાખ કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. કોરાનાની મહામારીના સમયે કોઈ ગરીબ ભૂખ્યો સૂએ નહીં તેની દરકાર લઈ શ્રી નરેન્દ્રભાઈએ વિનામૂલ્યે અનાજ આપવાનું શરૂ કર્યું છે. તેનાથી આદિવાસી સમાજને બહુ ફાયદો થયો છે.

આ દિવસ આદિવાસીઓ માટે સુવર્ણ અક્ષરે લખાશે એવી લાગણી વ્યક્ત કરતાં આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓની સમસ્યાઓને વાચા આપી પીએમ આવાસ યોજના હેઠળ નિર્માણ થતા આવાસો મહિલાઓને નામે કરી મહિલા શક્તિનું સન્માન કરી મહિલાઓને તેમના અધિકારો આપવાનું કાર્ય કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ પ્રારંભે વિવિધ યોજનાના લાભાર્થી એવા આદિવાસી બાંધવો સાથે સ્નેહસભર સંવાદ સાધ્યો હતો અને સરકારની યોજનાઓના લાભ થકી તેમના જીવનમાં આવેલા ગુણાત્મક પરિવર્તન અંગેની માહિતી મેળવી હતી. આ સંવાદ દરમિયાન આદિવાસી સમાજના લાભાર્થીઓના ચહેરા ઉપર આનંદ અને આંખોમાં વડાપ્રધાનશ્રી પ્રત્યેની લાગણી સ્પષ્ટ જોવા મળતી હતી.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવેમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શના જરદોશ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, રાજ્ય મંત્રીમંડળના સદસ્યો સર્વ શ્રી જિતુભાઈ ચૌધરી, કુબેરભાઈ ડિંડોર, સાંસદ સર્વશ્રી પ્રભુભાઈ વસાવા,

- **વડાપ્રધાનશ્રીએ પોતાના વક્તવ્યની શરૂઆત હિન્દીમાં કરી હતી. સમગ્ર વક્તવ્ય દરમિયાન અનેક વાર શ્રોતાજનોએ હર્ષધ્વનિ કર્યો હતો.**
- **આદિવાસી બાંધવો પરંપરાગત વેશભૂષામાં આ મહાસંમેલનમાં સહભાગી થયા હતા.**
- **કાર્યક્રમ પૂર્વે સમગ્ર દાહોદ શહેરમાં વડાપ્રધાનશ્રીનું સ્વાગત-અભિવાદન કરતાં પોસ્ટર્સ-હોર્ડિંગ્સ લાગ્યાં હતાં.**
- **વડાપ્રધાનશ્રીના આગમન પૂર્વે યોજાયેલા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાકારોના કંઠ અને સાજિંદાઓના તાલે કલાનાં કામણ પાથર્યાં હતાં.**
- **જાણીતા ગાયક કલાકારો દ્વારા પ્રસ્તુત 'મન મોર બની થનગનાટ કરે', 'અમે ગુજરાતી' સહિતનાં લોકગીતો-ભજનના તાલે ઉપસ્થિત જનમેદની ઝૂમી ઊઠી હતી.**
- **કાર્યક્રમમાં મીરાખેડી-દાહોદના કલાકારો દ્વારા તલવાર નૃત્ય, ડાંગ જિલ્લાના કલાકારો દ્વારા ડાંગી નૃત્ય, છોટા ઉદેપુરના કલાકારો દ્વારા તીર-કામઠાં અને રંગબેરંગી રૂમાલો સાથે આદિવાસી રાઠવા નૃત્ય, નર્મદા જિલ્લાના કલાકારો દ્વારા આદિવાસી વસાવા હોળી નૃત્ય તેમજ કથ્થક નૃત્યની પ્રસ્તુતિએ આકર્ષણ જનમાવ્યું હતું.**
- **સ્ટેજ પરથી હાથ હલાવી ઉપસ્થિત જનતાનું અભિવાદન કરતાં જ સમગ્ર સભામંડપમાં 'ભારત માતા કી જય', 'વંદે માતરમ', 'મોદી સાબ તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ' જેવા નારાઓ સાથે ઉમળકાભેર પ્રતિસાદ આવ્યો હતો.**

રતનસિંહ રાઠોડ, શ્રીમતી રંજનબહેન ભટ્ટ, રમીલાબહેન બારા, મનસુખભાઈ વસાવા, કે. સી. પટેલ, ગીતાબહેન રાઠવા, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યો, પદાધિકારીશ્રીઓ મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, વરિષ્ઠ સચિવો, અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં આદિવાસી માનવમહેરામણ ઉપસ્થિત રહ્યો હતો.

આદિવાસી સમાજ મહત્તમ પ્રગતિશીલ બની રહે તે દિશામાં મહત્ત્વાકાંક્ષી યોજનાઓને આવરી લઈ આદિજાતિ સમાજના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતે આદિજાતિના પ્રગતિશીલ વિકાસની ઉચ્ચ સંકલ્પબદ્ધતા જાળવી રાખી છે. અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર વનવાસી વિસ્તારમાં સુખાકારી-સુવિધાઓ વધારવાની તથા વિવિધ વિકાસકામોની શૃંખલા અવિરત રીતે આગળ વધી રહી છે.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દાહોદ ખાતેની મુલાકાત દરમિયાન તેમણે કરેલા વિકાસકાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યા તેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.**

## મહાનગરોથી વધુ સુવિધા દાહોદને ICCC-IT પ્રોજેક્ટથી મળશે

આઈસીસીસી-આઈટી (ICCC-IT) પ્રોજેક્ટ દાહોદને સ્માર્ટ સિટી તરીકે એક નવા સ્તરે લઈ જતો અને મહાનગરોમાં પણ ન જોવા મળતી અત્યાધુનિક સુવિધાઓ પ્રદાન કરતો એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. નગરને સુરક્ષિત તેમજ સુવ્યવસ્થિત કરતા ચોતરફ લાગેલા ૩૬૦ કેમેરાઓ, સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ, ટેલી-મેડિસિન થકી સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોની ઑનલાઇન સેવાઓ, નગરમાં સ્વચ્છતાનું ઑનલાઇન મોનિટરિંગ, પ્રદૂષણ સામે લાલબત્તી ધરતા સ્માર્ટ પોલ, પબ્લિક ઍડ્રેસિંગ સિસ્ટમ, કટોકટીમાં ફસાયેલા નાગરિકો માટે સંકટમોચક બનતું ઇમરજન્સી કૉલબૉક્સ જેવી સુવિધાઓ આપતા રૂ. ૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન આ પ્રોજેક્ટનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ કર્યું હતું.

## સ્માર્ટ વૉટર મેનેજમેન્ટથી પાણીની સમસ્યા ઉકેલાશે



દાહોદને પાણીદાર જળવ્યવસ્થાપન આપતા બે પ્રોજેક્ટો તેમજ નગરના કચરાના યોગ્ય નિકાલ માટેના વેસ્ટમાંથી બેસ્ટ મેળવી આપતા બે પ્રોજેક્ટોને વડાપ્રધાનશ્રીએ જનસમર્પિત કર્યા હતા. આ પ્રોજેક્ટ્સથી સ્માર્ટ સિટીના રેઇન વૉટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ થકી ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે તેમજ સ્ટ્રૉમ વૉટર ડ્રેનેજ પ્રોજેક્ટ અંતર્ગત ૧૩૦ કિ.મી.ના નેટવર્ક પાથરીને વરસાદી પાણીને વહી જતું બચાવીને દાહોદનાં જળાશયોને રિચાર્જ કરાશે. સિવરેજ (ભૂર્ગભ ગટર યોજના) પ્રોજેક્ટ તેમજ સૉલિડ વેસ્ટ કલેક્શન પ્રોજેક્ટ થકી સ્વચ્છ દાહોદની સંકલ્પના સાકાર થશે.



## હાફેશ્વર યોજના થકી ૩૪૩ ગામ અને બે નગરને પાણી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં દાહોદના ખરોડથી હાફેશ્વર યોજનાને જનસમર્પિત કરી હતી. નર્મદા નદીનાં નીરને છોટા ઉદેપુરના હાફેશ્વર પાસેથી દાહોદના દક્ષિણમાં આવેલા છેક છેવાડાનાં ૨૮૫ ગામ અને એક નગર સુધી પહોંચતાં કરવામાં આવ્યાં છે. તદ્ઉપરાંત, આ યોજનાથી છોટા ઉદેપુરનાં ૫૮ ગામો અને ૧ નગરને શુદ્ધ પાણી મળ્યું છે. રાજ્ય સરકારના આ મેગા પ્રોજેક્ટ - હાફેશ્વર યોજના થકી આદિજાતિ વસ્તી ધરાવતાં કુલ ૩૪૩ ગામો તેમજ બે નગરની ૧૨.૪૮ લાખની વસ્તીની પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું છે. હાફેશ્વર યોજના અંતર્ગત બલ્ક પાઈપલાઈન તેમજ તે આધારિત ૧૨ જૂથ પાણીપુરવઠા યોજનાઓને ૧૧ પૅકેજોમાં વિભાજિત કરી રૂ. ૮૩૯.૮૭ કરોડના ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

## મીરાખેડીમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદના ખરોડથી વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ કર્યાં હતાં. દાહોદના મીરાખેડીમાં રૂ. ૨.૯૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રને પણ તેમણે જનસેવામાં સમર્પિત કર્યું હતું. આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમૉર્ટમ રૂમ, કંપાઉન્ડ વૉલ, આરસીસી રોડ તેમજ મોટર સાથેના બોરની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત કોવિડ મહામારીની વિકટ પરિસ્થિતિનો સામનો કરવા ૩૩ સેન્ટ્રલ ઑક્સિજન લાઈન પણ નાખવામાં આવી છે, જેથી કરીને દર્દીઓને આરોગ્ય કેન્દ્ર ખાતે જ ઑક્સિજન સહિતની તમામ આરોગ્ય સુવિધાઓ મળી રહે. સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્યલક્ષી તમામ સુવિધાઓ નાગરિકોને અપાઈ રહી છે. કતવારા સી.એચ.સી. ખાતે સિઝેરિયન ડિલિવરી તથા સ્ત્રીરોગને લગતાં ઑપરેશન કરવામાં આવે છે.



## PMના વિચારને વધાવી શાળાઓએ ઊજવ્યો જન્મદિવસ



વડાપ્રધાનશ્રીએ અમદાવાદમાં ગુજરાત પંચાયત મહાસંમેલનને સંબોધતાં ગુજરાતની શાળાઓના સ્થાપના દિવસને જન્મદિવસ તરીકે ઊજવવાનો વિચાર વ્યક્ત કર્યો હતો. આ વિચારનું અમલીકરણ કરતાં દાહોદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓએ શાળાના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરી હતી. પ્રભાતફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગ્રામજાગૃતિ, સફાઈ અભિયાન થકી દિનવિશેષની ઉજવણી બાળકો દ્વારા કરવામાં આવી હતી. શાળા કક્ષાએ યોજાયેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તમામ બાળકોએ અભૂતપૂર્વ ઉત્સાહથી ભાગ લીધો હતો. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનાં શાળાસમયનાં સંસ્મરણો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી જીવનમાં ભણતરનું શું મહત્ત્વ છે તે પરત્વે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ●

# 'એસ્પીરેશનલ' દાહોદ જિલ્લો વિકાસની દિશામાં મક્કમ પગલે આગળ વધે છે...










દેશમાં જે જિલ્લાઓનો ઓછો વિકાસ થયો છે અથવા ધીમો વિકાસ થયો છે એ જિલ્લાઓમાં રોજગાર સ્વરોજગાર - મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્ડસ્ટ્રીઝ શાળા, બાગ - બગીચા, શિક્ષણ રસ્તાઓ, ઉદ્યોગો, લઘુઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, આરોગ્ય સેવાઓ, ખેતી, આર્થિકવિકાસ, કૌશલ્ય વિકાસ પૂરતા પ્રમાણમાં થયો નથી, એવા જિલ્લાઓને ભારત સરકારે અલગ તારવી ને એને એસ્પીરેશન ડીસ્ટ્રીક્ટ તરીકે સૂચવ્યા છે એટલે આ જિલ્લા અલ્પ વિકસિત જિલ્લા છે. આવા જિલ્લા ઉપર વિશેષ ફોકસ કરી ત્યાંના યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને નાગરિકોનો સમગ્રતયા વિકાસ કરી તેમને વિકાસની મુખ્યધારામાં લાવવાનો વિશેષ પ્રયત્ન ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આ જિલ્લાઓ પૈકી ગુજરાતના દાહોદ જિલ્લાનો પણ ભારત સરકારે એસ્પિરેશનલ જિલ્લામાં સમાવેશ કર્યો છે.

જાન્યુઆરી, ૨૦૧૮માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલા એસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામનો મુખ્ય હેતુ દેશભરનાં ૧૧૨ અલ્પ વિકસીત જિલ્લાઓને ઝડપથી અને અસરકારક રીતે વિકસીત જિલ્લાઓમાં પરિવર્તિત કરવાનો છે. એસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામનો મુખ્ય આશય સાતત્યપૂર્ણ વિકાસના લક્ષ્યાંકોને સ્થાનિક કક્ષાએ અમલમાં મૂકી રાષ્ટ્રના વિકાસ તરફ આગળ વધવાનો છે.

આ કાર્યક્રમ અંતર્ગત દરેક જિલ્લાના સામર્થ્યને ધ્યાનમાં રાખી ત્વરિત સુધારા માટે પગલાંઓ અને તેને સલગ્ન પ્રગતિનું મૂલ્યાંકન કરી પ્રતિ માસ ક્રમાંક આપવામાં આવે છે. આરોગ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ અને જળ સંસાધનો, નાણાકીય સંકલન, કૌશલ્યવર્ધન અને માળખાગત સુવિધા સહિત ૪૯ ચાવીરૂપ માપદંડોને આધારે રેન્કિંગ સુનિશ્ચિત થાય છે.

'સબ કા સાથ સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ, સબ કા પ્રયાસ'ના મંત્ર સાથે સરકાર તેના નાગરિકોની જીવનશૈલીને વધુ

ઊંચાઇએ લઇ જવા પ્રતિબદ્ધ છે. આ કાર્યક્રમનો આશય લોકો વિકસીત થતા અર્થતંત્રમાં સક્રિય રીતે ભાગીદાર થાય તે છે. સ્પર્ધાત્મક અને સહકારી સમવાયીતંત્રની ભાવના સાથે દરેક જિલ્લાને રાજ્યમાં તેમજ સ્વ મૂલ્યાંકન અને પ્રતિયોગિતા થકી સમગ્ર દેશમાં શ્રેષ્ઠતા પુરવાર થાય તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ ઝડપી વિકાસ માટે નીતિ આયોગ સંબંધિત મંત્રાલયો અને ડેવલપમેંટ પાર્ટનર સાથે સંકલિત છે અને કાર્ય કરી રહ્યું છે. આ દિશામાં નીતિ આયોગ દ્વારા સક્ષમ બિટિયા અભિયાન, એનેમિયા મુક્ત ભારત, સુરક્ષિત હમ સુરક્ષિત તુમ જેવા ફ્લેગશીપ પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યા છે. સામાજિક આર્થિક પરિમાણોના વિકાસ માટે જિલ્લાઓ શ્રેષ્ઠ અભ્યાસ વિકસાવે અને અપનાવે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

વડાપ્રધાનશ્રીએ દાહોદની મુલાકાત દરમિયાન અંદાજે 21 હજાર કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત- લોકાર્પણ કરી દાહોદ જિલ્લાની નિરંતર વિકાસની ગતિને વેગ આપ્યો છે. દાહોદના વિકાસકાર્યોની માંડીને વાત કરીએ....

- દાહોદને મેક ઇન ઇન્ડિયાનું કેન્દ્ર બનાવવા લોકોમેટિવ કારખાનાને રૂ. 20 હજાર કરોડના ખર્ચે આધુનિક બનાવવામાં આવશે. આ પ્લાન્ટમાં 9 હજાર હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમેટિવ એન્જિન બનશે, જે દુનિયાના દેશોની ઇલેક્ટ્રિક રેલવે એન્જિનની માગ પૂરી કરશે.
- સ્માર્ટ સિટી દાહોદમાં રૂ. ૧૭૪.૫૫ કરોડના સાત નવા પ્રોજેક્ટ શરુ થયાં. જેમાં નગર પાલિકા, ટ્રાયબલ મ્યુઝીયમ પ્રોજેક્ટ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટ, પુસ્તકાલયો, ટ્રક ટર્મિનલ અને એનિમલ શેલ્ટરનો સમાવેશ થાય છે.
- દાહોદ જિલ્લામાં જળસંચય, ચેકડેમ, જુથ પાણી પુરવઠા યોજનાઓ, સબસ્ટેશન, ઓક્સિજન પ્લાન્ટ સહિતના રૂ. ૪૩૭.૨૪ કરોડનાં વિકાસકાર્યો શરૂ કરવામાં આવ્યાં છે.
- દેવગઢબારીયાનાં ઉચવાણ ગામે રૂ. ૪૫ લાખના ખર્ચે તૈયાર એનીમલ કેર સેન્ટર.
- જિલ્લામાં સિંગવડ ખાતે રૂ. ૩.૭ કરોડના ખર્ચે કોમ્યુનિટિ હોલનું નિર્માણ કરવામાં આવશે.
- મનરેગા યોજના અંતર્ગત રૂ. ૫૭ કરોડના ખર્ચે ૨૨૭૩ વિકાસકાર્યો સંપન્ન કરાશે, જેમાં ૩૫૧ જળસંચય અને જળસંગ્રહના સહિતના કામોનો પ્રારંભ કરાવશે.
- દૂધમતી નદી બારેમાસ વહેતી થાય એ માટે ૧૨ જેટલા જળસંચયના કાર્યોનો પ્રારંભ કરાશે, જેથી ૧.૩૭ લાખ ઘન મીટરથી વધુ જળ સંગ્રહ શક્તિમાં વધારો થશે.
- ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. દ્વારા રૂ. ૧૩.૧૯ કરોડની ૬૬ કેવી ઘોડીયા સબસ્ટેશનની યોજના સાકાર કરવામાં આવશે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂ. ૫૦ લાખના ખર્ચે ઓક્સિજન પ્લાન્ટ માટેનો પ્રારંભ કરાશે.
- પાણી પુરવઠા વિભાગની વિવિધ પાંચ યોજનાઓ રૂ. ૩૬૧.૭૫ કરોડને ખર્ચે સંપન્ન કરાશે.
- રૂ.૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન દાહોદ સ્માર્ટ સીટીના આઇસીસીસી-આઇટી પ્રોજેક્ટનું લોકાર્પણ.
- મીરાખેડીમાં રૂ. ૨.૯૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્ર જનસેવામાં સંમર્પિત.
- દાહોદને જળવ્યવસ્થાપન આપતા બે તેમજ કચરાના યોગ્ય નિકાલ માટેના બે પ્રોજેક્ટો.
- રૂ.૮૩૯.૮૭ કરોડને ખર્ચે સંપન્ન હાફેશ્વર યોજનાના લોકાર્પણથી કુલ ૩૪૩ ગામો તેમજ બે નગરની ૧૨.૪૮ લાખની વસ્તીની પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ
- રૂ. ૪.૬૮ કરોડને ખર્ચે બાવકા સબસ્ટશનનાં લોકાર્પણથી ૬ ગામોને વીજળી પ્રાપ્ત થઇ.
- ઝાલોદના ઘોડિયામાં ૬૬ કેવી ઘોડીયા સબસ્ટેશનનું ખાતમૂહુર્ત. રૂ. ૫.૭૫ કરોડના ખર્ચે તૈયાર થનાર આ સબસ્ટેશનથી ૨૭ કિમી વિસ્તારમાં તેમજ ૨૫ ગામોને પૂરતી વીજળી મળી રહેશે
- કડાણા ડેમ આધારિત પાણી પુરવઠા યોજના અંદાજે રૂ. ૪૦.૪૨ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે. જેનાથી ૨૮૭ ગામોની પાણીની સમસ્યાનું કાયમી ઉકેલ આવશે.
- પાટાડુંગરી જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૧૨૩.૮૮ કરોડને ખર્ચે સાકાર કરાશે.
- ઝાલોદ ઉત્તર જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૪૮.૭૦ કરોડને ખર્ચે સંપન્ન કરાશે.
- ઝાલોદ દક્ષિણ જુથ પાણી પુરવઠા યોજના રૂ. ૯૪.૫૫ કરોડને ખર્ચે પૂર્ણ કરાશે.



આ ઉપરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે દાહોદ જિલ્લામાં વસતા આદિવાસી બાંધવોનો સર્વાંગી વિકાસ થવાનો છે.


હવે આદિવાસી જિલ્લા દાહોદમાં રોજગાર સ્વરોજગારના અનેક નવતર અવસરો સાંપડવાના છે. દાહોદ જિલ્લામાં હવે ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો કુટીર મધ્યમ અને મોટા ઉદ્યોગો માટે એક મોટું પ્લેટફોર્મ ઊભુ થઇ રહ્યું છે, દાહોદના નાગરિકો તથા ખાસ કરીને મહિલાઓનું સશક્તિકરણ થઇ રહ્યું છે. આમ વિકાસના સર્વે પાસાઓ જોવા જઇએ તો દાહોદ જિલ્લો જે એસ્પિરેશનલ જિલ્લો છે તે વિકાસની મુખ્ય ધારામાં આવવાની દિશામાં મક્કમ પગલાં ભરી રહ્યો છે.●



# એશિયાનો સૌથી મોટો ડોમ બન્યો આકર્ષણનું કેન્દ્ર

ગુજરાત સરકાર રાજ્યના તમામ વર્ગના નાગરિકોની સુખસુવિધા માટે કટિબદ્ધ છે. તેમાં પણ રાજ્યના આદિવાસી બાંધવોના વિકાસની વિશેષ ચિંતા કરી રહી છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં યોજાયેલા આદિવાસી મહાસંમેલનમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલા આ મહાસંમેલનમાં રાજ્યની પૂર્વ પટ્ટીના જિલ્લાઓ દાહોદ, પંચમહાલ, મહીસાગર, છોટા ઉદેપુરના આદિજાતિ બાંધવોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જનઆશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમના સમગ્ર આયોજનની બે વિશેષતાઓ ઊડીને આંખે વળગે એવી હતી.

આ મહાસંમેલનમાં જનઆશીર્વાદ અને વિકાસકાર્યોના સાક્ષી બનવા પધારેલી જંગી જનમેદનીને અગવડ ન પડે તે માટે જરૂરી તમામ પ્રકારની સવલતો સાથે એશિયાનો સૌથી મોટો ડૉમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ ડૉમમાં ૨ લાખ જેટલા લોકો કાર્યક્રમને માણી શકે એ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી. ડૉમ સંબંધિત આંકડાઓ તેની વિશાળતાનો ખ્યાલ આપે છે. એક મુખ્ય ડૉમ અને ત્રણ હોલ્ડિંગ ડૉમથી બનેલા આ ડૉમનું કુલ ક્ષેત્રફળ ૧૭.૯૮ લાખ ચોરસફૂટ હતું. ૧૪ લાખ ચોરસફૂટના મુખ્ય ડૉમમાં ૭ ડૉમની હરોળ હતી, જે પૈકી ૫ જર્મન ડૉમ હતા. લંબાઈમાં ૬૦૦ મીટર સુધી પથરાયેલા અને ૧૩૨ ફૂટ પહોળા આ મેઈન ડૉમની અન્ય ખાસિયત એ હતી કે, આટલો વિશાળ વિસ્તાર હોવા છતાં તેમાં વચ્ચે એક પણ થાંભલો આવતો નહોતો. ક્ષેત્રફળની રીતે વિશાળ હોવા ઉપરાંત ડૉમમાં ઉપસ્થિત રહેનારા લોકોની સુવિધાઓનો પણ તલસ્પર્શી ખ્યાલ રાખવામાં આવ્યો હતો. ઉનાળાને ધ્યાનમાં રાખીને વેન્ટિલેશનની યોગ્ય વ્યવસ્થા ઉપરાંત વૉટર સ્પ્રેયર દ્વારા પાણીનો સતત છંટકાવ કરી





વાતાવરણમાં ઠંડકની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મુખ્ય ડૉમની બાજુમાં બીજા ત્રણ ડૉમમાં પણ આ જ પ્રકારની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. જિલ્લાવાર વિભાગો પાડીને બેઠકવ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત મેડિકલ ટીમ અને પાણીની પર્યાપ્ત સુવિધા સુનિશ્ચિત કરાઈ હતી. જનતા અને મહાનુભાવોની સુરક્ષાની બાબતને વિશેષ અગ્રતા આપવાની સાથે સમગ્ર ડૉમમાં સીસીટીવી કૅમેરા દ્વારા તમામ ગતિવિધિઓની ઉપર બાજનજર રાખવામાં આવતી હતી.

ગરમીને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સુયોગ્ય વ્યવસ્થા ડૉમમાં જ ગોઠવવામાં આવી હતી. વિશાળ જનમેદની હાજર રહેવાની હોય ત્યારે સલામતી અને તેમાં પણ ફાયર સેફ્ટી સૌથી અગત્યની બાબત હોય છે. આ ડૉમ ફાયર સેફ્ટીના માપદંડ ઉપર પણ ખરો ઊતરે એ પ્રકારનો હતો. સમગ્ર ડૉમ ફાયરપ્રૂફ બનાવવામાં આવ્યો હતો. ફ્લોરિંગથી શરૂ કરી ડૉમ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવેલા મટીરિયલ ઉપર વિશેષ પ્રકારનું સ્પ્રે છાંટી તેને ફાયરપ્રૂફ બનાવવામાં આવ્યો હતો. આ સમગ્ર વિસ્તારમાં કાર્યક્રમ દરમિયાન અને કાર્યક્રમ બાદ સ્વચ્છતા જાળવી રાખવા ૩૦૦ જેટલી ટીમો દ્વારા ચાંપતી નજર રાખી સંપૂર્ણ તકેદારી સાથે પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી હતી.

આદિજાતિ મહાસંમેલનના આયોજન અંગે અન્ય એક નોંધપાત્ર બાબત એ હતી કે, આ સંમેલનમાં સહભાગી થવા દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર અને મહીસાગર જિલ્લાનાં ગામોમાં સમગ્ર તંત્ર દ્વારા ઘરે-ઘરે જઈને નિમંત્રણ પાઠવવામાં આવ્યાં હતાં. ૩૬૦થી પણ વધુ ગામોમાં સંમેલનના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. ફોન કોલ્સ - મેસેજ અને લઘુ ફિલ્મ દ્વારા જનસંપર્ક કરવા ઉપરાંત સેવાસેતુ સહિત મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય તેવાં આયોજનોમાં સહભાગી થવા વિશેષ આમંત્રણ આપવામાં આવ્યાં હતાં.



# બનાસકાંઠા શ્વેતક્રાંતિની દિવાદાંડી

ગુજરાત આજે માળખાગત સુવિધાઓ, જળવ્યવસ્થાપન, નાણાં વ્યવસ્થાપન, કાયદો અને વ્યવસ્થાની સાથે સહકાર ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રેસર રહી નવો રાહ ચીંધી રહ્યું છે. ગુજરાત સહકાર ક્ષેત્રે ખેડૂતો, પશુપાલકોના વિકાસ માટે દેશભરમાં નમૂનેદાર કાર્ય કરી રહ્યું છે. રાજ્યના પશુપાલકો અને દૂધ સંઘોને ઉપયોગી વિવિધ સરકારી સહાયથી ગુજરાતની દૂધ સહકારી મંડળીઓએ એક આગવી ઓળખ ઊભી કરી છે. ગુજરાતમાં ચાલતી સહકારી પ્રવૃત્તિઓની દેશ અને દુનિયામાં નોંધ લેવાઈ રહી છે. સમગ્ર રાજ્યમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધતાં લોકોના જીવનધોરણમાં ઊડીને આંખે વળગે તેવો બદલાવ આવ્યો છે. એનું તાદૃશ ઉદાહરણ બનાસકાંઠા જિલ્લો પૂરો પાડે છે.

એક સમયે સૂકોભઠ, સતત પાણીની અછત, માળખાકીય સુવિધાનો અભાવ ધરાવતો બનાસકાંઠા જિલ્લો આજે સહકારી પ્રવૃત્તિના માધ્યમથી દૂધ ઉત્પાદનમાં મોખરે બન્યો છે. બનાસ ડેરીના માધ્યમથી બનાસકાંઠા જિલ્લાના હજારો નાગરિકોના જીવનમાં સુખનો સૂરજ ઊગ્યો છે. આજે બનાસ ડેરી વિકાસના નવા આયામો સર કરી રહી છે. સમગ્ર દેશમાં બનાસકાંઠા એકમાત્ર એવો જિલ્લો છે કે, જ્યાં એક જિલ્લામાં બે મોટી ડેરી છે. એટલું જ નહીં, પરંતુ છેલ્લાં સાત વર્ષમાં બનાસ ડેરીએ વિકાસની હરણફાળ ભરીને નવા આયામો સર કર્યા છે. તાજેતરમાં ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં બનાસકાંઠાના દિયોદર ખાતે બનાસ ડેરી સંકુલમાં બહુવિધ વિકાસની પરિયોજનાઓ રાષ્ટ્રને અર્પણ કરી, વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

દિયોદરમાં બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત બાદ પશુપાલકોને સંબોધતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, બનાસ ડેરીના પ્રકલ્પોના લાભ સોમનાથની ધરતી

## બનાસકાંઠામાં વરસી વિકાસની હેલી



ગુજરાતથી ભગવાન જગન્નાથની ધરતી ઓરિસ્સા સુધીના પશુપાલકોને મળી રહ્યા છે. ઉત્તર ગુજરાતની સહકારી ક્ષેત્રની બનાસ ડેરીએ ઓછા વરસાદવાળા જિલ્લા બનાસકાંઠામાં કાંકરેજી ગાય, મહેસાણી ભેંસ અને બટાટા ઉત્પાદનથી લોકોનું તકદીર બદલવાનું સફળ મૉડેલ પૂરું પાડ્યું છે. દેશમાં કો-ઑપરેટિવ મૂવમેન્ટથી આત્મનિર્ભરતાના અભિયાનને બળ મળી રહ્યું છે. દેશમાં વર્ષે સાડા આઠ લાખ કરોડ રૂપિયાનું દૂધ ઉત્પાદન થાય છે. આ મૂલ્ય ઘઉ અને ચોખાની ઉત્પાદન કિંમત કરતાં પણ વધુ છે. ડેરી સેક્ટરનો સૌથી વધુ લાભ નાના ખેડૂતોને મળે છે. પશુપાલન કરીને પરિવારનું પેટ ભરતા નાના ખેડૂતોની મોટી ચિંતા કરવાનું કામ સરકારે કર્યું છે. આવા ખેડૂતોને વર્ષમાં ૩ વાર બે-બે હજાર રૂપિયા સીધા જ તેમના બેંક ખાતામાં ભારત સરકાર આપે છે.

## બનાસકાંઠા જિલ્લો 'સ્વીટ રિવોલ્યુશન'માં સહભાગી બન્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતો-પશુપાલકોને સંબોધન કરતાં કહ્યું કે, 'હું તમારો અનન્ય સાથી છું અને તમારી પડખે રહી કામ કરવા માગું છું.' લોકલ પ્રોડક્ટને ગ્લોબલ બનાવવા સ્થાનિક ખેડૂતોની આવક વધારવા અન્ય સંસાધનોનો પણ ઉપયોગ થઈ શકે તે બનાસ ડેરીએ સિદ્ધ કર્યું છે. બનાસકાંઠાના ખેડૂતોએ મધઉછેર વ્યવસાય અપનાવી સ્વીટ રિવૉલ્યુશનમાં સહભાગિતા કરી છે તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, મગફળી અને સરસવમાંથી ખાદ્ય તેલ બનાવવાના પ્લાન્ટથી અહીંના ખેડૂતોએ ખાદ્ય તેલ ક્ષેત્રે આત્મનિર્ભરતા જોડી છે.

## કચરામાંથી કંચન

બનાસ ડેરીના બાયો સી.એન.જી. અને ગોબર ગૅસ પ્લાન્ટનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, આ પ્લાન્ટ કચરામાંથી કંચન બનાવશે. તેનાથી સ્વસ્થતા અને સ્વચ્છતાના સંકલ્પ સાકાર થશે, પશુપાલકોને ગોબરધનમાંથી રૂપિયા મળશે, ખેડૂતોને જૈવિક ખાતર મળશે અને લોકોને વીજળી-ઊર્જા મળશે. આ મૉડેલ આખા દેશમાં પહોંચે તે આવશ્યક હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## જિલ્લામાં 75 તળાવ બનાવવા આહ્વાન

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, બનાસકાંઠાના લોકો જેને સમજી-સ્વીકારી લે તેને ક્યારેય છોડે નહીં. ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી




પાણીની અછત વચ્ચે ઉત્કૃષ્ટ ખેતી કરતા અહીંના ખેડૂતોએ આ વાત સાબિત કરી બતાવી છે. વડાપ્રધાનશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે જિલ્લાદીઠ ૭૫ તળાવના નિર્માણ દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ-સંચય કરી ધરતીમાતાને અમૃતમય બનાવવાનું આહ્વાન કર્યું હતું.

## પ્રવાસન દ્વારા જિલ્લાનો વિકાસ

વિકાસ-જનકલ્યાણ માટેના અનેક માર્ગ હોય છે તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સીમાદર્શન, રણોત્સવ જેવા પ્રકલ્પોથી ટુરિઝમ ક્ષેત્રે રાજ્યના સરહદી જિલ્લાઓનો વિકાસ કર્યો છે, ગામડાંઓને આર્થિક રીતે ધમધમતાં કર્યાં છે. વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે રાજ્ય સરકારના વિદ્યા સમીક્ષા કેન્દ્રની આધુનિક સુવિધાઓ અને તેનાથી રાજ્યના શિક્ષણ ક્ષેત્રે આવેલાં પરિવર્તનોનો સવિશેષ ઉલ્લેખ કર્યો હતો.

બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઉત્તર ગુજરાતના પશુપાલકો-દૂધ ઉત્પાદકના જીવનમાં નવી રોશની લાવવામાં આ પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ બનશે. ગુજરાત સહકારી ક્ષેત્રના પ્રભાવનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલના દૃષ્ટિવંત આયોજનની છાપ આજની દૂધ સહકાર ચળવળમાં દેખાય છે. આપણા વડાપ્રધાનશ્રીએ ભારતને પાંચ ટ્રિલિયન ડૉલર ઈકોનોમી બનાવવા સાથે ભારતને આત્મનિર્ભર બનાવવાનો કરેલો સંકલ્પ સાકાર કરવા બનાસ ડેરી પણ પથદર્શક બનશે.











બનાસકાંઠા જિલ્લો બટાટાના ઉત્પાદનમાં અગ્રેસર હોવાનો ઉલ્લેખ કરી મખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજના પોટેટો પ્રોસેસિંગ પ્લાન્ટ બટાટા ઉત્પાદનોને મૂલ્યવૃદ્ધિ સાથે વૈશ્વિક બજાર ઉપલબ્ધ કરશે. સાથે સાથે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલી મહિલાઓની દૂધ સહકારી મંડળીઓમાં ભાગીદારનું પ્લૅટફૉર્મ પણ ઉપલબ્ધ કરશે. આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે બનાસ ડેરીમાં કાર્યાન્વિત પ્રકલ્પો ડેરી સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકો - ખેડૂતોના જીવનમાં નવી દિશા આપશે.

આપણા વડાપ્રધાનશ્રીએ દરેક ગામમાં ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા કરેલા આહ્વાનને ગુજરાત સાકાર કરી રહ્યું છે. બનાસકાંઠા જિલ્લો પણ એ દિશામાં અગ્રેસર છે. સાથે સાથે ધરતીમાતાનું સ્વાસ્થ્ય જાળવવાની સાથે સાથે ગૌ-પાલન કરવા પણ અનુરોધ કર્યો હતો.

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, બનાસકાંઠાના સૂકાભઠ ગણાતા વિસ્તારમાં દૂધ ઉત્પાદક મહિલાઓએ દૂધ ઉત્પાદનના નવા આયામ પ્રસ્થાપિત કર્યા છે. બનાસ ડેરીએ પણ તેમાં મૂલ્યવર્ધન કરીને દૂધ ઉત્પાદકોની મહેનતને રંગ આપ્યો છે. સાથે ડેરીએ શરૂ કરેલા બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટને પણ પ્રેરણાદાયી ગણાવ્યો હતો.

બનાસ ડેરીના ચૅરમૅન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, ડેરીની સભાસદ મહિલાઓએ ગામેગામ ફરીને લોકોને કાર્યક્રમમાં આવવા નિમંત્રણ આપ્યું છે. આપણા વડાપ્રધાનશ્રી જ્યારે જ્યારે આવ્યા છે ત્યારે તેમણે એક નવો વિચાર આપ્યો છે. પાણીની સમસ્યાને ધ્યાને લઈને સ્પિંકલર - ડ્રીપ ઈરિગેશનનો વિચાર આપ્યો અને આજે બનાસકાંઠા જિલ્લો આ બાબતે અગ્રેસર છે. આ જ રીતે મધઉછેર, ગોબર ગૅસ પ્લાન્ટ જેવી બાબતોનાં વડાપ્રધાનશ્રીનાં સૂચનો ડેરીએ સાકાર કર્યાં છે. આગામી સમયમાં 'આટા'નું ઉત્પાદન કરવા જઈ રહ્યા છીએ. સાથે-સાથે 'વ્હે'માંથી પ્રોટીન અલગ કરીને પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો છે. પ્રોટીન બટર મિલ્ક-પ્રોટીન લસ્સીનું માતબર વેચાણ થઈ રહ્યું છે. સાથે-સાથે ઑર્ગેનિક ખેત ઉત્પાદન તરફ આગળ વધવા કટિબદ્ધ છીએ.





આ અવસરે રાજ્યકક્ષાના સહકારમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા, સાંસદ સર્વે શ્રી પરબતભાઈ પટેલ, દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી શશિકાંત પંડ્યા, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, કલેક્ટર શ્રી આનંદ પટેલ, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, જી.એમ.એફ.સી.ના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, સ્ટેટ કો-ઑપરેટિવ બૅંકના ચૅરમૅન શ્રી અજયભાઈ પટેલ તેમજ બનાસ ડેરીના સભાસદ સભ્યો તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## બનાસ ડેરીના નવા પ્રોજેક્ટની ઝાંખી

બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાં રૂપિયા 600 કરોડના ખર્ચે નવનિર્મિત ડેરી સંકુલ અને બટાટા પ્રસંસ્કરણ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો છે. આ નવું તૈયાર કરવા આવેલું ડેરી સંકુલ ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ છે, તેનાથી દૈનિક ધોરણે અંદાજે 30 લાખ લિટર દૂધનું પ્રસંસ્કરણ થઈ શકશે, 80 ટન માખણનું ઉત્પાદન, એક લાખ લિટર આઈસક્રીમ, 20 ટન કન્ડેન્સ્ડ દૂધ (ખોયા) અને 6 ટન ચોકલેટનું ઉત્પાદન થઈ શકશે.

## બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટ

બનાસકાંઠામાં બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે. આ પ્લાન્ટની મદદથી બટાટાની વિવિધ પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન થઈ શકશે, જેમાં ફ્રેન્ચ ફ્રાઈઝ, બટાટાની ચિપ્સ, આલુ ટિક્કી, પેટિસ વગેરે સામેલ છે. આમાંથી ઘણી વસ્તુઓને અન્ય દેશોમાં નિકાસ પણ કરવામાં આવશે. આ પ્લાન્ટ્સથી સ્થાનિક ખેડૂતોના પાકનું મૂલ્યવર્ધન થશે, જેથી ગ્રામીણ અર્થતંત્રને ઘણો વેગ મળશે.

## બાયોગેસ પ્લાન્ટ રાષ્ટ્રને અર્પણ

વડાપ્રધાનશ્રીએ પાલનપુરમાં આવેલા બનાસ ડેરી પ્લાન્ટ ખાતે ચીઝની પ્રોડક્ટ્સ અને છાસ પાવડરના ઉત્પાદન માટે વિસ્તૃત કરવામાં આવેલી સુવિધાઓ પણ રાષ્ટ્રને અર્પણ કરી છે.

## વડાપ્રધાનશ્રીનાં ઓવારણાં લેતી નારીશક્તિ

**બનાસડેરીના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે વિશાળ સંખ્યામાં પશુપાલક માતા-બહેનો ઉપસ્થિત રહી હતી. બનાસકાંઠાની મહિલાઓએ વડાપ્રધાનશ્રીના હુમણાં લઈ તેમને આશીર્વાદ આપ્યા હતા. બનાસકાંઠા વિસ્તારમાં હુમણાં એટલે કે ઓવારણાં લેવાની પરંપરાને હુમણાં કહે છે. વડાપ્રધાનશ્રીએ ભાવવિભોર થતાં જણાવ્યું જીવનમાં કદાચ પ્રથમ વખત એવો અવસર આવ્યો હશે કે એકસાથે દોઢથી બે લાખ માતાઓ અને બહેનો આજે મને આશીર્વાદ આપી રહ્યાં છે. જ્યારે તમે ઓવારણાં લઈ રહ્યા હતા ત્યારે હું મારા પોતાના મનનો ભાવ રોકી શક્યો નહોતો. તમારા આશીર્વાદથી મા જગદંબાની ભૂમિની માતાઓના આશીર્વાદ એ મારા માટે એક અણમોલ આશીર્વાદ છે.**

એટલું જ નહીં, દામા ખાતે સ્થાપવામાં આવેલો જૈવિક ખાતર અને બાયોગૅસ પ્લાન્ટને પણ રાષ્ટ્રને અર્પણ કર્યો છે. ઉપરાંત ખીમાના, રતનપુરા - ભીલડી, રાધનપુર અને થાવર ખાતે 100 ટનની ક્ષમતાવાળા ચાર ગોબરગૅસ પ્લાન્ટ્સના નિર્માણ માટે શિલાન્યાસ પણ કર્યો હતો.



## દૂધવાણી કોમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM 90.4)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસ કૉમ્યુનિટી રેડિયો સ્ટેશન રાષ્ટ્રને અર્પણ કર્યો હતો. આ દૂધવાણી કૉમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM 90.4) ખેડૂતોને કૃષિ અને પશુપાલન સંબંધિત મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે. આ રેડિયો સ્ટેશન સાથે 1700 જેટલાં ગામડાંના લગભગ 5 લાખ કરતાં વધારે ખેડૂતો જોડાશે તેવી અપેક્ષા છે. ●



## બનાસ ડેરી વિશે જાણીએ...

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલે ગામડાંઓના ખેડૂતો અને પશુપાલકોના સામાજિક અને આર્થિક ઉત્થાન માટે ખેડા જિલ્લાના દૂધ સહકારી માળખા - અમૂલ પૅટર્ન આધારિત સહકારી દૂધ સંઘનું સર્જન બનાસકાંઠા જિલ્લામાં કર્યું. તેઓએ કઠોર પરિશ્રમ કરી જિલ્લાના પાલનપુર અને વડગામ તાલુકાનાં આઠ ગામમાં દૂધ સહકારી મંડળીઓ શરૂ કરી તેમનું દૂધ એકત્રિત કરી તા. ૦૩-૧૦-૧૯૬૬થી દૂધસાગર ડેરી મહેસાણા ખાતે આપવાનું શરૂ કર્યું હતું. બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુરની નોંધણી સહકારી કાયદા હેઠળ તા.૩૧-૦૧-૧૯૬૯ના રોજ થઈ છે, જેને બનાસ ડેરી તરીકે ઓળખીએ છીએ.


રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના સહયોગથી ઑપરેશન ફ્લડ પ્રોગ્રામ અંતર્ગત ડેરી પ્લાટનો શિલાન્યાસ જગાણા નજીક ૧૨૨ એકર જમીનમાં ૧૯૭૧માં થયો હતો. દૈનિક ૧.૫ લાખ લિટર દૂધની પ્રક્રિયા ક્ષમતા ધરાવતો ડેરી પ્લાન્ટ શરૂ થયો હતો. ત્યારબાદ ડેરી પ્લાન્ટનું વિસ્તૃતીકરણ કરી તેની પ્રક્રિયા ક્ષમતા ૪ લાખ લિટર પ્રતિદિન કરવામાં આવી હતી. નાના પાયાથી શરૂ થયેલી ડેરીનું બીજ ઈ. સ. ૧૯૬૬માં શરૂઆતમાં કેટલીક દૂધ સહકારી મંડળીઓની સ્થાપના સાથે રોપાયું હતું, જે આજે મોટું વટવૃક્ષ બની ગયું છે.




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિયોદર ખાતે બનાસ ડેરી સંકુલની મુલાકાત દરમ્યાન પશુપાલક બહેનો સાથે સંવાદ કર્યો હતો તથા ડેરી ક્ષેત્રના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું.







### જામનગરમાં ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના સાથે

# વિશ્વભરમાં પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના નવા યુગનો પ્રારંભ

ભારતમાં પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિઓ પ્રાચીનકાળથી પ્રચલનમાં રહી છે. આ પ્રાચીન ઉપચાર પદ્ધતિઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક ફલક પર પ્રસ્થાપિત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોને કારણે જ યોગ-પ્રાણાયામને વિશ્વભરમાં આગવી ઓળખ મળી છે. યુનાઈટેડ નેશન્સ સમક્ષ આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણીનો તેમનો પ્રસ્તાવ સૌથી વધુ દેશોએ હર્ષભેર સ્વીકારી લીધો હતો. યોગ-પ્રાણાયામ પછી ભારતની પ્રાચીન ઉપચાર પદ્ધતિઓને પણ વડાપ્રધાનશ્રીએ વૈશ્વિક ફલક પર સુપેરે પ્રસ્થાપિત થઈ છે.

પ્રિવેન્ટિવ મેડિસિનના મહત્ત્વને આખી દુનિયાએ સ્વીકારીને યોગ-પ્રાણાયામ-આયુર્વેદ પ્રેરિત સ્વસ્થ જીવનશૈલી સ્વીકારી છે. યોગ, આયુર્વેદ, હોમિયોપથી, યુનાની, સિદ્ધ જેવી ચિકિત્સા પદ્ધતિઓ લાઈફસ્ટાઈલ આધારિત છે. તે માત્ર માનવીના શરીરનો જ નહીં, પણ તેના મનનો પણ વિચાર કરે છે. તે દર્દીની આસપાસના વાતાવરણને અને તેનાં કર્મોને પણ ધ્યાનમાં લઈને ઉપચાર કરે છે. ચિકિત્સાના આ હૉલિસ્ટિક અપ્રૉચ પ્રત્યે હવે દુનિયાભરના લોકોનું ધ્યાન ખેંચાયું છે.

દુનિયાભરના લોકો ધીરે-ધીરે વૈકલ્પિક સારવાર તરીકે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓને અપનાવી રહ્યા છે ત્યારે રોગનો ઉપચાર જ નહીં, પણ રોગ થાય જ નહીં તેવી પ્રિવેન્ટિવ મેડિસિનની હિમાયત ભારતનાં પ્રાચીન શાસ્ત્રોમાં કરવામાં આવી છે. હવે સમય આવી ગયો છે કે રોગની ટ્રીટમેન્ટ કરતાં વધુ ભાર રોગના પ્રિવેન્શન પર મુકાય તો રોગ થતાં જ અટકે. પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના બહોળા અનુભવ થકી ભારત આ દિશામાં સમગ્ર વિશ્વને નેતૃત્વ પૂરું પાડી રહ્યું છે. આ નેતૃત્વના ધ્વજવાહક બનવાનું સૌભાગ્ય





ગુજરાતને સાંપડ્યુ છે. આપણે વાત કરી રહ્યા છીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જામનગર ખાતે વિશ્વના સૌપ્રથમ ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન(GCTM)ના ભૂમિપૂજનની, જે મોરિશિયસના વડા પ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ અને WHOના વડા ડૉ. ટેડરોસ એધનોમની વિશેષ ઉપસ્થિતિમાં કરાયું હતું.

આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે ભારતમાં ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપનાથી વિશ્વભરમાં પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના યુગનો પ્રારંભ થયો છે. આ માત્ર ભવનનો શિલાન્યાસ નથી, પરંતુ પ્રાકૃતિક-પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓમાં વિશ્વાસ રાખનારા લોકો માટેના આગવા કેન્દ્રની શરૂઆત છે. તે દુનિયાને ઑલ્ટરનેટ મેડિકલ સૉલ્યુશન આપવામાં મદદરૂપ થશે.



સમગ્ર વિશ્વમાં પરંપરાગત દવાઓ માટેનું પ્રથમ અને એકમાત્ર ગ્લોબલ સેન્ટર ગુજરાતને મળ્યું એ માત્ર ગુજરાતીઓ માટે જ નહીં, ભારતીયો માટે પણ ગૌરવરૂપ છે

આ ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન (GCTM)ની સ્થાપનામાં વિશ્વ આરોગ્ય સંગઠન અને ભારત સરકારના આયુષ મંત્રાલયની ભાગીદારી માનવતાની સેવાની જવાબદારી નિભાવવા માટેની છે. આવનારાં પચ્ચીસ વર્ષમાં ટ્રેડિશનલ મેડિસિન દુનિયાના દરેક પરિવારો માટે મહત્ત્વની બની જશે.

વડાપ્રધાનશ્રીએ આ તકે ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનના સફળ ક્રિયાન્વયન માટે પાંચ લક્ષ્યો આપ્યાં હતાં, જે અંતર્ગત પ્રથમ લક્ષ્ય જણાવતાં તેમણે કહ્યું કે, વિશ્વભરની ટ્રેડિશનલ મેડિસિન વિદ્યાઓનું ટેક્નોલૉજીથી સંકલન કરી, એક વૈશ્વિક ડેટાબેઝ-રિપોઝેટરી બનાવવામાં આવે, જે આવનારી પેઢીને મદદરૂપ થાય. બીજું લક્ષ્ય છે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ-દવાઓની સ્વીકૃતિ વધારી શકાય તે માટે ટ્રેડિશનલ મેડિસિનના ટેસ્ટિંગ અને સર્ટિફિકેશન માટે ઇન્ટરનૅશનલ સ્ટાન્ડર્ડ ઘડવા આવશ્યક છે. જ્યારે ત્રીજું લક્ષ્ય છે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના તજ્જ્ઞો, નિષ્ણાતો માટે જી.સી.ટી.એમ. એક વૈશ્વિક મંચ બની રહે અને તે માટે વાર્ષિક સમારોહ-સંમેલન યોજાય તે જરૂરી છે. વડાપ્રધાને ચોથું લક્ષ્ય જણાવતાં કહ્યું કે, પરંપરાગત



ચિકિત્સા પદ્ધતિઓ-દવાઓના ક્ષેત્રે શોધ-સંશોધન માટે પૂરતું મૂડી રોકાણ લાવવું અને તે માટે ફંડ મોબિલાઈઝેશન પણ અતિ આવશ્યક છે. આ ગ્લોબલ સેન્ટરે તે માટે કાર્યરત થવું પડશે. અને પાંચમું લક્ષ્ય છે, માનવસમુદાયને મૉડર્ન પ્લસ ટ્રેડિશનલ એમ બંને ચિકિત્સા પદ્ધતિઓ ધરાવતા હૉલિસ્ટિક હેલ્થ અપ્રૉચનો લાભ મળી રહે તે હેતુથી ટ્રેડિશનલ મેડિસિનથી ટ્રીટમેન્ટના પ્રોટોકોલ નક્કી કરવામાં આ કેન્દ્રે ચાવીરૂપ ભૂમિકા અદા કરવી પડશે.

આજથી પાંચ દશક પહેલાં વિશ્વની પ્રથમ આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના જામનગરમાં થઈ હતી. કોરોનાકાળમાં હેલ્થ કૅર ડિલિવરી માટે નવા આયામોની આવશ્યકતા દુનિયાને સમજાઈ છે, ત્યારે જામનગર ખાતેનું આ ગ્લોબલ સેન્ટર વસુધૈવ કુટુમ્બકમ, સર્વે સન્તુ નિરામયાની ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનારું કેન્દ્ર બની રહેશે.

ભારતીય જીવનપ્રણાલી આયુર્વેદના માધ્યમથી સંતુલિત આહાર, શરીર-મનનું સંતુલન, તેમ જ યોગ-પ્રાણાયામયુક્ત દિનચર્યાને પ્રાધાન્ય આપે છે. સો વર્ષના આયુષ્યની કામના આપણે ત્યાં સહજ છે. ભારતનું આ જ્ઞાન અહીં પારંપરિક ચિકિત્સા પદ્ધતિઓના વિકાસમાં મોટો ફાળો આપશે. વડાપ્રધાનશ્રીએ WHOના વડા શ્રી ટેડરોસ એધનોમનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે શ્રીયુત ડૉ. ટેડરોસે તેમના માનસ સંતાન સમાન આ ગ્લોબલ સેન્ટરને હવે ભારતને સોંપ્યું છે. વડાપ્રધાનશ્રીએ મોરિશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથનો પણ જી.સી.ટી.એમ.ની સફળતા માટે શુભકામનાઓ પાઠવવા બદલ આભાર માન્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશમાં યોગ-આયુર્વેદના ભારતીય જ્ઞાન-પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓનો પ્રાચીન વારસો આજે વૈશ્વિક આરોગ્ય સુરક્ષાના હેતુથી અલગ જ સ્વરૂપે પ્રસ્તુત થઈ રહ્યો છે. ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપનાથી 'બહુજન હિતાય બહુજન સુખાય' સૂત્ર સાકાર થવાનું છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન રૂપે અમૃત



**૧૯૩૭થી મોરિશિયસમાં ભારતીય ઉપચાર પદ્ધતિઓ અમલમાં છે. ત્યાં આયુર્વેદ એક માન્ય ઉપચાર પદ્ધતિ છે. દર વર્ષે ધનતેરસની ઉજવણી સમગ્ર મોરિશિયસમાં આયુર્વેદ દિવસ તરીકે કરવામાં આવે છે.**

**- પ્રવિન્દ જુગનાથ,** મોરિશિયસના વડાપ્રધાન



**ટ્રેડિશનલ મેડિસિન અને આધુનિક વિજ્ઞાનનો સમન્વય આરોગ્ય વિષયક નવા પડકારોનો સામનો કરી શકે છે. યુનાની, આયુર્વેદિક, હોમિયોપથિક ચિકિત્સા પદ્ધતિઓ બાંગ્લાદેશમાં વ્યાપકપણે ઉપયોગમાં છે.**

**- શેખ હસીના,** બાંગ્લાદેશના વડાપ્રધાન



**ભૂતાનની પર્વતીય ભૂમિ-પ્રાકૃતિક વનરાજીને કારણે ટ્રેડિશનલ મેડિસિન પ્રૅક્ટિસને મોટો અવકાશ ઉપલબ્ધ છે. સમગ્રતયા આરોગ્ય સુરક્ષા માટે ટ્રેડિશનલ મેડિસિન સાથે અલોપથીનું ઇન્ટિગ્રેટેડ મૉડેલ આદર્શ છે.**

**- લોતેય શેરિંગ,** ભૂતાનના વડાપ્રધાન







કળશની ભેટ દેશને આપી છે. ભારતમાં યોગ-આયુર્વેદ જેવી પ્રાચીન પરંપરાગત ઉપચાર પદ્ધતિઓનો ખજાનો રહેલો છે. વિશ્વભરની ૧૩૮ જેટલી પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના જ્ઞાનના આદાન-પ્રદાન માટે આ કેન્દ્ર આંતરરાષ્ટ્રીય મંચ બની રહેશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સરકારે આયુર્વેદ, યોગ અને બીજી આયુષ પદ્ધતિઓ તથા સાર્વજનિક સ્વાસ્થ્ય વ્યવસ્થાની સાથે સંયોજિત કરવાનો નિર્ધાર કર્યો છે. એકવીસમી સદીમાં આધુનિક વિજ્ઞાન સાથે આ પ્રાચીન જ્ઞાનને જોડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય આ ગ્લોબલ સેન્ટરથી હાથ ધરાશે. ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપનાથી યોગ-આયુર્વેદની ભારતીય પરંપરાના પ્રચારના વડાપ્રધાનશ્રીના પ્રયાસોને કારણે વિશ્વસમુદાયમાં ભારતનો સૉફ્ટ પાવર વધ્યો હોવાનો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

વિશ્વ આખાને એક પરિવાર સમજી, સૌના સ્વાસ્થ્ય, સૌની તંદુરસ્તી માટે આ ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન કાર્યરત બનશે. વડાપ્રધાનશ્રીએ ગ્લોબલ હેલ્થ ફેસિલિટીઝના નકશા ઉપર જામનગર-ગુજરાતને કાયમી ધોરણે અંકિત કરી દીધું છે.

આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળ તથા શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય સર્વશ્રી આર. સી. ફળદુ, શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રણામી સંપ્રદાયના શ્રી કૃષ્ણમણિ મહારાજ, મેયર શ્રીમતી બીનાબહેન કોઠારી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધરમશીભાઈ ચનિયારા, મુખ્ય સચિવશ્રી પંકજકુમાર ઉપસ્થિત રહ્યાં હતાં. ●

**શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ભારત નૅચરલ મેડિસિનનું ગ્લોબલ હબ બનવા તરફ જઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગ્લોબલ સેન્ટરની સ્થાપનાથી વિશ્વ આરોગ્યની મોટી સેવા કરવા બદલ ધન્યવાદ.**

**- શેર બહાદુર દેઉબા,** નેપાળના વડાપ્રધાન



**WHOએ કોરોના મહામારીના કપરા કાળ વચ્ચે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓનું વૈશ્વિક કેન્દ્ર ભારતમાં સ્થાપી વૈશ્વિક આરોગ્ય સુરક્ષાની દિશામાં મોટું પગલું ભર્યું છે.**

**- શ્રી સર્વાનંદ સોનોવાલ,** કેન્દ્રિય મંત્રી, આયુષ વિભાગ



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ અને કમિટમેન્ટને કારણે ભારતમાં GCTMનું નિર્માણ શક્ય બની રહ્યું છે. આ નવું કેન્દ્ર સમગ્ર વિશ્વના આરોગ્ય માટે ઉપયોગી નીવડશે. GCTMથી મેડિકલ પ્રૅક્ટિશનર્સ અને એકૅડેમિશિયન્સ એક મંચ પર આવશે. GCTMના વિકાસ માટે આવનારા દિવસોમાં WHO સંપૂર્ણ સહયોગ આપશે.**

**- ડૉ. ટેડરોસ એધનોમ,** WHOના વડા



# આરોગ્ય ક્ષેત્રે નવા અધ્યાયનો આરંભ

## ગ્લોબલ આયુષ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇનોવેશન સમિટ-૨૦૨૨

વિશ્વભરમાં ટ્રેડિશનલ મેડિસિનના નવા યુગની શરૂઆત થઈ ગઈ છે ત્યારે પરંપરાગત દવાઓમાં ઈનોવેશન, ઈન્વેસ્ટમેન્ટના સામર્થ્યને વધુ મજબૂત બનાવી - આ ક્ષેત્રે નવા-નવા સ્ટાર્ટઅપ્સના માધ્યમ દ્વારા વિશ્વભરના દેશોને નવો રાહ ચીંધશે તેવા વિશ્વાસ સાથે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઈનોવેશન સમિટ-૨૦૨૨ યોજાઈ હતી. ભારત મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે અન્ય દેશો માટે બેસ્ટ ડેસ્ટિનેશન બની ગયું છે. આ ક્ષેત્રમાં પણ રોકાણની અનેક સંભાવનાઓ ઊભરી આવી છે. આજે જ્યારે ભારત આઝાદીના અમૃત વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે આગામી ૨૫ વર્ષનો અમૃતકાળ દુનિયાભરમાં પરંપરાગત દવાઓના ક્ષેત્રે ભારતનો સુવર્ણકાળ સાબિત થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઈનોવેશન સમિટનો વિચાર કોવિડ-૧૯ના રોગચાળા સમયે આવ્યો હતો. જ્યારે આયુષે લોકોની રોગપ્રતિકારક શક્તિમાં સુધારો કરવા માટે મજબૂત ટેકો પૂરો પાડ્યો હતો અને આયુષ ઉત્પાદનોની માગમાં વધારો જોવા મળ્યો હતો. કોવિડની મહામારીને પહોંચી વળવા માટેના ભારતીય પ્રયાસોને યાદ કરતાં વડાપ્રધાનશ્રીએ આધુનિક ફાર્મા કંપનીઓ અને રસી ઉત્પાદકો દ્વારા કરવામાં આવેલી કામગીરીની નોંધ લેતાં કહ્યું કે જો ભારતીય ફાર્મા કંપનીઓને યોગ્ય સમયે રોકાણ મળ્યું તેના થકી જ આટલી ઝડપથી ભારતમાં જ કોરોનાની રસી વિકસાવી શકાઈ. નહીંતર, કોણ કલ્પના કરી શકે કે આપણે આટલી જલદી કોરોનાની રસી વિકસાવી શક્યા હોત?

આયુષ સેક્ટર દ્વારા કરાયેલી પ્રગતિનું વર્ણન કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે આપણે આયુષ દવાઓ, પૂરક સામગ્રી અને સૌંદર્યપ્રસાધનોના ઉત્પાદનમાં પહેલેથી જ અભૂતપૂર્વ વૃદ્ધિ જોઈ રહ્યા છીએ. વર્ષ ૨૦૧૪માં આયુષ ક્ષેત્ર ત્રણ બિલિયન ડૉલરથી ઓછું હતું, આજે તે વધીને ૧૮ બિલિયન ડૉલરથી વધુ થઈ ગયું છે. આયુષ મંત્રાલયે પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ કલ્ચરને પ્રોત્સાહિત કરવા માટે અનેક મોટાં પગલાં લીધાં છે. થોડા



દિવસ પહેલાં જ ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ દ્વારા વિકસિત ઇન્ક્યુબેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

વર્તમાન યુગ એ ભારતમાં સ્ટાર્ટઅપ્સ માટેનો સ્વર્ણિમ યુગ છે, જેના થકી અનેક યુનિકોર્ન મળ્યા છે ત્યારે વર્ષ ૨૦૨૨માં જ ભારતમાંથી અત્યાર સુધીમાં ૧૪ સ્ટાર્ટઅપ્સ યુનિકોર્ન ક્લબમાં જોડાયા છે. વડાપ્રધાનશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આયુષ સ્ટાર્ટઅપ્સમાંથી પણ યુનિકોર્ન ખૂબ ટૂંક સમયમાં બહાર આવશે. ઔષધીય વનસ્પતિઓનું ઉત્પાદન ખેડૂતોની આવક અને આજીવિકા વધારવાનું અને તેમાં રોજગાર સર્જનનો વ્યાપ વધારવાનું સારું માધ્યમ બની શકે છે. આ સાથે સંકળાયેલા ખેડૂતો માટે બજાર વ્યવસ્થા સાથે સરળતાથી જોડાવા માટેની સુવિધાના મહત્ત્વ પર કેન્દ્ર સરકાર ભાર આપી રહી છે. આ માટે સરકાર આયુષ ઈ-માર્કેટ પ્લેસના આધુનિકીકરણ અને વિસ્તરણ પર પણ કામ કરી રહી છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ભારત આયુર્વેદિક વનસ્પતિઓનો ખજાનો છે અને આ રીતે તે આપણું 'ગ્રીન ગોલ્ડ' છે. **‘अमंत्रम् अक्षरं नास्ति नास्ति मूलमनौषधम्’** એટલે કે કોઈ પણ અક્ષરથી મંત્ર શરૂ ન થતો હોય તેવું નથી, એ જ રીતે કોઈ પણ




વનસ્પતિ ઔષધિ ન હોય એવું નથી. આ દૃષ્ટિએ હિમાલય ઔષધિઓનો ખજાનો છે. ભારતમાં ઉપલબ્ધ આયુષ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે ગત વર્ષોમાં કેન્દ્ર સરકારે અનેકવિધ નવતર પ્રયાસો કર્યા છે. તદુપરાંત, અન્ય દેશો સાથે આયુષ દવાઓની પરસ્પર માન્યતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિવિધ દેશો સાથે ૫૦થી વધુ એમઓયુ કરવામાં આવ્યા છે. આપણા આયુષ નિષ્ણાતો બ્યુરો ઑફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ સાથે મળીને ISOનાં ધોરણો વિકસાવી રહ્યા છે. આનાથી આયુષ ઉત્પાદનો માટે ૧૫૦થી વધુ દેશોમાં નિકાસની વિશાળ તકો અને વૈશ્વિક બજાર વ્યવસ્થા ઉપલબ્ધ થશે.

વડાપ્રધાનશ્રી મોદીએ ઉમેર્યું હતું કે FSSAIએ ગયા અઠવાડિયે તેના નિયમોમાં ‘આયુષ આહાર’ નામની નવી શ્રેણીની જાહેરાત પણ કરી છે. આનાથી હર્બલ ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સના ઉત્પાદકોને મોટા પ્રમાણમાં સુવિધા મળશે. આ જ રીતે, એક વિશેષ ‘આયુષ માર્ક’ બનાવવામાં આવનાર છે. આ ચિહ્ન ભારતમાં બનેલાં ઉચ્ચતમ ગુણવત્તાવાળાં આયુષ ઉત્પાદનો પર લગાવવામાં આવશે. આ આયુષ ચિહ્ન આધુનિક ટેક્નોલૉજીની જોગવાઈઓથી સજ્જ હશે. આ માર્ક થકી વિશ્વભરના લોકોને ગુણવત્તાયુક્ત આયુષ ઉત્પાદન હોવાનો વિશ્વાસ પ્રાપ્ત થશે.

વડાપ્રધાનશ્રીએ મહત્ત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે દેશભરમાં આયુષ ઉત્પાદનોના પ્રમોશન, સંશોધન અને ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આયુષ પાર્કનું નેટવર્ક વિકસાવવામાં આવશે. આ આયુષ પાર્ક થકી ભારતમાં આયુષ ઉત્પાદનોને નવી દિશા મળશે.

પારંપરિક દવાઓમાં રહેલી શક્યતાઓનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીએ કેરળના પ્રવાસન ક્ષેત્રના વિકાસમાં પરંપરાગત દવાઓની ભૂમિકાની નોંધ લેતાં કહ્યું કે, આ સંભાવના ભારતના દરેક ખૂણામાં રહેલી છે. ‘હિલ ઇન ઇન્ડિયા’ આ દાયકાની મોટી બ્રાન્ડ બની શકે છે. આયુર્વેદ, યુનાની, સિદ્ધ વગેરે પર આધારિત વેલનેસ સેન્ટરો ખૂબ જ લોકપ્રિય બની શકે તેમ છે. આયુષ ઉપચારનો લાભ લેવા ભારત આવવા માગતા વિદેશી નાગરિકો માટે કેન્દ્ર સરકાર વધુ એક પહેલ કરી રહી છે - આજે ભારત મેડિકલ ટુરિઝમ માટે વિશ્વના અન્ય દેશો માટે બેસ્ટ ડેસ્ટિનેશન બની રહ્યું છે. તેને ધ્યાને લઈને આવનારા સમયમાં ભારતમાં એક વિશેષ ‘આયુષ વિઝા’ કૅટેગરી પણ શરૂ કરવામાં આવશે.

વડાપ્રધાનશ્રીએ કેન્યાના ભૂતપૂર્વ વડાપ્રધાન રાયલા ઓડિંગાનાં પુત્રી રોઝમેરી ઓડિંગાની આયુષ સારવાર પછી આંખોની રોશની પાછી મેળવવામાં આયુર્વેદિક સારવાર મહત્ત્વની પુરવાર થઈ તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ સમયે રોઝમેરી ઓડિંગા પણ પ્રેક્ષકોમાં હાજર હતાં અને વડાપ્રધાનશ્રીએ તેમનો પરિચય કરાવ્યો, ત્યારે તમામ ઉપસ્થિતોએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધાં હતાં.

વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આયુર્વેદની સમૃદ્ધિ પાછળનું એક મુખ્ય કારણ તેનું ઓપન સોર્સ મૉડેલ છે. આજે આઈટી સેક્ટરમાં ઓપન સોર્સ મૂવમેન્ટની બોલબાલા છે. આ જ રીતે આયુર્વેદ પરંપરા પણ જ્ઞાનના આદાનપ્રદાન થકી જ વધુ મજબૂત બની છે. આપણે પણ આપણા પૂર્વજો પાસેથી પ્રેરણા લઈને જ્ઞાનને અન્ય લોકો સાથે વહેંચી ઓપન સોર્સની ભાવના સાથે કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો ઉલ્લેખ કરતાં તેમણે આશા વ્યક્ત કરી કે આગામી ૨૫ વર્ષનો અમૃતકાળ દુનિયાભરમાં પરંપરાગત દવાઓના ક્ષેત્રે ભારતનો સુવર્ણકાળ સાબિત થશે.

મોરિશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જુગનાથે કહ્યું હતુ કે, WHOના અંદાજ પ્રમાણે વિશ્વની ૮૦ ટકા વસ્તી પરંપરાગત દવાઓનો ઉપયોગ કરે છે. ભારત પરંપરાગત દવા પ્રણાલીમાંથી ઉદ્દભવતા ઉપચારની સત્તાવાર રીતે માન્યતા દર્શાવી રહ્યું છે. સામાજિક - સાંસ્કૃતિક પ્રથાઓ અને ટ્રેડિશનલ દવાની વિવિધતાનો વારસો ટકાવી રાખવો તેના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.


આયુષ ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઇનોવેશન સમિટ-૨૦૨૨નું ગુજરાતમાં આયોજન કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વૈશ્વિક નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનીને ગુજરાતની આ પુણ્યશાળી ભૂમિમાં આવકારતાં કહ્યુ કે, 'આઝાદીના અમૃત મહોત્સવે યોજાઈ રહેલા આ આયુષ ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઇનોવેશન સમિટમાં થનારું વિચારમંથન વિશ્વભરના લોકોની હેલ્થ કેરનો અમૃતકાળ બનશે અને આત્મનિર્ભર ભારતના નિર્માણને પ્રેરક બળ પૂરું પાડશે. ભારતને ટ્રેડિશનલ મેડિસિનનું હબ બનાવવામાં 'ગુજરાત' મહત્ત્વની ભૂમિકા અદા કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યુ કે, રાજ્યના નાગરિકોમાં યોગ, પ્રાકૃતિક ઔષધો અને પરંપરાગત ચિકિત્સા પ્રત્યે આદર અને અભિરુચિ છે. એટલું જ નહીં ગુજરાત સદીઓથી તજજ્ઞ વૈદ્યોની ભૂમિ રહી છે ત્યારે આ સમિટ મહત્ત્વની પુરવાર થશે. ગુજરાતના લોકો દુનિયાભરમાં પોતાની ઉદ્યોગસાહસિકતા માટે જાણીતા છે. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય છે. ગુજરાતમાં ઉદ્યોગ-પ્રોત્સાહક નીતિઓ, 'ઇઝ ઑફ ડુઈંગ બિઝનેસ', લૉજિસ્ટિક્સ ઇઝ, એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ જેવાં પાસાંઓને કારણે ભારતને ટ્રેડિશનલ મેડિસિનનું હબ બનાવવામાં ગુજરાત મહત્ત્વની ભૂમિકા ભજવશે. આયુષ ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઇનોવેશન સમિટ ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના જ્ઞાનના સમગ્ર વિશ્વમાં પ્રસાર માટેનો સ્વર્ણિમ અવસર બનશે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના ડાયરેક્ટર જનરલ શ્રી ડો. ટેડરોસ એધનોમ ગુજરાતીમાં સંબોધનની શરૂઆત કરીને લોકોનાં દિલ જીતી લીધાં હતાં. તેમણે પોતાનું સંબોધન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગાંધીબાપુને યાદ કર્યા હતા અને કહ્યું કે, મને મહાત્મા





ગાંધીની ભૂમિ પર આવવાનું સૌભાગ્ય મળ્યું છે. આ અવસરે તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

ગ્લોબલ આયુષ ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઇનોવેશન સમિટ-૨૦૨૨માં ઉપસ્થિત મહાનુભાવોને સંબોધતાં જનરલ શ્રી ટેડરોસ એધનોમે જણાવ્યું હતું કે, વિશ્વ એક પરિવાર છે ત્યારે આપણા સમાજને વિરાસતમાં મળેલા સ્વાસ્થ્ય અંગેના જ્ઞાનથી તમામ લોકોને લાભાન્વિત કરવા જોઈએ. વિશ્વ આરોગ્ય સંગઠન તેનું પાલન પણ કરી રહ્યું છે. અમે પરંપરાગત દવાઓ અંગે, તેના અમલીકરણ તેમજ ક્લિનિકલ ટ્રાયલ, વૈજ્ઞાનિક પુરાવા અને પદ્ધતિઓ પર ભાર મૂક્યો છે. આ વર્ષે આ ઉદ્યોગ ૨૩ અબજ અમેરિકી ડૉલર સુધી પહોંચી શકે છે.



પરંપરાગત દવાઓ અંગેના ક્ષેત્ર વિશે વાત કરતાં શ્રી ટેડરોસે જણાવ્યું હતું કે, આ ક્ષેત્રને આગળ લઈ જવા માટે મુખ્ય ત્રણ બાબતો ઉપર ધ્યાન રાખવાની જરૂર છે, જેમાં પ્રથમ ઇનોવેશન ઇકોસિસ્ટમને ટેકો આપવા માટે લાંબા ગાળાના વ્યૂહાત્મક રોકાણની જરૂર છે. બીજું તેનો વિકાસ ટકાઉ રીતે થવો જોઈએ અને જે લોકો આમાં સહયોગી અને ભાગીદાર બન્યા છે તેમને પણ આ લાભ મળવો-આપવો જોઈએ .

શ્રી ડો. ટેડરોસ એધનોમે કહ્યું કે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન - WHO ૭૫ વર્ષની થવા જઈ રહ્યું છે. ભારત પણ ૭૫મા સ્વતંત્ર દિનની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પરંપરાગત દવાઓ પર 'ઍન્યુઅલ ગ્લોબલ મીટ'નો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના માટે અમે સહમત પણ થયા છીએ અને આવતા વર્ષે પ્રથમ બેઠક પણ યોજાશે એમ તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. શ્રી ડો. ટેડરોસે જામનગરમાં WHOના સેન્ટર અંગે પણ માહિતી પૂરી પાડીને કહ્યું કે જામનગરમાં WHO સેન્ટર વિશ્વભરમાં પરંપરાગત દવાઓમાં ગુજરાતને અગ્રેસર બનાવશે.




કેન્દ્રીય આયુષ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું હતું કે, આયુષ પ્રણાલીઓમાં ઉદ્યોગસાહસિકતા અને વ્યવસાય વિકાસનો વ્યાપક અવકાશ છે. આરોગ્ય, રોગ અને ખર્ચ અસરકારકતા પ્રત્યેના તેના સર્વગ્રાહી અભિગમના આધારે રોગના પ્રાથમિક નિવારણ સાથે સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવામાં એક આધાર બને છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશને અનુરૂપ નીતિઓ અને કાર્યક્રમને કારણે દેશની અંદર અને સમગ્ર વિશ્વમાં વિકાસ પામી રહેલા આરોગ્ય સંભાળ, વિતરણ પ્રણાલીના અભિગમને સાચવવા અને પ્રોત્સાહિત કરવાનો અમને ગર્વ છે.

ઉદ્યોગ ક્ષેત્રે આયુષ મંત્રાલય વૃદ્ધિનું નિહાળી રહ્યું છે, જે વર્ષ ૨૦૧૪માં ૩ બિલિયન ડૉલરથી વધીને અત્યારે ૧૮.૧ બિલિયન ડૉલરથી વધુ પહોંચ્યું છે. ભારત વૈશ્વિક સ્તરે લગભગ ૧૫૦ દેશોમાં ૧૦.૪૫ કરોડ કિગ્રાનાં હર્બલ અને આયુષ ઉત્પાદનોની નિકાસ કરે છે.

આયુષ મંત્રાલયે આ સંદર્ભે તાજેતરમાં ઘણી પહેલ કરી છે. આયુષ મંત્રાલય તેમજ સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) આયુર્વેદ અને અન્ય પરંપરાગત દવાઓના વ્યાવસાયિકો વચ્ચે ઉદ્યોગ સાહસિકતા વિકસાવી રહ્યા છે, જેમાં ડિગ્રીધારકો, દવા ઉત્પાદકો અને ખેતી કરનારાઓનો સમાવેશ થાય છે. આયુષ મંત્રાલયે MSME સાથે મળીને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (EDP) પણ વિકસાવ્યો છે, જેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટાર્ટઅપ ઈન્ડિયાની પહેલને અનુરૂપ યુવા ઉદ્યોગ સાહસિકોને આયુષમાં સ્ટાર્ટઅપ સ્થાપવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આયુષ પ્રણાલી એટલે આયુર્વેદને નેપાળ, શ્રીલંકા, મલેશિયા, યુએઈ, બાંગલાદેશ, ક્યુબા, કોલંબિયા, સ્વિટ્ઝર્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તેમજ અન્ય દેશોમાં માન્યતા પ્રાપ્ત છે. આ ઉપરાંત ઘણા લૅટિન અમેરિકન દેશો અને યુરોપિયન દેશો પણ આ પ્રણાલી અપનાવાનું સક્રિયપણે વિચારી રહ્યા છે.

આ ત્રિદિવસીય સમિટમાં લગભગ ૯૦ પ્રતિષ્ઠિત વક્તાઓ અને ૧૦૦ પ્રદર્શકોની હાજરી સાથે પાંચ પૂર્ણ સત્ર, ૮ રાઉન્ડ ટેબલ, ૬ વર્કશોપ અને બે સિમ્પોઝિયમ યોજાયાં હતાં. આ પ્રસંગે વડાપ્રધાનશ્રી મોદીના હસ્તે આયુષ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ, આયુષ મંત્રાલયની પુસ્તિકા, પોર્ટલ, આઈસીટી ઈનિશિયેટિવ ઑફ મિનિસ્ટ્રી ઑફ આયુષ હેઠળ આયુષ ઈન્ફર્મેશન હબ, આયુષ GIS, આયુષ નેક્સ્ટ અને આયુષ સૉફ્ટવેરનું લૉન્ચિંગ કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય આયુષ રાજ્ય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, રાજ્ય મંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વિવિધ દેશોના રાજદૂતો, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન સહિત રાજ્યના ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ, આરોગ્ય-આયુષ મંત્રાલય-WHOના અધિકારીશ્રીઓ, આયુર્વેદાચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભારતભરની ૭૫૦થી વધુ આયુર્વેદ કૉલેજના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

## સૌરાષ્ટ્રની ઝાંખી કરાવતો ભવ્ય રોડ શો માણતા મોરિશિયસના વડાપ્રધાન





જામનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન કેન્દ્રના શિલાન્યાસ પ્રસંગે મોરિશિયસના વડાપ્રધાન પણ ખાસ જોડાયા હતાં. મોરિશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ ઍરફોર્સ સ્ટેશન ખાતે પધારતાં તેમનું રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે સ્વાગત અભિવાદન કર્યું હતું. આ તકે સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી તેમની સમક્ષ રજૂ કરવામાં આવી હતી. મોરિશિયસના વડાપ્રધાન શ્રી જુગનાથ ઍરફોર્સથી બહાર નીકળતાં તેમના અભિવાદન માટે ભવ્ય રોડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાતીગળ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ યુવાઓ દ્વારા રાસગરબાની રમઝટ બોલાવી આપણી સંસ્કૃતિનાં દર્શન તેમને કરાવ્યાં હતાં. વડાપ્રધાન શ્રી જુગનાથનું ઠેર ઠેર પુષ્પવર્ષાથી સ્વાગત કરતા વિવિધ સ્ટૉલ સાથે દુહા-છંદ અને દેશભક્તિનાં ગીતો વગાડવામાં આવ્યાં હતાં. આ તકે મોરિશિયસના વડાપ્રધાન સાથે આવેલા તેમનું ડેલિગેશન પણ આ અદકેરા સ્વાગતથી ભાવવિભોર બની ગયું હતું. ●

## વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ડો. ટેડરોસનું ભાવભીનું સ્વાગત

જામનગર ખાતે WHO અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનો શિલાન્યાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ડો. ટેડરોસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે આવી પહોંચતાં તેમનું સ્વાગત કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ કર્યું હતું. તેમજ આ પ્રસંગે તેમની સાથે કેન્દ્રીય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા અને ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ પણ જોડાયા હતા. ત્યારબાદ WHOના ડાયરેક્ટર જનરલ ઍરફોર્સથી સભાસ્થળે પહોંચવા રવાના થયા હતા. આ દરમિયાન જામનગરવાસીઓએ તેમનું સ્વાગત અને અભિવાદન કરવા માટે પરંપરાગત વસ્ત્રોમાં રાસગરબા અને વિવિધ કૃતિઓ તેમની સમક્ષ રજૂ કરી હતી. ડૉ. ટેડરોસનું પુષ્પવર્ષાથી પરંપરાગત સ્વાગત કરી તેમને વધાવ્યા હતા. આ તકે જામનગરવાસીઓ પણ તેમના અભિવાદન કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા અને ભારતીય સંસ્કૃતિનાં દર્શન કરાવ્યાં હતાં.

## WHOના વડા ગાંધી આશ્રમની મુલાકાતે

વિશ્વ આરોગ્ય સંસ્થાના ડિરેક્ટર ઓફ જનરલ ડો. ટેડરોસ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન અમદાવાદમાં સુપ્રસિદ્ધ ગાંધી આશ્રમની મુલાકાતે કરી હતી. જ્યાં તેઓનું સૂતરની આંટી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ડો. ટેડરોસ ગાંધી આશ્રમમાં રેંટિયો કાંત્યો હતો અને ગાંધીજીને યાદ કરી વિઝીટર બુકમાં પોતાનો અનુભવ શેર કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવીયા અને કેન્દ્રીય આયુષ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



# વૈશ્વિક કક્ષાના દેશના પ્રથમ 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'ની મુલાકાતે PM



# નવી પેઢીને ઑનલાઇન અને ઑફલાઇનના ભેદ અંગે સમજ આપવી જોઈએ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

આપણી નવી પેઢી ભાગ્યશાળી છે કે તેઓને આધુનિક ટેક્નોલૉજીનો લાભ મળી રહ્યો છે. નવી ટેક્નોલૉજી હવે સુલભ બની છે ત્યારે વાસ્તવિક વિશ્વની અવગણના થવી ન જોઈએ. ટેક્નોલૉજીથી વિકાસનાં નવાં દ્વાર ખૂલી જાય છે. વર્ચ્યુઅલ વિશ્વમાં રહેતા આજના યુવાનોએ ઑફલાઈન દુનિયા સાથે તાદાત્મ્યતા બનાવી રાખવી જોઈએ. ગુજરાત શિક્ષણ ક્ષેત્રે હંમેશાં કંઈક નવીન કરતું આવ્યું છે. આ જ ક્રમમાં ગાંધીનગર ખાતે વૈશ્વિક કક્ષાના રિયલ ટાઈમ ઑનલાઈન મૉનિટરિંગ-વિદ્યા સમીક્ષા કેન્દ્રની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર તથા સચિવ શ્રી ડૉ. વિનોદ રાવ જોડાયા સહિતના મહાનુભાવો-શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે અત્યાધુનિક મૉનિટરિંગ રૂમમાંથી વડાપ્રધાન શ્રી મોદીએ ગુજરાતભરના વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, મુખ્ય શિક્ષકો, બી.આર.સી., સી.આર.સી., તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સાથે સીધો ઈ-સંવાદ કરીને શિક્ષણ ક્ષેત્રે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગાંધીનગર સ્થિત શિક્ષણ વિભાગના અદ્યતન 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'ની મુલાકાત લીધી ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા બૅન્ડની મધુર સુરાવલિ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડાપ્રધાનશ્રીએ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે વિદ્યાના દેવતા એવા વેદવ્યાસજીની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રદર્શન કક્ષ-૧ની મુલાકાત લીધી હતી, જ્યાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ આધારિત



ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે કરેલી નવી પહેલ વિવિધ છ કાર્યક્રમ વિશે માહિતી મેળવી હતી, જેમાં શાળા પ્રવેશોત્સવ ૨.૦, ફાઉન્ડેશનલ લિટરસી ઍન્ડ ન્યુમરસી, કેન્દ્રીયકૃત મૂલ્યાંકન, ગુણોત્સવ ૨.૦, ટેક્નોલૉજી એનેબલ લર્નિંગ ઇનિશિયેટિવ અને સ્કૂલ ઍડમિનિસ્ટ્રેટિવ સિસ્ટમ અંગે વિસ્તૃત જાણકારી શિક્ષણ વિભાગના સચિવ શ્રી ડૉ. વિનોદ રાવે આપી હતી. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ એક વિદ્યાર્થીની એકમ કસોટીની પુસ્તિકાનું સ્વનિરીક્ષણ કર્યું હતું. કોરોનાકાળમાં ઑનલાઇન શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, ત્યારે વિદ્યાર્થીઓ પાસે મોબાઇલની ઉપલબ્ધતા તેમજ ઇન્ટરનેટ કનેક્ટિવીટી સહિતના સાહજિક પ્રશ્નોની જાણકારી મેળવી હતી. શ્રી મોદીએ ગુણોત્સવ બાબતે વર્ગખંડમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની મૂલ્યાંકન પદ્ધતિ વિશે જાણકારી મેળવી હતી.

વડાપ્રધાનશ્રીએ પ્રદર્શન કક્ષ-૨ની મુલાકાત લઈ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓને શિક્ષણની ગુણવત્તા માટે શરૂ કરવામાં આવનાર સીમાચિહ્નરૂપ કાર્યક્રમો વિશે જાણકારી મેળવી હતી.

વડાપ્રધાનશ્રીને વર્લ્ડ બૅંક અને A.I.I.B. (એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બૅંક)ના સહયોગથી શરૂ કરવામાં આવનાર રૂ. ૧૦ હજાર કરોડના સ્માર્ટ પ્રોજેક્ટ મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ કાર્યક્રમ થકી રાજ્યની ૨૦ હજાર જેટલી સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કાયાપલટ કરી આ શાળાઓ ઉચ્ચતમ શિક્ષણ માટેની સ્માર્ટ ક્લાસ, Stem લૅબ, કૉમ્પ્યુટર લૅબ, પ્લેગ્રાઉન્ડ સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ વૈશ્વિક કક્ષાનું શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીનું ઘડતર કરી શકશે. તે ઉપરાંત, ઉત્તમ કક્ષાના નિવાસી શિક્ષણ માટે રેસિડેન્સિયલ સ્કૂલ ઑફ એક્સલેન્સ કાર્યક્રમ હેઠળ દોઢ લાખ જેટલા વિદ્યાર્થીઓને ધો. ૬થી ૧૨નું શિક્ષણ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવશે. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે, સંપૂર્ણ કાર્યક્રમ લોકભાગીદારીથી થશે, જેમાં પ્રોજેક્ટ પાર્ટનરે તમામ પ્રકારની સુવિધાઓ માટે મૂડીરોકાણ કરવાનું રહેશે. આ પ્રોજેક્ટ પાર્ટનરને રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વિદ્યાર્થી વાર્ષિક રૂ. ૬૦ હજાર આપવામાં આવશે.

વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સલામતી અને આંતરિક સલામતી જાણવા ઉત્સુક બની ભવિષ્યમાં સેના તથા બી.એસ.એફ. અને પોલીસ જેવાં દળોનો ભાગ બનવાનો અભિગમ કેળવે તેવા હેતુથી સૈનિક





શાળાઓ સમકક્ષ રક્ષાશક્તિ શાળાઓ શરૂ કરી વિદ્યાર્થીઓને ધોરણ ૬થી ૧૨નું નિવાસી શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવશે.

દેશની પ્રાચીન સંસ્કૃતિથી વિદ્યાર્થીઓ વાકેફ થાય અને સંસ્કૃત ભાષામાં નિપુણ બને એવા હેતુથી વિદ્યાર્થીઓને સંસ્કૃત માધ્યમમાં શિક્ષણ પૂરું પાડવા સંસ્કૃત સાધના અને સંસ્કૃત શક્તિ જેવાં બે મહત્ત્વના કાર્યક્રમોની જાણકારી શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા વડાપ્રધાનશ્રીને આપવામાં આવી હતી. ત્યારબાદ વડાપ્રધાનશ્રીએ આ વિદ્યા સમીક્ષા કેન્દ્રના ચાવીરૂપ એવા વીડિયો વૉલ રૂમની મુલાકાત લીધી હતી.

મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સના કાર્યક્રમમાં સમાવિષ્ટ થનાર તમામ શાળાઓનું મૉનિટરિંગ વીડિયો વૉલ-૧ દ્વારા કેવી રીતે કરવામાં આવે છે તેનું નિરીક્ષણ કર્યા બાદ વડાપ્રધાનશ્રીએ વીડિયો વૉલ-૨ની મુલાકાત લઈ ડેશ બોર્ડ ઉપર ઉપલબ્ધ માહિતીના આધારે કેવી રીતે શિક્ષકો, સુપરવિઝન સ્ટાફનું અસરકારક મૉનિટરિંગ થાય છે તેમજ વિદ્યાર્થીઓ અને શાળા સંબંધિત ડેટા અને આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સના બિગ ડેટા, ઍનૅલિટિક્સના માધ્યમથી મીનિંગફુલ ઍનૅલિસિસ કરી તેનો માળખાકીય શિક્ષણના તમામ નીતિવિષયક નિર્ણયો કેવી રીતે લેવામાં આવે છે તેની ઊંડાણપૂર્વકની માહિતી મેળવી હતી.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ બનાસકાંઠા જિલ્લાના અંબાજી-જેતવાસ ખાતેની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ, શિક્ષકો તથા ગ્રામજનો સાથે ટુ વે સંવાદ સાધી શાળાના શિક્ષણ, વ્યવસ્થા અને સુવિધા તેમજ તેઓના ભાવિ ઘડતર અંગે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી તેમને માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ કચ્છ જિલ્લાના વાંકી પ્રાથમિક શાળાના એસ.એમ.સી.ના સભ્ય રાઠોડ કલ્પનાબહેન સાથે વાત કરી સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવતા પ્રયાસોથી બાળકોના શિક્ષણમાં કેટલો સુધારો આવ્યો તેની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ ધોરણ-૮ની વિદ્યાર્થિની પૂજાબા સાથે વાર્તાલાપ કરી અન્ય વિસ્તારમાંથી આવતા શિક્ષકો સ્થાનિક ભાષામાં શીખવી શકે છે કે કેમ તે બાબતની પૃચ્છા કરવાની સાથે સાથે વડાપ્રધાનશ્રીએ મુખ્ય શિક્ષક સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ વિદ્યાર્થીઓને શારીરિક રીતે સ્વસ્થ રાખવા શારીરિક શિક્ષણ, યોગા જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે કે કેમ તેની પૂછપરછ કરી હતી. વડાપ્રધાનશ્રીએ તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના ઊંટાવદ ગામની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનાં સુશ્રી દર્શનાબહેન સાથે વાર્તાલાપ કરી કેટલા વિદ્યાર્થીઓ દીક્ષા પૉર્ટલનો ઉપયોગ કરે છે એ બાબતની પણ પૃચ્છા કરી હતી.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે રાજ્યના શિક્ષણ વિભાગના સચિવ શ્રી વિનોદ રાવ, પી. એમ. પોષણ યોજનાના કમિશનર શ્રી એસ. એ. પટેલ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ડૉ. એમ. આઇ. જોશી,



જી.સી.ઇ.આર.ટી.ના પૂર્વ નિયામક શ્રી ટી. એસ. જોશી, સમગ્ર શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. રતનચારણ ગઢવી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચૅરમૅન શ્રી એ. જે. શાહ, GIETના નિયામક શ્રી ડૉ. પી. એ. જલુ, મધ્યાહ્ન ભોજનના કમિશનર શ્રી સતીશ પટેલ, સહિતના ઉચ્ચ અધિકારીઓએ પ્રેઝન્ટેશનના માધ્યમથી શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલી કામગીરીની વિસ્તૃત વિગતો વડાપ્રધાનશ્રીને આપી હતી. વડાપ્રધાનશ્રીએ એકમ કસોટીની ઉત્તરવહીનું પણ રસપૂર્વક નિરીક્ષણ કરીને જરૂરી સૂચનો કર્યાં હતાં.

## રાજ્યભરના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સી.આર.સી. કો-ઓર્ડિનેટર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ઈ-સંવાદ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌપ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતેથી અનુપમ પ્રાથમિક શાળા, ખેરોજનાં મુખ્ય શિક્ષિકા રાજશ્રીબહેન પટેલ, ધોરણ-7ની વિદ્યાર્થિની અશરુફા બહાન યુનુસભાઈ, સી.આર.સી. કો-ઑર્ડિનેટર જયેશભાઈ પટેલ સાથે, કચ્છ જિલ્લાની વાંકી પ્રાથમિક શાળાનાં એસ.એમ.સી.નાં સભ્ય કલ્પનાબહેન રાઠોડ, વિદ્યાર્થિની પૂજાબા તેમજ મુખ્ય શિક્ષક શ્રી નારાયણભાઈ ગોયલ સાથે, જ્યારે તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાની ઊંટાવદ ગામની કેજીબીવીનાં શિક્ષિકા દર્શનાબહન કારેલિયા તેમજ ધોરણ-10ની વિદ્યાર્થિની તન્વી વસાવા સાથે ઈ-સંવાદ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ આ સંવાદ દરમિયાન કેન્દ્ર સરકારની નવી શિક્ષણનીતિ અને ટેક્નોલૉજી આધારિત આધુનિક શિક્ષણપ્રણાલી, જેવી કે દીક્ષા પૉર્ટલ, જી-શાળા ઍપના ઉપયોગ થકી શૈક્ષણિક કાર્યમાં આવેલી સરળતા અને બાળકોમાં નવું શીખવાની ધગશ અને ઉત્સાહને વિકસાવવા અંગે વિગતવાર સમજણ આપી હતી.

વડાપ્રધાનશ્રી મોદીએ નવી ટેક્નોલૉજી સાથે તાલ મિલાવવા અને શિક્ષકોની સજ્જતા અંગે જાણકારી મેળવતાં પૂછ્યું કે વિદ્યાર્થીઓની નવી પેઢીને ટેક્નોલૉજીમાં રસ હોય એ સ્વાભાવિક છે, પરંતુ શિક્ષકો માટે આ નવી પદ્ધતિથી કામગીરીમાં કેવી અને કેટલી સરળતા આવી છે? અને શિક્ષણનો ભાર કેવી રીતે હળવો થયો છે? તેની માહિતી મેળવી હતી.

વડાપ્રધાનશ્રીએ વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા કરવામાં આવતી આ કામગીરી અંગે પૃચ્છા કરતાં કહ્યું કે શું આ જ ટેક્નોલૉજીનો ઉપયોગ પોષણ અભિયાન સાથે જોડીને વિદ્યાર્થીઓમાં પોતાના ખોરાક અને તેમાં રહેલા પોષક તત્ત્વો વિશે દૈનિક કે સાપ્તાહિક ચાર્ટના માધ્યમથી જાગૃતિ લાવી શકાય કે કેમ? તેનું મૂલ્યાંકન પણ કરવું જોઈએ. આ સંદર્ભે પ્રધાનમંત્રીશ્રીએ તેમની કૅનેડાની મુલાકાત દરમિયાન પોષણ અંગે ટેક્નોલૉજી આધારિત કિયોસ્ક મશીન અંગે થયેલા અનુભવો પણ વ્યક્ત કર્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે આજે ટેક્નોલૉજી સરળ છે, પરંતુ તેના કારણે પ્રત્યક્ષ શિક્ષણને અસર ન પહોંચે એ





પણ એટલું જ જરૂરી છે. એટલા માટે વિદ્યાર્થીઓનો એકબીજા સાથેનો અને શિક્ષકો સાથેનો રૂબરૂ સંપર્ક જળવાઈ રહે એ પણ એટલું જ જરૂરી છે. આ માટે બાળકોને રમતગમત અને સમૂહજીવન માટે પ્રોત્સાહિત કરતાં રહેવા પર ભાર મૂક્યો હતો.

વડાપ્રધાન શ્રી મોદીએ કચ્છના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરતા કહ્યું હતું કે અભ્યાસમાં સ્થાનિક ભાષા અવરોધરૂપ ન બને તેનો પણ યોગ્ય ઉકેલ શોધવો જોઈએ તે માટે તેમણે મહેસાણી અને કચ્છી ભાષાનું ઉદાહરણ આપ્યું હતું.

તેમણે તમામ શિક્ષકોને સંબોધીને કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી નવી શિક્ષણનીતિમાં શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં રમતગમત અને શારીરિક શિક્ષણને પણ મુખ્ય પ્રવાહ સાથે વણી લેવામાં આવ્યા છે.

આ તકે વડાપ્રધાનશ્રીએ વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ પર ભાર મૂકતાં જણાવ્યું કે આ નવી નીતિમાં રમતગમતને હવે વધારાની પ્રવૃત્તિ-એક્સ્ટ્રા ઍક્ટિવિટી નહીં, પરંતુ મુખ્ય શિક્ષણનો જ એક ભાગ તરીકે સ્વીકારવામાં આવી છે.

વડાપ્રધાનશ્રીએ તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાની ઊંટાવદની કેજીબીવીનાં શિક્ષિકા દર્શનાબહેન કારેલિયા સાથે સંવાદ દરમિયાન તાપી જિલ્લામાં કનેક્ટિવિટી તેમજ વિજ્ઞાનપ્રવાહની શાળાઓની સંખ્યા, વિદ્યાર્થીઓની તબીબી અને વિજ્ઞાનમાં રુચિ અંગે પૃચ્છા કરી હતી. તેમણે ઉમેર્યું કે વર્ષ-2002 પહેલાં આ વિસ્તારમાં વિજ્ઞાનપ્રવાહની એક પણ શાળા નહોતી, જ્યારે આજે વિજ્ઞાનપ્રવાહની અનેક શાળાઓ ઉપલબ્ધ છે. વડાપ્રધાનશ્રીની વાતને સમર્થન આપતાં કેજીબીવીની ધોરણ-10ની વિદ્યાર્થિની તન્વી વસાવાએ જણાવ્યું કે વિજ્ઞાનપ્રવાહની શાળાઓના પરિણામે અમારું ડૉક્ટર બનવાનું સપનું પણ સાકાર થશે.

આ તકે વડાપ્રધાનશ્રીએ દાહોદ જિલ્લાની વાત કરતાં જણાવ્યું કે શૈક્ષણિક રીતે પછાત ગણાતા જિલ્લાઓમાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ગણિત સહિતના વિષયોમાં વધુ રસ લેતા થયા છે અને તેમનું શૈક્ષણિક સ્તર ઊંચું આવ્યું છે. વડાપ્રધાનશ્રીએ ભારતભરના આકાંક્ષી જિલ્લાઓ વચ્ચે નંબર-1 બનવાની સ્પર્ધાઓનું ઉદાહરણ આપીને ગુજરાતમાં પણ તાલુકા સ્તરે આ પ્રકારે વિવિધ વિષયોમાં સાપ્તાહિક સ્પર્ધાઓ થતી રહેવા પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાનશ્રીએ સમગ્ર સંવાદ દરમિયાન વિદ્યાર્થીઓ દીક્ષા પોર્ટલનો કેટલો અને કેવી રીતે ઉપયોગ કરે છે? તેની પણ માહિતી મેળવી હતી.

વડાપ્રધાનશ્રી સાથેના સંવાદ દરમિયાન અંબાજીની ખેરોજ પ્રાથમિક શાળાનાં મુખ્ય શિક્ષિકા રાજશ્રીબહેન પટેલે જણાવ્યું કે આજે ટેક્નોલૉજી થકી શિક્ષણ વધુ સરળ બન્યું છે. કોવિડની પરિસ્થિતિના કારણે લૉકડાઉનમાં ભલે શાળાઓ બંધ હતી, પરંતુ શિક્ષણ તો ચાલુ જ હતું. દીક્ષા પ્લૅટફૉર્મ અને જી-શાળા ઍપ થકી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વધુ સરળ બન્યું છે, જ્યારે કચ્છના વાંકી પ્રાથમિક શાળાનાં એસએમસી સભ્ય કલ્પનાબહેન રાઠોડે જણાવ્યું કે વિદ્યા સમીક્ષા કેન્દ્ર કાર્યરત થવાથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની નિયમિતતા વધી છે. ●





## વડાપ્રધાનના હસ્તે

# કચ્છમાં સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ જનસમર્પિત

રાજ્યના તમામ નાગરિકોને સારી, સસ્તી અને સત્વરે આરોગ્ય સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત સરકાર કટીબદ્ધ છે. નાગરિકોને ઘર આંગણે આરોગ્ય સુવિધા પૂરી પાડવા સંજીવની રથ, ધન્વંતરિ રથ શરૂ કરાયા છે. તેમજ રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજની શરૂ કરવાની દિશામાં મક્કમતાથી કાર્ય થઈ રહયુ છે. સરકારની સાથે રાજ્યની સામાજિક સંસ્થાઓ પણ આરોગ્ય ક્ષેત્રે પ્રશંસનીય કાર્ય કરી રહી છે. તાજેતરમાં આરોગ્ય ક્ષેત્રે કચ્છને આત્મનિર્ભર બનાવવાના કચ્છી લેવા પટેલ સમાજના પ્રયાસના ભાગરૂપે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ભુજમાં નિર્માણ પામેલ કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કે.કે. પટેલ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના વર્ચ્યુઅલ લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છી ભાષામાં વાતની શરૂઆત કરી ઉપસ્થિત સૌને આ, મડી કે મૂજા જય સ્વામિનારાયણ કહીને સૌના દિલ જીતી લીધા હતા. મુંજે કચ્છી ભા ભેણુ કી અયો... મજે મેં.... સંબોધન કરીને હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગની સૌ ઉપસ્થિતોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ભૂકંપથી થયેલી તારાજી પાછળ છોડીને કચ્છીજનો પોતાના પરિશ્રમ થકી પોતાનું ભાગ્ય લખી રહ્યા છે. આધુનિક સ્વાસ્થ્ય સુવિધા કચ્છને પ્રાપ્ત થવા બદલ શુભેચ્છા પાઠવતા વડાપ્રધાનશ્રીએ કે.કે. સુપર સ્પશિયિલિટી હોસ્પિટલ કચ્છને સસ્તી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડી ઉત્તમ ઈલાજની ગેરન્ટી બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

હોસ્પિટલ ફક્ત બીમારના ઈલાજ માટે જ નહીં પરંતુ સામાજિક ન્યાયને પણ પ્રોત્સાહિત અને પ્રતિષ્ઠિત કરે છે. જ્યારે કોઇ ગરીબને સસ્તી અને ઉત્તમ આરોગ્ય સેવા મળે ત્યારે તેનો વ્યવસ્થા પર ભરોસો વધે છે. હેલ્થ સેક્ટરમાં જેટલી યોજનાઓ લાગુ પાડી છે તેની પાછળનો હેતુ ઉત્તમ અને સસ્તી સુવિધા આપવાનો છે. આયુષ્યમાન ભારત યોજના અને જન ઔષધિ યોજના સહિત અન્ય યોજનાઓ થકી ગરીબોના લાખો રૂપિયા ઈલાજમાં ખર્ચ થવાથી બચી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કચ્છ અંગે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ પર્વે કરેલ સંકલ્પ પૂર્ણ કર્યો છે તે કર્તવ્ય ભાવ સમાજ પ્રત્યે નિષ્ઠા, સદભાવના, સંવેદના એ મોટી પૂંજી છે. કચ્છનો ક કર્તુત્વના ક તરીકે ઓળખાય તેવા ડગ માંડી રહ્યા છો. કચ્છના પોતાના સંબંધો અંગે વડાપ્રધાનશ્રી એ જણાવ્યું હતું કે, ભૂકંપ થી દર્દનાક સ્થિતિમાં કચ્છીઓ સાથે બંધાયેલ નાતાના પરિણામે હું કચ્છને છોડી શકતો નથી અને કચ્છ મને છોડી શકતું નથી. આવું સૌભાગ્ય જાહેર જીવનમાં બહુ ઓછા લોકો ને મળે છે તે મને મળ્યું છે.

કચ્છનો રણોત્સવ સમગ્ર દુનિયામાં ખ્યાતિ પામ્યો છે ત્યારે વડાપ્રધાનશ્રીએ વિદેશમાં વસતા કચ્છીઓને અપીલ કરતાં કહ્યું કે, વિદેશમાં વસતાં કચ્છી પરિવારોને વિનંતી છે કે, દર વર્ષે



વિદેશમાં રહેતો એક કચ્છી પરિવાર ઓછામાં ઓછા પાંચ વિદેશીઓને કચ્છનું રણ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે મોકલે. જેથી કચ્છ તેમજ સમગ્ર ગુજરાતમાં વિદેશી નાગરિકો આવે જેથી ટુરિઝમ ક્ષેત્રે પણ મોટા પ્રમાણમાં રોજગારી ઉત્પન્ન કરી શકાય તેમ છે.

આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે કચ્છીઓને સમગ્ર જિલ્લામાં ૭૫ જેટલા વિશાળ તળાવો બનાવવા અપીલ કરી હતી અને આ તળાવોના પાણી કચ્છની તાકાત બનીને ઊભરી આવશે તેવો આશાવાદ વ્યક્ત કરી ભારતના અન્ય ભાગોમાં રહેલા કચ્છીઓનો પણ સહયોગ લેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપીલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, સમૃદ્ધ સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં સ્વસ્થ સમાજ અને વ્યક્તિ મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને કચ્છના વિકાસની તેમની કટિબદ્ધતાના પગલે ભૂકંપ બાદ કચ્છ બેઠુ થઈને દોડતું થયું છે. ઝડપથી વિકસતા કચ્છ જિલ્લામાં આજે નવી સ્વાસ્થ્ય સેવાનો ઉમેરો થઇ રહ્યો છે. કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના શરૂ થતા હવે કચ્છના લોકોને ગંભીર અને જટીલ બિમારીની સારવાર ભુજમાં જ મળી રહેશે.

આ વર્ષે સરકારે એમ્બ્યુલન્સ સેવા વધારવા નવી ૧૦૦ એમ્બ્યુલન્સ અને ૧૦ મોબાઇલ સંજીવની સેવા પૂરી પાડવા રૂ.૨૨ કરોડની જોગવાઈ કરી છે. માતાના ગર્ભસ્થ શીશુથી લઇ વયોવૃદ્ધ અને દરેક ઊંમરના નાગરિકોના સ્વાસ્થ્ય માટે આ વર્ષે બજેટમાં ૧૨૨૪૦ કરોડ રૂ.ની ફાળવણી કરવામાં આવી છે.

આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે દાતા સર્વશ્રીઓનું સન્માન કરાયું હતું તેમજ સમાજનાં અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા. ●







# મોરબીમાં હનુમાનજીની ૧૦૮ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ







હનુમાન જયંતીના પવિત્ર અવસરે મોરબી ખોખરા હનુમાન મંદિર ખાતે નિર્માણ પામેલી ૧૦૮ ફૂટની વિશાળ પ્રતિમાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી અનાવરણ કર્યું હતું. આ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મચ્છુ હોનારતને યાદ કરતા મોરબી સાથે જૂનો નાતો હોવાનું જણાવ્યું હતું. તેમણે સામાન્ય સ્વયંસેવકના નાતે લોકો વચ્ચે રહી મોરબીવાસીઓ વચ્ચે રહી અને લોકો સાથેની સ્થિતિ જોવાનો મોકો મળ્યો હોવાનું જણાવ્યુ હતું. તેમણે કેશવાનંદ બાપુને યાદ કર્યા હતા.

મોરબીના અનુભવ આજે પણ સેવા આપવામાં સાથ આપે છે તેમ જણાવી મોરબીમાં આફતને અવસરમાં બદલવાની તાકાત છે. મોરબીમાં પહેલા ઈંટોના ભઠ્ઠા સિવાય કાંઈ નહોતું આજે ઉદ્યોગ જગત બન્યું છે. મોરબી જામનગર રાજકોટનો ત્રિકોણ જોઈને મીની જાપાન સાકાર થતું હોય તેમ લાગે છે અને કચ્છ પણ હવે આની સાથે આવી ગયુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં ઉમેરતા જણાવ્યું હતું કે કોઈ પણ શુભ કામ કરીને મુકો એટલે મોરબીમાં દાતાઓની હરીફાઈ થાય છે. કાઠિયાવાડ હાલ એક યાત્રાધામ બની ગયું છે. ટુરિઝમ અને યાત્રાધામે નવી તાકાત ઊભી કરી છે. જે જગ્યા પર શ્રીકૃષ્ણના લગ્ન થયા હતા ત્યારે માધવપુરનો મેળો એક રોજગારી બની ગઈ છે. રણોત્સવ જવા માટે મોરબી થઈને જ જાવું પડે છે. આપણી જગ્યાએ આપણા લોકોએ બનાવેલી વસ્તુ વાપરવા અને ભારતના લોકોએ ભારતની ધરતી પર બનેલી વસ્તુ વાપરીએ તો રોજીરોટી માટે તકલીફ ન પડે તેવા દિવસો આપણી સામે આવી જાય તેમ જણાવ્યું હતું. તેમણે ૧૩૦ કરોડ દેશવાસીઓ જ રામનું સ્વરૂપ છે અને તેના આશીર્વાદથી જ ભારત આગળ વધી રહ્યું હોવાનું જણાવ્યું હતું. ●

# કાવેરી નદી પર 'ટાઇડલ રેગ્યુલેટર ડેમ'નું ખાતમુહૂર્ત



ગુજરાતને ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો વરદાનરૂપે મળ્યો છે. તેમાં પણ દક્ષિણ ગુજરાત જળસમૃદ્ધ નદીઓ ધરાવતો વિસ્તાર છે, પરંતુ દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાઈ ખારાશને કારણે 'પાસે કૂવો છતાં તરસ્યા' જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ સમસ્યા સામે લડવા ટાઇડલ ડૅમ આશીર્વાદરૂપ છે. આ દિશામાં આગળ વધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવીના બીલીમોરા સ્થિત કાવેરી નદી પર રૂ. ૨૫૦ કરોડના ખર્ચે 'વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર ડૅમ પ્રોજેક્ટ'નું ખાતમુહૂર્ત કર્યું હતું

મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર યોજના'ની ઈ-તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું, ઉપરાંત બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં રેલવે ફાટક નં. ૧૦૮-૧૦૯ ઉપર રાજ્યના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના અનુદાનથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૫૫ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ સંપન્ન થયું હતું.

આઝાદીના અમૃતકાળમાં રાજ્ય સરકારે રાજ્યને અમૃતમય મીઠું પાણી પૂરુ પાડવાનું લક્ષ્ય સેવ્યું છે. ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાયમેટ ચેન્જના પડકારોથી સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે, ત્યારે રાજ્યમાં પાણીની મુશ્કેલી ન રહે તે માટે ભૂગર્ભ જળભંડારોને સમૃદ્ધ બનાવી સુદૃઢ જળવ્યવસ્થાપનની પ્રતિબદ્ધતા છે.

વાઘરેચ ખાતે નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આયોજિત વિશાળ જનસમારોહને સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં શ્રેણીબદ્ધ ચેકડૅમ, બોરીબંધ, સુજલામ-સુફલામ અને અન્ય બહુહેતુક યોજનાઓ, કૅનાલ અને પાઈપલાઈન નેટવર્ક, સૌની યોજના, ટાઇડલ પ્રોજેક્ટ્સ જેવા જળસંચય, જળસિંચન અને જળસંગ્રહ આયામોથી રાજ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. ખેડૂતોના ખેતરે ખેતરે પાણી પહોંચ્યું છે એમ જણાવી જળઆત્મનિર્ભરતા દ્વારા 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના સાકાર કરીશું એવો મત વ્યક્ત કર્યો હતો.

વાઘરેચ રેગ્યુલેટર પ્રોજેક્ટથી બીલીમોરા નગરપાલિકા સહિત ગણદેવી તાલુકાનાં ૧૦ ગામોને લાભ થશે. કાવેરી નદીમાં ૧૩ કિ.મી અને ખરેરા નદીમાં ૫ કિ.મી. લંબાઈમાં ૧૦૦ મિલિયન ક્યુબિક ફીટ મીઠા પાણીનો સંગ્રહ થશે તેમજ જૂની ખરેરા નદી પુનર્જીવિત થશે. બીલીમોરા અને આસપાસનાં દસ ગામોની ૩૫૦૦ એકર જમીનને સિંચાઈનો ફાયદો થશે. દરિયાની ભરતીનાં પાણી નદીમાં પ્રવેશતાં અટકશે, જેના લીધે સપાટી પરની તેમજ ભૂગર્ભ જળની ખારાશ અને ખેતીલાયક ફળદ્રુપ જમીનને નુકસાન થતું અટકશે. મુખ્યમંત્રીશ્રીએ વાઘરેચ રેગ્યુલેટર પ્રોજેક્ટ જળસમૃદ્ધિની ગેરંટી આપતી યોજના બનશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળશક્તિનો મહિમા કરીને તેને જનશક્તિ સાથે જોડી છે, ત્યારે રાજ્યમાં પીવાના, ઘરવપરાશ અને સિંચાઈના પાણીની સમસ્યા કે મુશ્કેલી લોકોને ન રહે તે માટે જળવ્યવસ્થાપનના ઉમદા પ્રયાસો સાથે રાજ્ય સરકાર સતત સજાગ છે

મુખ્યમંત્રીશ્રીએ દરિયાની ખારાશ અટકાવવાના પ્રયાસોની

સાથોસાથ વિષમય રાસાયણિક કૃષિના સ્થાને ઓછા પાણીએ તથા રાસાયણિક ખાતરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવી સાચા અર્થમાં ધરતીમાતાને હરિયાળી બનાવવા પ્રેરક આહ્વાન કર્યું હતું.

મધ્ય પ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઑફિસમાં બેસીને કોઈ પણ વિકાસયોજનાને આકાર આપવા કરતાં સ્થળ પર જઈને વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવી યોજનાઓને મૂર્તિમંત કરવાથી ગુણવત્તાયુક્ત પરિણામો મળે છે એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુસરીને ગુજરાત સરકારે વાઘરેચની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી સ્થાનિક વિસ્તારની જનતાના વિશાળ હિતમાં આ પ્રોજેક્ટ સાકાર થશે, જેનો લાભ મળતાં લોકોની પાણીની સમસ્યાઓ ભૂતકાળ બની જશે.

સ્થાનિક જનતાની વર્ષો જૂની લાગણી અને માગણીઓને વાચા આપી છે એમ જણાવી રાજ્યપાલશ્રીએ ગુજરાત સરકારની વિકાસને વેગ આપવાની પ્રતિબદ્ધતાને બિરદાવી હતી.

આરોગ્ય, જળસંપત્તિ અને સિંચાઈમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ચોમાસામાં ભરતીના કારણે બીલીમોરા શહેર તેમજ આજુબાજુના કાંઠાવિસ્તારનાં ગામોમાં ખારાશ આવતી અટકાવવાની આ સરકારે ચિંતા કરી છે. વાઘરેચ પરિયોજના માત્ર એક વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવશે, જેનાથી ૧૨ જેટલાં ગામોને આવનારા સમયમાં પીવાનું શુદ્ધ મીઠું પાણી મળી રહેશે. આદિજાતિ વિસ્તારના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં એક લાખ કરોડનું પૅકેજ બનાવાયું છે. આ બજેટમાં પાંચસો કરોડના ખર્ચે ચેકડૅમ, વિયર બનાવી વરસાદી પાણીનો સંગ્રહ કરવાનું સુચારુ આયોજન કરાયું છે.

આ અવસરે આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલે આવકારતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ અને વાઘરેચ ખાતે ટાઈડલ રેગ્યુલેટર ડૅમનું ખાતમુહૂર્ત કરી આ વિસ્તારની પ્રજાની માગણી પૂરી કરી છે. લોકોની સુખાકારીનાં કામો કરવા માટે રાજ્ય સરકાર હંમેશાં તત્પર છે.

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, વાઘરેચ ડૅમ બનવાથી તેર કિલોમીટર વિસ્તારમાં આવતાં ગામોમાં પીવાનું શુદ્ધ પાણી મળશે. અહીંના કાંઠાવિસ્તારમાં પીવાનું પાણી મળી રહે તે માટે અલગથી યોજના બનાવાશે.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પાણીપુરવઠા રાજ્યમંત્રી શ્રી જિતુભાઈ ચૌધરી, સાંસદ ડૉ. કે. સી. પટેલ, ધારાસભ્ય સર્વશ્રી પીયૂષ દેસાઈ, આર. સી. પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી અમિતપ્રકાશ યાદવ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભીખુભાઈ આહિર તથા પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.●

## બીલીમોરાના વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર પ્રોજેક્ટની ઝલક

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના બીલીમોરા નગર પાસેથી કાવેરી નદી પસાર થાય છે. બીલીમોરા અને તેની આજુબાજુનાં ગામોથી દરિયાનું અંતર આશરે ૧૩થી ૧૫ કિ.મી. જેટલું છે. આ વિસ્તારમાં ચોમાસામાં ભારે વરસાદ પડતો હોવાથી કાવેરી, અંબિકા નદીઓમાં દર ચોમાસે બેથી ત્રણ મોટાં પૂર આવે છે. આમ છતાં, દરિયાની ભરતીનું ખારું પાણી નદીમાં પ્રવેશવાને કારણે નદીના અને આજુબાજુ બોર/કૂવાનાં ભૂગર્ભ જળ ખારાં થઈ ગયાં છે, આ પાણીને ઘરવપરાશ, સિંચાઈ કે અન્ય વપરાશમાં લઈ શકાતું નથી. આમ બીલીમોરા અને આસપાસનાં અંદાજે ૧૦ ગામોમાં પીવાનાં મીઠાં પાણી તેમજ ખેતી કે અન્ય ઘરગથ્થુ ઉપયોગ માટે મીઠાં પાણીની ખૂબ મોટી અને ગંભીર સમસ્યા છે.

વાઘરેચ ગામે કાવેરી નદી અંબિકા નદીને મળે છે તે પહેલાં અને કાવેરી નદી પરના વાઘરેચ ગામ બીલીમોરા-વલસાડ કોસ્ટલ હાઈવેની હેઠવાસમાં વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર પ્રોજેક્ટ બનાવવાનું આયોજન કરાયું છે. ઉપરોક્ત રિચાર્જ પ્રોજેક્ટમાં કાવેરી નદી પર દરવાજાવાળું વિયર સ્ટ્રક્ચર તેમજ નદીના બંને કાંઠાનું પૂરથી સરંક્ષણ માટે પાળા અને દીવાલનું ઈ.પી.સી. ધોરણે બાંધકામ કરાશે.

## મહત્ત્વાકાંક્ષી વાઘરેચ ટાઇડલ યોજનાની વિગતો

આ યોજનામાં કાવેરી નદી પર ૫૦૦ મીટર લંબાઈમાં વિયર (પાઇલ ફાઉન્ડેશન સાથે) બાંધવામાં આવશે. નદીકિનારાના બીલીમોરા અને આજુબાજુનાં ગામોને પૂરથી સુરક્ષિત રાખવા માટે ૮૩૮૧ મીટર લંબાઈમાં હયાત પાળાનુ મજબૂતીકરણ, નવા પાળાનું બાંધકામ અને કૉંક્રીટની પાકી દીવાલ બાંધવામાં આવશે. ચોમાસાના પાણીના નિકાલ માટે ડ્રેનેજ અને સી. ડી. વર્ક્સ અને સિંચાઈ વ્યવસ્થા માટે એચ.આર. બાંધવામાં આવશે.

## વાઘરેચ રેગ્યુલેટર પ્રોજેક્ટથી થશે માતબર લાભો

વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર ડૅમ પ્રોજેક્ટથી બીલીમોરા નગરપાલિકા સહિત નવસારી/ગણદેવી તાલુકાનાં વાઘરેચ, ગોયંદી-ભાઠલા, દેસરા, આંતલિયા, વંકાલ, ઘેકટી, ઉડાચના લુહાર ફળિયા અને વાણિયા ફળિયા, ખાપરવાડા, વાસણ વગેરે ગામોને પીવા અને સિંચાઈ માટે મીઠું પાણી ઉપલબ્ધ થશે, ઉપરાંત જૂની ખરેરા નદી પુનર્જીવિત થશે.

## યુ.કે.નાં PM દેશની સૌ પ્રથમ

# ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીની મુલાકાતે



ગાંધીનગર સ્થિત દેશની સૌ પ્રથમ ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીની યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને તાજેતરમાં મુલાકાત લીધી હતી. આ વેળાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સાયન્સ ટેક્નોલોજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી પણ જોડાયા હતા. શ્રી બોરિસ જોન્સને યુનિવર્સિટી ખાતે વિવિધ સુવિધાઓનું બારીકાઇથી નિરીક્ષણ કર્યુ, ત્યારે મુખ્યમંત્રીશ્રીએ તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

બોરિસ જોન્સનની મુલાકાત અંગે જાણકારી આપતાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ યુનિવર્સિટી સંશોધનો અને ટેક્નોલોજી ક્ષેત્રે ભારતનું હબ બનશે અને વૈશ્વિક નામના મેળવશે એ ભારત અને ગુજરાતનું ગૌરવ છે.

મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ સાથે કોલોબોરેશન કરવામાં આવ્યું છે, જે રાજ્યની રિસર્ચ પ્રોફાઈલને મજબૂત કરશે અને એક ઈન્ટરનેશનલ કક્ષાના સ્ટાન્ડર્ડ રાજ્યમાં ઉપલબ્ધ થશે જે રાજ્યના યુવા વૈજ્ઞાનિકોને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરશે.

તેમણે ઉમેર્યું હતું કે બાયોટેક્નોલોજીના ક્ષેત્રમાં મોંઘા સાધનો અને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા પુષ્કળ મૂડી રોકાણની જરૂરિયાત હોય છે ત્યારે ગુજરાત બાયો ટેક્નોલોજી યુનિવર્સિટી પ્રોડક્ટ ડેવલપમેન્ટ માટે વિદ્યાર્થીઓને શરૂઆતથી જ વિશ્વકક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડશે. આ સુવિધાઓ એવા સંશોધકોને એક વિશ્વસ્તરનું પ્લેટફોર્મ આપશે.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી બાયોટેક્નોલોજી ક્ષેત્રે રિસર્ચ એન્ડ સ્ટાન્ડર્ડ માટે જે વર્ષોથી ભારતમાં રાહ જોવાઈ રહી હતી એ આજે પૂર્ણ થઈ છે. આ યુનિવર્સિટીમાં વૈશ્વિક સ્તરનું વાતાવરણ ઉપલબ્ધ થશે. આ યુનિવર્સિટી ખાતે આગામી સમયમાં આધુનિક ટેક્નોલોજીથી સજ્જ ટેકનિકલ ટેસ્ટિંગ ફેસિલિટિ, કન્ટેઇન્ટમેન્ટ ગ્રીનહાઉસ અને રિસર્ચ બિલ્ડીંગ માટેની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીની ઉચ્ચ શિક્ષણની યોજના માટે 'જીવંત પ્રયોગશાળા' હશે. આ મોડેલ સમગ્ર ભારતમાં આદર્શ મોડેલ હશે. જીબીયુથી ઉચ્ચ શિક્ષણમાં યુકે અને ભારત વચ્ચે ઊંડા અને અર્થપૂર્ણ ભાગીદારી માટે અગ્રતા સ્થાપિત થશે. યુકેના વડાપ્રધાનની જીબીયુની મુલાકાત સમગ્ર ભારત અને યુકેમાં શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટેની નોંધપાત્ર તકને પ્રકાશિત કરશે. ઉપરાંત, ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી જીવનપર્યંત વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતના વિકાસને આગળ ધપાવતા એન્જિનનો એક ભાગ બનશે. જે ઉદ્યોગ માટે તૈયાર પ્રતિભા, એક નવીન ઈકોસિસ્ટમ અને રિસર્ચ ક્ષેત્રે મૈત્રીપૂર્ણ સંસ્થાકીય ભાગીદારી પ્રદાન કરશે.

જીબીયુ ખાતે બાયોટેક્નોલોજીની એનીમલ, મેડિકલ એન્વાયરનમેન્ટ. ઈન્ડસ્ટ્રીયલ અને પ્લાન્ટ બાયોટેક્નોલોજી જેવી વિવિધ શાખાઓ ઉપલબ્ધ છે. જીબીયુના વધુ વિકાસ માટે રાજ્ય

સરકાર દ્વારા પૂરતા નાણા ફાળવીને આ યુનિવર્સિટી વધુ ને વધુ નામના પ્રાપ્ત કરી ભવિષ્યમાં સંશોધનો માટે વૈશ્વિક રીતે ગુજરાતનું નામ રોશન કરે તેવા પ્રયાસો રાજ્ય સરકાર હાથ ધરશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી સચિન ગુસીયા સહિત પ્રાધ્યાપકો, તજજ્ઞો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## UKના વડાપ્રધાને અક્ષરધામની મુલાકાત લીધી

યુ.કે.ના વડાપ્રધાન શ્રીયુત બોરિસ જોન્સને પોતાની ગુજરાત મુલાકાત અંતર્ગત વિશ્વ પ્રસિદ્ધ અક્ષરધામની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ જોડાયા હતા. યુ.કે.ના વડાપ્રધાન અને મુખ્યમંત્રીશ્રીનું અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા બી.એ.પી.એસ.ના બ્રહ્મવિહારી સ્વામી, ઈશ્વરચરણ સ્વામી અને વરિષ્ઠ સંતગણે ભાવભર્યુ અભિવાદન કર્યુ હતું. યુ.કે.ના વડાપ્રધાનશ્રીએ અક્ષરધામ સંકુલના વિવિધ પરિસરની પણ મુલાકાત લીધી હતી અને પ્રવૃત્તિઓની વિગતો જાણવામાં રસ દાખવ્યો હતો.

## સત્ય અને અહિંસાના મંદિર એવા ગાંધી આશ્રમની મુલાકાત લેતા શ્રી બોરીસ જોન્સન



યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ભારત પ્રવાસની શરૂઆત ગુજરાતથી કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે અમદાવાદમાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમની સમગ્ર મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ તેમની સાથે જોડાયા હતા. ગાંધી આશ્રમની મુલાકાત લેતાં શ્રી બોરિસ જોન્સન હૃદયકુંજમાં ગાંધીજીની પાવનભુમિમાં આવીને ગાંધી વિચારોથી પ્રભાવિત થયા હતા.

તેમણે ગાંધીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા. હૃદયકુંજના વિવિધ ખંડો નિહાળી તેઓએ ગાંધીજીને પ્રિય એવા ચરખા પર કાંતણ કર્યું હતું અને ગાંધી આશ્રમ ખાતે આવેલી અમદાવાદ ગેલેરીની પણ મુલાકાત લીધી હતી. યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ઐતિહાસિક ગાંધી આશ્રમમાં આવેલી મીરા કુટિરની પણ મુલાકાત લીધી હતી. આ કુટિર બ્રિટિશ નાગરિક લેડી મેડલીન સ્લેડના નામ પરથી રાખવામા આવ્યું છે. તેઓ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈને ગાંધી આશ્રમ આવ્યા હતા અને તેઓ જે કુટિરમાં રહેતા હતા એ કુટિરનું નામ મીરા કુટિર રાખવામાં આવ્યું છે. વિઝિટર્સ બુકમાં પોતાનો ભાવ વ્યક્ત કરતા યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને લખ્યું કે, 'મારી ગાંધી આશ્રમની મુલાકાત અવર્ણનીય છે અને ગાંધી આશ્રમમાં આવવાનો મારો અનુભવ પણ ખૂબ જ સારો રહ્યો. સત્ય અને અહિંસાથી દુનિયા કેવી રીતે બદલી તેનું ઉદાહરણ સમગ્ર વિશ્વને ગાંધીજીએ પૂરું પાડ્યું છે...' આ અવસરે ગાંધી આશ્રમ તરફથી 'ગાઈડ ટુ લંડન' અને 'ઓટોબાયોગ્રાફી ઓફ મીરાબેન' એમ બે પુસ્તકો શ્રી જોન્સનને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ વેળાએ મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે કૈલાસનાથન, જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, સાબરમતી આશ્રમના ટ્રસ્ટી શ્રી કાર્તિકેય સારાભાઈ, ટ્રસ્ટી શ્રી અમૃતભાઈ મોદી, સાબરમતી આશ્રમના ડિરેક્ટર શ્રી અતુલ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. ●

## હાલોલ JCB પ્લાન્ટની મુલાકાત લેતાં UKના PM

ગુજરાતનાં ઔદ્યોગિક વિસ્તાર એવા હાલોલમાં જે.સી.બી. મશીનનાં કંપનીના પ્લાન્ટનું વડાપ્રધાન શ્રી બોરીસ જોન્સને લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમની સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન પી.એમ. શ્રી બોરીસ જોન્સને પ્લાન્ટની મુલાકાતની સાથે ત્યાં કામ કરતાં કર્મચારીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.



### મુખ્યમંત્રીશ્રીએ બગોદરા-તારાપુર ૬ લેન રોડનું લોકાર્પણ કર્યું

# સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત જવું સુરક્ષિત અને ઝડપી બન્યું



દેશ અને દુનિયાના લોકો ઉદ્યોગ-વેપાર રોકાણો માટે ગુજરાત પર પસંદગી ઉતારે છે તેના મૂળમાં રાજ્યની સુદૃઢ કનેક્ટિવિટી અને આંતરમાળખાકીય સુવિધા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જમીનથી જોડતા બગોદરા-તારાપુર હાઈવેના છ માર્ગીકરણની કામગીરી પૂર્ણ થતાં તાજેતરમાં તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, બગોદરાથી તારાપુર ૫૪ કિલોમીટરના રસ્તાના લોકાર્પણથી ગુજરાતના વિકાસની હરણફાળનું વધુ એક ઉદાહરણ આજે આપણી સૌ સમક્ષ છે. આ માર્ગ રૂ. 649 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માર્ગ-મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીની ઉપસ્થિતિમાં આ માર્ગના પૅકેજ-૧ની રૂ. ૬૪૯ કરોડના ખર્ચે પૂર્ણ થયેલી બગોદરાથી તારાપુરના ૫૪ કિલોમીટર માર્ગની ૬ લેન કામગીરીનું લોકાર્પણ કર્યું હતું.

વાસદથી તારાપુર ૪૭ કિલોમીટર અને તારાપુરથી બગોદરા ૫૪ કિલોમીટર એમ બે ભાગમાં કુલ ૧૦૧ કિલોમીટરનો રોડ કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયો છે. આ રસ્તો દક્ષિણ અને મધ્ય ગુજરાતના લાખો નાગરિકોને અવરજવર માટે એક સેતુરૂપ સાબિત થવાનો છે. રાજ્યના માર્ગ-મકાન વિભાગે બગોદરા-તારાપુર-વાસદના સમગ્ર માર્ગને ૬ લેન કરવાનો પ્રોજેક્ટ બે પૅકેજમાં હાથ ધરવાનો નિર્ણય કરીને તારાપુર-વાસદ માર્ગના રૂ. ૧૦૦૫ કરોડના ખર્ચે ૬ લેન કામગીરી ઑક્ટોબર-૨૦૨૧માં પૂર્ણ કરી દીધી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં વિકાસને નવી ગતિ આપીને નિતનવાં સિમાચિહ્નો હાંસલ કરી રહ્યું છે. વિકાસની રાજનીતિથી છેવાડાનાં અંતરિયાળ ગામોના લોકોને પણ રોડ-રસ્તા, પાણી, શિક્ષણ-આરોગ્ય જેવી સુવિધાથી સાંકળી લઈને વિકાસ કોને કહેવાય તે આપણે લોકોને બતાવી દીધું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, હવે લોકોએ પણ ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત એ વાત સ્વીકારી લીધી છે. વિકાસની પ્રાથમિક શરત એવી ત્રણ મુખ્ય બાબતો શિક્ષણ, સ્વાસ્થ્ય અને શાંતિને પણ સરકારે અગ્રતા આપી છે.

આ પ્રસંગે માર્ગ અને મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું કે, વાસદથી તારાપુર ૪૭ કિલોમીટર અને તારાપુરથી બગોદરા ૫૪ કિલોમીટર એમ બે ભાગમાં કુલ ૧૦૧ કિલોમીટરનો રોડ કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયો છે. આ રસ્તો દક્ષિણ અને મધ્ય ગુજરાતના લાખો નાગરિકોને અવરજવર માટે એક સેતુરૂપ સાબિત થવાનો છે.

ઉલ્લેખનીય છે કે, બગોદરા - તારાપુર છ માર્ગીય રસ્તો સૌરાષ્ટ્ર ઝોનને અને મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતને જોડતા સૌથી ટૂંકા છ માર્ગીય રસ્તાનો અનુભાગ છે. તદુપરાંત ૩૨ બસસ્ટૅન્ડ, હાઈટેક કૅમેરા સાથેની સર્વેલન્સ સિસ્ટમ, સ્પીડ ડિસ્પ્લે સિસ્ટમ તેમજ વેરિયેબલ મેસેજ ડિસ્પ્લે સિસ્ટમનો ઉપયોગ આ છ માર્ગીય રસ્તાઓ પર કરવામાં આવ્યો છે.

આ અવસરે સર્વે ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બાબુભાઈ પટેલ, મયૂરભાઈ રાવલ, જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે સહિત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## સુરેન્દ્રનગરમાં અંજનશલાકા મહોત્સવમાં ઉપસ્થિત રહેતા CM



સુરેન્દ્રનગરના વઢવાણ સ્થિત વિનયવાટિકામાં ૧૩૧ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહી ઝાલાવાડરત્ન જૈનાચાર્ય ગુરુભગવંત પ.પૂ. જગવલ્લભસૂરી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જૈન ધર્મના પાયાના સિદ્ધાંત જીવદયા, કરુણા અને અહિંસાએ સમગ્ર માનવજાતને પ્રેરણા આપી છે. મહાવીર ભગવાનનો જગત કલ્યાણક દિવસ ગઈકાલે જ ઊજવાયો છે, ત્યારે આચાર્ય ભગવંતોની નિશ્રામાં મોક્ષમાર્ગ કોને કહેવાય અને મોક્ષમાર્ગ પર ચાલવાની સતત પ્રેરણા મળી રહે છે.

વ્યક્તિના મનમાં કરુણા, અહિંસા, પ્રેમ, જીવદયા હોય ત્યારે જ આચાર્ય ભગંવતોએ દર્શાવેલા મોક્ષમાર્ગ પર ચાલી શકાય છે. જીવ પ્રત્યેનો અહિંસાનો ભાવ અરસપરસ જોડાયેલો છે. આપણે કોઈની હિંસા નહીં કરીએ તો આપણું કલ્યાણ થશે એટલે ફક્ત વિચાર બદલવાની આવશ્યકતા છે. જૈન ધર્મમાં જીવદયાના ભાવનું ખૂબ જ મહત્ત્વ છે ત્યારે આપણી ભવિષ્યની પેઢીને બચાવવા પાણીને ઘીની જેમ વાપરવાનો અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જીવદયા અંગે રાજ્ય સરકાર સતત ચિંતિત હોવાનું જણાવી આ વર્ષે બજેટમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ અભિયાન અંતર્ગત રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરી હોવાનું જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના પ્રયાસ થકી આત્મનિર્ભર ગુજરાત બનાવવા પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું આયોજક અને યજમાન પરિવાર દ્વારા વિશેષ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન અને પર્યાવરણમંત્રી શ્રી કિરીટસિંહ રાણા, ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ, તેમજ જૈન સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાંસદા ખાતે વિશ્વશાંતિ વૈદિક મહાયજ્ઞ યોજાયો



નવસારી જિલ્લાના વાંસદાસ્થિત દંડકવન ખાતે અખિલ ભારતીય વિહંગમ યોગ સંત સમાજ દ્વારા આયોજિત મહર્ષિ સદાફલદેવ આશ્રમના સાતમા વાર્ષિક મહોત્સવ, ૧૦૦૮ કુંડીય વિશ્વશાંતિ વૈદિક મહાયજ્ઞ તેમજ વિહંગમ યોગ સત્સંગ સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મધ્ય પ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ સહભાગી થયા હતા.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રેમ, કરુણા, ઊંચ-નીચના ભેદભાવમાંથી મુક્તિએ સદાફલદેવજી મહારાજની પરિકલ્પના હતી. ભારતની યોગશક્તિ વિશ્વમાં પ્રસ્થાપિત થાય તેવું મહારાજનું સ્વપ્ન હતું જે વડાપ્રધાનશ્રીના પ્રયાસોના પરિણામે આજે સમગ્ર વિશ્વ યોગદિનની ઉજવણી કરતું થયું છે.

મધ્ય પ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, અંધશ્રદ્ધામાંથી સમાજને બહાર લાવી સમાજ નિર્વ્યસની બને તથા અજ્ઞાનતાથી જ્ઞાનના પ્રકાશ તરફ લઈ જવાનું કાર્ય આશ્રમના માધ્યમથી થઈ રહ્યું છે જે બદલ સ્વતંત્ર મહારાજ તથા જ્ઞાનદેવજી મહારાજને અભિનંદન પાઠવ્યાં હતાં. આ અવસરે સદ્ગુરુ સ્વતંત્રદેવજી મહારાજે જણાવ્યું હતું કે, દંડકારણ્યની પાવનભૂમિ પર મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનાં પગલાં પડ્યાં હોવાનું જણાવીને સદાફલદેવજી મહારાજનાં સેવાકાર્યો ભવિષ્યમાં પણ આગળ વધતાં રહેશે તેમ તેમણે જણાવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોએ દંડકવન આશ્રમના સદાફલદેવજી મહારાજની પ્રતિમાનાં દર્શન કરીને સંસ્થાની આયન કી શ્વેત ધ્વજારોહણ કર્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સાંસદ ડો. કે. સી. પટેલ, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ અને મોહનભાઈ ઢોડિયા, મહિલા આયોગનાં અધ્યક્ષ શ્રીમતી લીલાબહેન અંકોલિયા, સંત પ્રવર શ્રી વિજ્ઞાનદેવજી મહારાજ અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા iCreate અને CSIR વચ્ચે MOU



ગુજરાતની આઇ-ક્રિયેટ અને ભારત સરકારની કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ - CSIR વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે MoU સંપન્ન થયા છે. દેશમાં ઉદ્યોગસાહસિકો અને સંશોધનકર્તા-રિસર્ચર્સ માટે આ MoU અંતર્ગત CSIR અને iCreate સંયુક્ત સંસાધનો ઉપલબ્ધ કરાવશે. આના પરિણામે દેશ અને રાજ્યમાં ઝડપી આર્થિક વિકાસ સાથે વૈશ્વિક કક્ષાના સ્ટાર્ટઅપ્સના નિર્માણમાં નવું બળ મળશે. આ MoUનું રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા અને CSIRના ચીફ સાયન્ટિસ્ટ અને હેડ સેન્ટ્રલ પ્લાનિંગ ડિરેક્ટોરેટ શ્રી કે. વેંકટેશ સુબ્રહ્મણયને પરસ્પર આદાન-પ્રદાન કર્યું હતું.

આ મહત્ત્વપૂર્ણ MoU અન્વયે iCreate નિર્ધારિત CSIR લૅબમાં નવા ઇન્ક્યુબેટર સ્થાપિત કરવામાં મદદ કરશે તથા આવા સ્ટાર્ટઅપ્સ CSIR નાં સાધનો, સુવિધાઓ અને વૈજ્ઞાનિક માનવબળનો ઉપયોગ પણ કરી શકશે. CSIR ઇન્ટેલેક્ચ્યુએલ પ્રૉપર્ટી સપોર્ટ પૂરો પાડીને ઊભરતા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે ભારતના નવીન સ્ટાર્ટઅપ્સને આર્થિક ટેકો આપવા માટેની નવી પદ્ધતિઓનું અન્વેષણ કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશની યુવાશક્તિના સ્ટાર્ટઅપ્સ ઇનોવેશનને પ્રોત્સાહિત કરી 'આત્મનિર્ભર ભારત'નો સંકલ્પ સાકાર કરવા કરેલા આહ્વાનમાં ગુજરાતે આ MoUથી આગવું કદમ ઉઠાવ્યું છે.

iCreate તેના મજબૂત ઇન્ડસ્ટ્રી કનેક્શન્સ અને માર્કેટ લિંકેજ એટલે કે બજારજોડાણોનો પણ ભરપૂર લાભ મેળવશે, જેથી વાસ્તવિક જરૂરિયાતો શોધી CSIR ના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવતા સાયન્ટિફિક ઇનોવેશન્સ મારફતે પૂર્ણ કરી શકાશે. આમ, CSIR દ્વારા કરવામાં આવતા ઇનોવેશન્સનું ઝડપી કમર્શિયલાઇઝેશન એટલે કે વ્યાપારીકરણ થશે અને ગ્લોબલ માર્કેટ પણ મળતું થશે.

iCreate અને CSIR ના એકસાથે આવવાથી બહુવિધ હિસ્સેદારો વચ્ચે નવી સિનર્જીના પરિણામે સ્ટાર્ટ-અપ્સ માટે નવી તકો ખૂલવાની અપેક્ષા છે. iCreate એ તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર સંખ્યામાં સ્ટાર્ટઅપ્સને ઝડપથી વિકાસ કરવામાં અને ઉત્પાદનની માત્રા વધારવામાં મદદ કરી છે. હવે CSIR ના સહયોગથી, iCreate ભારતની મજબૂત ઇનોવેટિવ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં સહાયક બનશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સહભાગિતા યુવા સ્ટાર્ટઅપ્સ અને સમગ્ર સ્ટાર્ટઅપ-ઇનોવેશન-રિસર્ચ ઇકોસિસ્ટમ માટે મહત્ત્વપૂર્ણ બનશે એવો વિશ્વાસ આ વેળાએ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, આઇ-ક્રિયેટના સી.ઇ.ઓ. શ્રી અનુપમ જલોટે તેમજ CSIRના વરિષ્ઠ અધિકારીઓ આ MoU વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ૧૪મો 'ગૌરવવંતા ગુજરાતી' એવોર્ડ સમારંભ યોજાયો



અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૧૪મો 'ગૌરવવંતા ગુજરાતી' એવોર્ડ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતીઓ સમગ્ર વિશ્વભરમાં છવાયેલા છે, કોઈ ક્ષેત્ર એવું નહીં હોય જ્યાં ગુજરાતીઓ અવ્વલ નહીં હોય. ફિલ્મ અને ટૂરિઝમ ક્ષેત્રમાં ગુજરાત આજે નવી ઊંચાઈઓ પર આંબી રહ્યું છે. આજે ગુજરાતમાં અનેક પ્રવાસન સ્થળો પર વિકાસ થઈ રહ્યો છે. સાથે સાથે ગુજરાતના પ્રાકૃતિક સ્થળો પણ આહલાદક છે. જેના કારણે ગુજરાત આજે ઓલ રાઉન્ડ ટૂરિઝમ ક્ષેત્ર બન્યું છે. આ પ્રસંગે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રોફ અને અભિનેત્રી તારા સુતરિયા ઉપરાંત ગુજરાતી ફિલ્મના નામાંકિત અભિનેતાઓ, અભિનેત્રીઓ, ગાયક કલાકારો તથા કલાજગત સાથે જોડાયેલા ખ્યાતનામ લોકો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# ગુજરાતમાં રેલવેનાં કાર્યો પૂરઝડપે પૂર્ણ કરાશે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે ગુજરાતના રેલવે સંબંધિત વિવિધ પ્રોજેક્ટસમાં રાજ્ય-કેન્દ્રના સુચારુ સંકલન અંગે તાજેતરમાં ઉચ્ચ સ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજાઈ હતી. પી.એમ.ગતિશક્તિના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર છે ત્યારે ડી.એફ.આઈ.સી. હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ, રાજ્યમાં વિવિધ રેલવે લાઇનના ગેજ રૂપાંતરણ અને રેલવે ઓવરબ્રિજ તેમજ ઇલેક્ટ્રિફિકેશનના જે નાના-મોટા પ્રશ્નો છે તેનું ત્વરાએ પરસ્પર સંકલનથી નિવારણ લાવવાની દિશામાં આ બેઠક ફળદાયી બનશે.

રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેને ગુજરાતને કેન્દ્ર અને રાજ્ય સરકાર એમ ડબલ એન્જિનની સરકારનો ફાયદો મળે છે ત્યારે મહત્ત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમય અને ત્વરિત ગતિએ પૂરા થાય તેવી સ્પષ્ટ હિમાયત કરી હતી.

અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ અન્વયે ગુજરાતમાં ૯૮.૭ ટકા જમીન સંપાદન કાર્ય રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના સક્રિય સહયોગથી પૂર્ણ થઈ ગયું છે તેની કેન્દ્રીય મંત્રીશ્રીએ સરાહના કરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બેઠકમાં અધિકારીઓને જણાવ્યું કે, રાજ્ય-કેન્દ્ર વચ્ચેના રેલવે સંબંધિત જે પેન્ડિંગ ઈશ્યુ હોય તેનું નિવારણ એકબીજા સાથે સમજૂતી અને ચર્ચા-વિચારણાથી આવે તેવું વાતાવરણ ઊભું થવું જોઈએ.

આ બેઠકમાં મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, માર્ગ-મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઇ મોરડિયા તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને રેલ્વે મંત્રાલયના તથા વેસ્ટર્ન રેલવે હાઇસ્પીડ રેલ કૉર્પોરેશન, ડી.એફ.આઈ.સી.ના વરિષ્ઠ અધિકારીઓ પણ સહભાગી થયા હતા. ●

# ગુજરાત સાથે ટ્રેડ એન્ડ કોમર્સ ક્ષેત્રે MoU કરવા થાઇલેન્ડ ઉત્સુક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે થાઈલૅન્ડના ભારતસ્થિત રાજદૂત સુશ્રી પટ્ટારાટ હોંગટોંગ (Ms. Pattarat Hongtong) અને પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે જામનગરમાં WHO અને આયુષ મંત્રાલય દ્વારા નિર્માણ થનારા ગ્લોબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન-GCTMમાં સહભાગિતા અને આયુષ-આયુર્વેદ પદ્ધતિના આદાન-પ્રદાન માટે થાઈલૅન્ડની તત્પરતા દર્શાવી હતી.

થાઈલૅન્ડ રાજદૂતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આ સંદર્ભમાં જણાવ્યું કે, થાઈલૅન્ડમાં પણ આયુષ પદ્ધતિ અને આયુર્વેદ ઉપચાર માટેની એક હૉસ્પિટલ ચાલે છે. એટલું જ નહીં, થાઈલૅન્ડમાં આયુર્વેદ પ્રોડક્ટ કંપનીઓ પણ કાર્યરત છે ત્યારે ગુજરાતના આ વર્લ્ડ ક્લાસ સેન્ટરનો વ્યાપક લાભ થાઈલૅન્ડ પણ લેવા ઉત્સુક છે.

તેમણે ખાસ કરીને ફાર્માસ્યુટિકલ સેક્ટર, રિન્યુએબલ એનર્જી, ટુરિઝમ અને ઈ-વ્હીકલ જેવાં ક્ષેત્રોમાં ગુજરાત સાથે સહભાગિતાની સંભાવનાઓ અંગે આ બેઠકમાં પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત-થાઈલૅન્ડ વચ્ચે ટુરિઝમ સેક્ટરને પ્રમોટ કરવા અંગે પણ ચર્ચાઓ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોતાની બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવીટી વગેરેની ઈકો સિસ્ટમથી વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી. આ ઈકો સિસ્ટમનો લાભ લઈ થાઈલૅન્ડની વિવિધ કંપનીઓ, ઉદ્યોગો ગુજરાતમાં ખાસ કરીને ધોલેરા SIRમાં રોકાણો માટે આવે તેવી અપેક્ષા પણ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવી હતી.

થાઈલૅન્ડના રાજદૂતે ટ્રેડ અને કૉમર્સ ક્ષેત્રે ગુજરાત સાથેના સંબંધો વધુ સુદૃઢ કરવા તેઓ MoU કરવાની દિશામાં આગળ વધવા ઉત્સુક છે તેમ પણ ચર્ચાઓ દરમ્યાન જણાવ્યું હતું. થાઈલૅન્ડમાં ૧.૬ બિલિયન યુ.એસ ડૉલર જેટલું એક્સપોર્ટ ગુજરાતમાંથી થયું છે તથા થાઈલૅન્ડ દ્વારા પાછલાં વર્ષોમાં ગુજરાતમાં ૨૯.૫ યુ.એસ મિલિયન ડૉલરનું એફ.ડી.આઈ. આવેલું છે.

ગુજરાત સાથેની થાઈલેન્ડની સહભાગિતાથી થાઈલૅન્ડ-ભારત-ગુજરાતના સંબંધોને નવી દિશા મળશે. આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# કેશોદથી મુંબઈ વ્યાવસાયિક હવાઈ સેવાનો પ્રારંભ

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સિદ્ધ કરવા પરિવહન, ખાસ કરીને હવાઈ પરિવહનનો વિકાસ અગત્યનો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના હસ્તે કેશોદ ઍરપોર્ટ ખાતે કેશોદથી મુંબઈ વચ્ચે વ્યાવસાયિક હવાઈ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે બંને મહાનુભાવોના હસ્તે કેશોદ ઍરપોર્ટ પર હવાઈ સેવાઓ માટેની આધુનિક સેવાઓનુ પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેશોદમાં વિમાનસેવા શરૂ થતાં પ્રવાસનને તેમજ ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. મુખ્યમંત્રીશ્રીએ કેશોદ ઍરપોર્ટ ખાતે વિમાનસેવા ઝડપથી શરૂ કરવા અંગે કેન્દ્ર સરકારનો, ખાસ કરીને નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાનો આભાર માન્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રૂ. ૨૫ કરોડના ખર્ચે ફરી નિર્માણાધીન કરાયું છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે, આજે કેશોદને દેશની સાંસ્કૃતિક, ઔદ્યોગિક રાજધાની સાથે ઍર કનેક્ટિવિટીથી જોડી દીધું છે. કેશોદ-મુંબઈ બાદ હવે આગામી સમયમાં કેશોદ અમદાવાદ સાથે પણ જોડાશે. ગુજરાતને ૬ વિમાનસેવાઓની ભેટ આપતાં ગુજરાતમાં અને દેશમાં આત્મનિર્ભર ભારત અંતર્ગત વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં ચાલી રહેલા હવાઈ પ્રોજેક્ટની માહિતી આપી ગુજરાતને બે નવાં ગ્રીન ફિલ્ડ હવાઈ મથક હીરાસર અને ધોલેરામાં મળશે. ગુજરાતમાં વધુ ને વધુ આવાગમન સુવિધા મળે એ માટે અમદાવાદથી અમૃતસર, આગ્રા, રાંચી ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત પોરબંદરથી ૨૭ એપ્રિલથી દિલ્હીની ફ્લાઇટ શરૂ થશે. આમ, ગુજરાતના દરેક વિસ્તારને દેશની આર્થિક રાજધાની સાથે જોડવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીને અને કેન્દ્રીય મંત્રીશ્રીને નવી શરૂ થઈ રહેલી સેવા અંગે બોર્ડિંગ પાસ અર્પણ કરવામાં આવ્યો હતો. મુંબઈથી કેશોદ વચ્ચે હાલ પ્રારંભિક તબક્કામાં અઠવાડિયામાં ત્રણ દિવસ સેવાનો લાભ મળશે. સાંસદશ્રીઓ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રિય નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાનું સોરઠી મહેમાનગતી પરંપરા મુજબ પાઘડી પહેરાવી સન્માન કરાયુ હતું. આ ઉપરાંત કેશોદની સંસ્થાઓ અને બ્રહ્મકુમારી સંસ્થા દ્વારા સ્વાગત કરાયુ હતું.

માર્ગ-મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે, સામાન્ય નાગરિકો પણ ઉડાન સેવાઓનો લાભ લઈ શકે તે માટે સેવાઓનો વ્યાપ વધી રહ્યો છે. કેશોદની ઍર કનેક્ટિવિટીનું કામ ઝડપથી થયુ છે. અમરેલીમાં પાઈલોટ સ્કૂલનું પણ આયોજન થયુ છે. ત્યાં ઍરક્રાફ્ટનું પણ પણ નિર્માણ થશે. સરકારે તમામ તાલુકામાં હેલીપેડ બને તે માટેની યોજના પણ આગળ વધી રહી છે. અમદાવાદ, સાપુતારા, સોમનાથ, દ્વારકા, જૂનાગઢ સહિતના સાત જગ્યા પર હેલિપોર્ટ બનાવવામાં આવશે. અંકલેશ્વર, અમરેલી અને માંડવીમાં ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારના ટ્રાન્સપોર્ટેશન માટે ઍર દ્વારા કાર્ગો પરિવહન સેવા ચાલુ થશે. આગામી મહિનાઓમાં સાબરમતીથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી પ્લેન અને બીજા તબક્કામાં અમદાવાદથી અંબાજી, સાપુતારા, શેત્રુંજય, ઉકાઈ સહિતના સ્થળે સી પ્લેન માટે તકનીકી અભ્યાસ થઈ રહ્યો છે.

આ પ્રસંગે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમ, પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરિયા, મેયર શ્રીમતી ગીતાબહેન પરમાર સહિતના અધિકારીઓ, મહાનુભાવો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# જૂનાગઢ સહકારી બેન્કની પ્રાચી શાખાનું લોકાર્પણ

ધી ગુજરાત રાજ્ય સહકારી બેંક લી. અમદાવાદના સહયોગથી ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લી. જૂનાગઢ બ્રાન્ચ દ્વારા આયોજીત ખેડૂત મહિલા ઉત્કર્ષ શિબિર યોજાઇ હતી.જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેથી નવિનીકરણ કરાયેલા પ્રાંચી શાખાનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જૂનાગઢ ખાતે ખેડૂત મહિલા ઉત્કર્ષ શિબિરમાં જણાવ્યું કે, મહિલાઓ સમાજ સુધારા અને સમાજ નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપવાની સાથે આર્થિક વિકાસમાં યોગદાન આપી રહી છે. સખી મંડળ, સહકારી ક્ષેત્ર સહિતના માધ્યમથી નારીશક્તિએ સમાજને નવી દિશા ચિંધી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જૂનાગઢ જિલ્લાની સંપૂર્ણ મહિલા સમરસ બંટીયા ગામના મહિલા સરપંચનું સન્માન કર્યુ હતું. ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે પ્રગતિશિલ આત્મનિર્ભર મહિલા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેડૂત મહિલા ઉત્કર્ષ શિબિરમાં પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઇ માલમ, ધારાસભ્ય શ્રી જવાહરભાઇ ચાવડા, ગુજકોમાસોલ અને ઇફકોના ચેરમેન શ્રી દિલિપભાઇ સંઘાણી, પૂર્વ મંત્રી શ્રી જશાભાઇ બારડ સહિતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**જૂનાગઢમાં પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત ખેત પેદાશોનુ પ્રદર્શન સહ વેચાણ :** ખેડૂત મહિલા ઉત્કર્ષ શિબિરમાં સખીમંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ વસ્તુઓનું પ્રદર્શન સહ વેંચાણ કરવામાં આવ્યું હતું. લોકો પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત કરેલ ખેત પેદાશો સહિતની વસ્તુઓ મેળવી શકે તેમજ આ સાથે ખેડૂતો પણ પોતાની ઉત્પાદિત ખેત પેદાશોને સીધી જ ઉપભોક્તા સુધી પહોંચાડી શકે તે માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સ્ટોલ મારફતે પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત ચીજ વસ્તુઓનુ પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યૂં હતુ. આમ, ખેડૂતો અને સખીમંડળની બહોનોને આજીવિકા માટે મહિલા ઉત્કર્ષ શિબિરના માધ્યમથી મંચ પ્રદાન કરવામાં આવ્યું હતું. ●



# ગુજરાત કેન્સર સોસાયટી મેડિકલ કોલેજનો પદવીદાન સમારોહ યોજાયો



દીક્ષાંત સમારોહ એ ખરેખર તો શિક્ષાનો અંત નહીં, પરંતુ વ્યાવસાયિક કારકિર્દી ઘડતરની સાથે સાથે સમાજસેવાનો આરંભ છે. તાજેતરમાં અમદાવાદની ગુજરાત કૅન્સર સોસાયટી મેડિકલ કૉલેજની છઠ્ઠી બેચના ૧૪૦ વિદ્યાર્થીઓના પદવીદાનનો સમારંભ યોજાયો હતો.

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. જ્ઞાન વિના વિકાસ પણ શક્ય નથી. ત્યારે જ્ઞાનનો સમાજહિત માટે ઉપયોગ કરવો એ સમયની માગ છે. રાજ્યમાં મેડિકલ કૉલેજની સ્થિતિનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજથી બે-અઢી દાયકા પહેલાં રાજ્યમાં સામાન્ય સંખ્યામાં મેડિકલ કૉલેજ અને જૂજ સીટો હોવાથી ગુજરાતના યુવાનોને મેડિકલમાં પ્રવેશ લેવા માતબર ફી ભરીને પણ ગુજરાત બહાર જવું પડતું હતું. આજે આ સ્થિતિમાં બદલાવ આવ્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભગીરથ પ્રયાસોના પગલે રાજ્યના યુવાનોને રાજ્યમાં જ સારું શિક્ષણ મળી રહે તે માટેની સુવિધા ઊભી થઈ છે. વર્ષ ૨૦૦૨-૦૩ સુધી રાજ્યમાં માત્ર ૧૧ મેડિકલ કૉલેજો હતી તેની સામે આજે રાજ્યમાં ૩૧ મેડિકલ કૉલેજો છે. માત્ર ૧૩૭૫ મેડિકલની સીટો હતી, તે આજે વધીને ૫૭૦૦ થઈ છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત કૅન્સર સોસાયટીના એક્ઝિક્યુટિવ ચૅરમૅન અને ઝાયડસ કેડિલાના ચેરમેન શ્રી પંકજભાઈ પટેલ, ગુજરાત કૅન્સર સોસાયટીના જનરલ સેક્રેટરી શ્રી પ્રશાંત કિનારીવાલા, ગુજરાત કૅન્સર સોસાયટીના વાઇસ પ્રેસિડન્ટ શ્રી ક્ષિતિશ મદનમોહન, ગુજરાત કૅન્સર સોસાયટીના સી.ઇ.ઓ. કર્નલ ડૉ. સુનીલકુમાર, ગુજરાત કૅન્સર મેડિકલ કૉલેજના ડિરેક્ટર શ્રી ડૉ. કીર્તિ પટેલ, નિષ્ણાતો-અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

## નવી દિલ્હીમાં 'ઇનોવેટિવ એગ્રિકલ્ચર' નેશનલ વર્કશોપ

ભારતના નીતિ આયોગ દ્વારા નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 'ઈનોવેટિવ ઍગ્રિકલ્ચર' વિષયક નૅશનલ વર્કશૉપ યોજી હતી, જેમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિના જનઆંદોલન દ્વારા દેશને રાસાયણિક કૃષિથી મુક્તિ અપાવવા આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ લીધો છે તે ત્યારે જ સાકાર થશે જ્યારે દેશભરના કિસાનો પ્રાકૃતિક કૃષિને અપનાવશે. કૃષિ ખર્ચ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. રાસાયણિક કૃષિનાં આ દુષ્પરિણામોથી મુક્તિ માટે પ્રાકૃતિક કૃષિ જ અપનાવવી એ આજના સમયની માગ છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા જ આત્મનિર્ભર ખેડૂત, આત્મનિર્ભર કૃષિથી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ શકશે. આ પ્રસંગે કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર, કેન્દ્રીય પશુપાલનમંત્રી શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ સહિત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ અને કૃષિતજ્જ્ઞો, નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી ડૉ. રાજીવ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. તદ્ઉપરાંત રાજ્યપાલશ્રીએ નવી દિલ્હી ખાતે નૅશનલ વૉર મેમોરિયલની મુલાકાત લઈ વીર શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ



ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દ્વિતીય પદવીદાન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીના હસ્તે ૧૦૧ વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમો માટે પદવી અને ૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આ દિશામાં શ્રેષ્ઠ કાર્ય થઈ રહ્યું છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તેજસ્વી બાળક, તેજસ્વી ભારતના કર્મમંત્ર સાથે આ દિશામાં સ્તુત્ય પ્રયાસો થઈ રહ્યા છે. શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વ્યક્તિત્વ નિર્માણના ઘડતરની વાતનો ખ્યાલ આ યુનિવર્સિટી દ્વારા સમગ્ર વિશ્વને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે. શિક્ષણ રાજ્યમંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે પદવીપ્રાપ્ત વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## ગુજરાત વિધાનસભામાં યોજાઈ ત્રિદિવસીય ધ્યાનયોગી શિબિર

હિમાલયના મહર્ષિ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પાવન નિશ્રામાં ગ. વા. માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે ગુજરાત વિધાનસભામાં ઐતિહાસિક ત્રિદિવસીય મહાશિબિર ખૂબ સફળતા સાથે આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન સંપન્ન થઈ. આ મહાશિબિરમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નિમાબેન આચાર્ય સહિત વિધાનસભાના ધારાસભ્યો, અધિકારીવર્ગ તથા ગુજરાત રાજ્યના સાંસદોએ પણ ખૂબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ખૂબ ભાવપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલ આ મહાશિબિરમાં નિયમિત અડધો કલાકના ધ્યાન, પ્રતિદિન એક નિઃસ્વાર્થ કાર્ય, નિયમિત વ્યાયામ/યોગાસન-સુપાચ્ય ભોજન દ્વારા શરીરની તંદુરસ્તી જાળવવાના મનોમન સંકલ્પ લીધો હતો.



આ મહાશિબિરની સમાપ્તિ બાદ પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ગુરુમાએ વિધાનસભાની મુલાકાત લીધી હતી. આ આખી મહાશિબિરનું શ્રી જયેશભાઈ વ્યાસ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગુરુતત્ત્વ યૂ ટ્યુબ ચેનલ પર થયેલ આ ત્રિદિવસીય મહાશિબિરના જીવંત પ્રસારણનો દેશવિદેશના હજારો લોકોએ લાભ લીધો હતો.

# એકતાનગરમાં રાષ્ટ્રીય પશુપાલન ડેરી અને મત્સ્યોદ્યોગ સમર મીટ



ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા એકતાનગરમાં સમૃદ્ધ ખેડૂત - આત્મનિર્ભર ભારત હેઠળ પશુપાલન ડેરી અને મત્સ્યોદ્યોગ સમર મીટ યોજાઈ હતી, જેમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પરસોતમભાઇ રૂપાલાએ જણાવ્યું હતું કે, સરદારસાહેબના એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે આ મીટનું આયોજન સરદારસાહેબનાં ચરણોમાં જ કરાયું છે.

મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા વિવિધ યોજનાઓ, સમસ્યાઓની સાથે દેશનાં અન્ય રાજ્યોની આગવી કુશળતાનું અમલીકરણ જો ટેક્નોલૉજીના માધ્યમ થકી કરવામાં આવે તો વધુ વિકાસ સાધી શકાશે તેવો દૃઢ વિશ્વાસ મંત્રી શ્રી રૂપાલાએ વ્યક્ત કર્યો હતો.

પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રની કેન્દ્રીય અને રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ છે. તેની સાથે મોબાઇલ પશુવાન દ્વારા પશુપાલકોને હવે ઘરઆંગણે જ વિનામૂલ્યે પશુસારવાર સમયસર મળી રહેશે તેમ રાજ્યકક્ષાના મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું. મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જિતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે, જેથી ૩૧ જેટલાં ફિશ લૅન્ડિંગ સેન્ટરોને સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે તેમજ ૮ જેટલાં ફિશ લૅન્ડિંગ સેન્ટરો શરૂ કરાયાં છે. આ સમિટમાં રાજ્યના પશુપાલન અને ગૌસંવર્ધન વિભાગના રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં 'મેગા પ્રોપર્ટી એક્સપો - ૨૦૨૨'



અમદાવાદની એકા ક્લબ ખાતે 'દિવ્ય ભાસ્કર' દ્વારા આયોજિત 'મેગા પ્રૉપર્ટી એક્સપો - ૨૦૨૨'નો મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે પ્રારંભ થયો હતો. આ મેગા પ્રૉપર્ટી એક્સપોમાં ૩૫ જેટલાં વિવિધ બિલ્ડર ગ્રુપે ભાગ લીધો હતો, જેમાં ૨૦૦થી પણ વધારે પ્રોજેક્ટ્સ પ્રદર્શિત થયા હતા. આ પ્રૉપર્ટી એક્સપોમાં દરેક વર્ગને અનુકૂળ અફોર્ડેબલ, પ્રીમિયમ તથા લક્ઝરિયસ પ્રોજેટ્સ પ્રદર્શિત કરાયા હતા, જેમાં ઑફિસ, શૉપ, ટેનામેન્ટ્સ, ફ્લૅટસ જેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ અવસરે અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ધારાસભ્ય શ્રી સુરેશભાઈ પટેલ, કૉર્પોરેટરશ્રીઓ તથા બિલ્ડર એસોસીએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરમાં સ્વચ્છતા સૈનિક સન્માન સમારોહ

વિશ્વ ધરોહર દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ યોજના અંતર્ગત ગ્રામવિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર, અમદાવાદ અને ખેડા જિલ્લાના ૧૦ સ્વચ્છતા સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામવિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે કહ્યું કે, સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર રાષ્ટ્રના નિર્માણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગામડાંઓમાં સ્વચ્છતા સૈનિકો સ્વચ્છતા રાખવા સંબંધી તમામ કામ ઝીણવટતાથી કરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત'ના સ્વપ્નને ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે. આ ભગીરથ અભિયાનને સાકાર કરવા રાજ્ય સરકાર રાજ્યોના નાગરિકોને માર્ગદર્શન અને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડે છે. ગ્રામવિકાસ રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ કહ્યું કે, રાષ્ટ્રની રક્ષામાં સરહદ પરના સૈનિકોનું જેટલું યોગદાન છે એટલું જ રાષ્ટ્રની સ્વચ્છતામાં સ્વચ્છતા સૈનિકોનું યોગદાન છે.



# અંકલેશ્વર ઇન્ડસ્ટ્રિયલ એસોસીએશનની બેઠક



ગુજરાતમાં ઉદ્યોગો અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતી વીજળી મળી રહે તે માટે રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યું છે. નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ અંકલેશ્વર ઇન્ડસ્ટ્રિયલ એસોસીએશન સાથે બેઠક યોજી ઉદ્યોગોને લગતા પ્રશ્નોના ઉકેલ માટે હૈયાધારણ આપી હતી.

સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાત જ ઉદ્યોગો અને ખેડૂતોને સૌથી વધુ વીજળી પૂરી પાડે છે, તેમ જણાવતાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે વીજઉત્પાદન માટે ગુજરાતે ગૅસ, કોલસા આધારિત વીજ ઉત્પાદન સાથે વિન્ડ અને સૂર્યઊર્જાના પ્રકલ્પો પણ ઊભા કર્યા છે.

મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનનોમાં અગ્રેસર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચાર ટ્રિલિયન ડૉલર ઔદ્યોગિક ઉત્પાદનના નિકાસનો નિર્ધાર વ્યક્ત કર્યો છે, જેમાં ૨૫ ટકા ફાળો ગુજરાતનો રહ્યો છે. અંકલેશ્વરની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ જે. બી. મોદી કૅન્સર સેન્ટરમાં અત્યાધુનિક રેડિયેશન મશીન અને ટેક્નોલૉજીનું નિરીક્ષણ કર્યું હતું.

# અમદાવાદમાં અસંગઠિત શ્રમિકોનું સંમેલન



અમદાવાદના મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે અસંગઠિત શ્રમિકોનું સંમેલન યોજાયું હતું, જેમાં શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર Skill + Zill + Rill = Will દ્વારા યુવાનો તથા શ્રમિકોને કૌશલ્યયુક્ત બનાવાયા છે.

મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજાએ વડાપ્રધાનશ્રીના 'શ્રમેય જયતે'ને યાદ કરતાં જણાવ્યું હતું કે, ડિજિટલ સ્ટાર્ટઅપ યોજનાઓથી યુવાનોની સ્કિલ બહાર આવી ને આપણા દેશમાં વોકલ ફૉર લોકલ પ્રોડક્ટો આવવા લાગી.

અસંગઠિત શ્રમિકોના આ સંમેલનમાં શ્રમિકોને શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓથી માહિતગાર કરાયા હતા. શ્રમયોગી કલ્યાણ બોર્ડની ૧૪ જેટલી યોજનાઓ, જેવી કે શિક્ષણ સહાય યોજના, પ્રસૂતિ સહાય યોજના, મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી યોજના, ધન્વન્તરી આરોગ્ય રથ, આકસ્મિક મૃત્યુ સહાય વગેરે અંગે માહિતી અપાઈ હતી.

# જંબુસરમાં ખેડૂત કૅન્ટીનનું લોકાર્પણ

ભરૂચના જંબુસરની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનાં નવનિર્મિત ઑફિસ, બિલ્ડિંગ, રેસ્ટ હાઉસ અને ખેડૂત કૅન્ટીનનું લોકાર્પણ સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે સહકારિતાએ ગુજરાતમાં વિકાસના નવા કીર્તિમાનો સર કર્યા છે. મંત્રીશ્રીએ પ્રકૃતિક ખેતીનું મહત્ત્વ સમજાવતાં પ્રકૃતિક સંસાધનો અને લોકોના સ્વાસ્થયની રક્ષા માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કર્યો હતો. નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલે રાજ્ય સરકારની ખેતીવિષયક અનેક યોજનાઓ અને તેના લાભાલાભની વિસ્તૃત માહિતી આપી હતી. આ અવસરે સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય સહકાર મંત્રાલય સહકારી એકમો માટે સંજીવનીરૂપ બનશે.



# ઉનાળામાં નાગરિકો તથા મૂંગાં પશુઓ માટે સઘન આયોજન

પ્રવર્તમાન ઉનાળાની સીઝનમાં નાગરિકોને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તેમજ મૂંગાં અબોલ પશુઓને પણ ઘાસચારો તેમજ પાણી ઉપલબ્ધ બનાવવા માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. આ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નાગરિકોની સુખાકારી માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.



આ પ્રજાલક્ષી નિર્ણયો અંગે પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટે ૨૦૭૫ MLD નર્મદાનાં પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બ્રાહ્મણી-૨ જળાશયમાં પાણીનું લેવલ ઘટતાં, તેમાંથી પાણીનો ઉપાડ ૧૮૦ MLDથી ઘટીને ૧૦થી ૧૫ MLD થયો છે, જેના માટે રાજ્ય સરકારે બ્રાહ્મણી-૨ જળાશયને નર્મદાનાં પાણીથી ભરવાનો નિર્ણય કર્યો છે. આ માટે તા. ૨૫ એપ્રિલ-૨૦૨૨થી ધ્રાંગધ્રા બ્રાન્ચ કૅનાલમાં નર્મદાનું પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના થકી બ્રાહ્મણી-૨ જળાશય ભરવામાં આવશે. એ જ રીતે કચ્છ જિલ્લા માટે પીવાના પાણીનો મુખ્ય સ્રોત એવા ટપ્પર જળાશયમાં પણ જરૂરિયાત જણાયે આગામી સમયમાં કચ્છ શાખા નહેર દ્વારા નર્મદાનાં પાણીથી ભરવાનું આયોજન છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલા દાંતીવાડા જળાશયને પણ નર્મદા મુખ્ય નહેર ઉપરના ચાંગા પમ્પિંગ સ્ટેશનથી ભરવા માટેનું આયોજન છે. સિપુ જળાશય આધારિત ગામોને દાંતીવાડા જળાશય આધારિત યોજના સાથે જોડી દેવામાં આવ્યાં છે. આમ, દાંતીવાડા જળાશય ભરાતાં સિપુ જળાશય આધારિત ગામોમાં પૂરતું પાણી મળી રહેશે.

રાજ્યમાં પીવાના પાણીની ફરિયાદોના નિકાલ માટે ૨૪ × ૭ ટેલ ફ્રી હેલ્પલાઇન નંબર ૧૯૧૬ કાર્યરત છે. પીવાના પાણી સંદર્ભે જે પણ ફરિયાદો આવે તેનું અત્યંત સંવેદના સાથે નિરાકરણ કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચનાઓ આપી છે. ગ્રામ્યકક્ષાએ પાણી સમિતિ વાસ્મો અને પાણીપુરવઠા વિભાગ સાથે સંકલન કરીને કામગીરી કરાશે.

મૂંગાં પશુઓને પણ પૂરતા પ્રમાણમાં ઘાસચારો મળી રહે એ માટે મહેસૂલ વિભાગ દ્વારા પૂરતું આયોજન કરાયું છે. કચ્છ જિલ્લાના લખપત અને ભૂજ તાલુકામાં ઘાસચારાની માગણી આવી છે, એ સંદર્ભે પૂરતી વ્યવસ્થાઓ કરી છે તેમજ અન્ય જગ્યાએ જેમ જેમ માગણી આવશે તેમ-તેમ ઘાસચારો પૂરો પાડવામાં આવશે.

રાજ્યમાં જળસંગ્રહ થાય એ માટે પ્રતિ વર્ષ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો અને જળાશયો ઊંડાં કરવા સહિત કૅનાલ સફાઈનાં કામો હાથ ધરાઇ રહ્યાં છે. આ વર્ષે પણ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ૧૮,૭૦૦ જેટલાં કામો હાથ ધરાયાં છે તે તમામ કામો આગામી તા. ૩૧ મે સુધી પૂર્ણ કરવા સૂચના આપી દેવાઈ છે.

ખેડૂતોના હિતને વરેલી અમારી રાજ્ય સરકારે ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂતોને સહાયરૂપ થવા માટે કિલોદીઠ રૂ. બેની સહાય આપવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ચાલુ વર્ષે ડુંગળીનું ઉત્પાદન વધતાં બજારમાં તેની આવક સમયે ભાવ શરૂઆતથી જ ગત વર્ષ કરતાં નીચા રહ્યા છે તેને ધ્યાને લઈને આ નિર્ણય કરાયો છે.

રાજ્યના ખેડૂતોને વ્યાજ સહાયનો કોઈ બોજો ન પડે તે માટે મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૫૦૦ કરોડના રિવોલ્વિંગ ફંડ ઉપરાંત વધારાનું રૂ. ૧૩૫ કરોડનું રિવોલ્વિંગ ફંડ ઉમેરવાનો ખેડૂતલક્ષી મહત્ત્વનો નિર્ણય કર્યો છે, જેમાં સમયસર ધિરાણ પરત ભરપાઈ કરતા ખેડૂતોને રૂ. ૩ લાખ સુધીનું પાક ધિરાણ વિના વ્યાજે આપવામાં આવે છે. આ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ક્રમશઃ ૪ ટકા અને ૩ ટકા વ્યાજ સહાય અપાય છે.


રાજ્ય સરકારને તાજેતરમાં વડાપ્રધાનશ્રીના હસ્તે બે અવૉર્ડ એનાયત થયા છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ છે. પ્રાઈમ મિનિસ્ટર અવૉર્ડ ફૉર એક્સેલન્સ ઇન પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન-૨૦૨૧ ઈનોવેશન કૅટેગરીમાં દેશના સૌપ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્રને ટીમ ટેક્નોલૉજી ટ્રાન્સફૉર્મેશન ઑફ સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઈન ગુજરાત થ્રુ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ઑફ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ ગુજરાતને અવૉર્ડ મળ્યો છે. આ ઉપરાંત વડાપ્રધાનશ્રી દ્વારા પ્રાઈમ મિનિસ્ટર અવૉર્ડ ફૉર એક્સેલન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન-૨૦૨૦ અવૉર્ડ મળ્યો છે, જેમાં બેસ્ટ પર્ફોર્મન્સ ટીમ ફૉર પ્રમોટિંગ પીપલ્સ મૂવમેન્ટ જનભાગીદારી થ્રુ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ઑફ મહેસાણાની પસંદગી થઈ છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં અંદાજપત્ર રજૂ કરાયું છે, જે અંતર્ગત ૯૮ ટકા જેટલી ચાલુ બાબતોની વહીવટી મંજૂરી આપવામાં આવી છે, જ્યારે ૯૦ ટકા જેટલી નવી બાબતો મંજૂર કરી છે તે અંગે પણ સત્વરે નીતિવિષયક નિર્ણયો લઈને આ કામો શરૂ કરાશે. એટલું જ નહીં, માળખાગત સુવિધાઓ સહિત માર્ગોનાં કામો પણ ચોમાસું બેસે એ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે જિલ્લા પ્રભારી મંત્રીશ્રીઓને પણ સતત મૉનિટરિંગ કરીને સ્થાનિક પ્રશ્નોને ઝડપથી હલ કરી વિકાસકામોમાં ઝડપ લાવવા પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચનાઓ આપી છે. ●

# દેશનાં એક લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર 'ટેલી-કન્સલ્ટિંગ' સેવાનો પ્રારંભ







દેશના વિકાસરથમાં આરોગ્ય ક્ષેત્રનું બહુમૂલ્ય યોગદાન છે. સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણ માટે સ્વસ્થ નાગરિક અને સ્વસ્થ સમાજનું હોવું અતિઆવશ્યક છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ દેશનાં એક લાખ હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર પર કન્સલ્ટિંગ પ્રોગ્રામનો પ્રારંભ કરાવ્યો હતો. 'આયુષ્માન ભારત હેલ્થ ઍન્ડ વેલેનેસ સેન્ટર'ની ચોથી વર્ષગાંઠે કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી વિવિધ રાજ્યના આરોગ્યમંત્રીશ્રી અને તબીબોને આઝાદી કા અમૃત મહોત્સવમાં સ્વસ્થ ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થવા આહ્‌વાન કર્યું હતું. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ વર્ચ્યુઅલી આ કૉન્ફરન્સમાં જોડાઈને સહભાગી બન્યા હતા. આ વીડિયો કૉન્ફરન્સમાં ગુજરાતને ૫ કરોડથી વધુ વસ્તી ધરાવતાં રાજ્યોમાં ટી.બી.મુક્ત ડ્રાઇવ અંતર્ગત શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દ્વિતીય ક્રમાંકની જાહેરાત કરવામાં આવી હતી.

કન્સલ્ટિંગ પ્રોગ્રામને ઈ-સંજીવની પ્લૅટફૉર્મથી જોડવામાં આવ્યા છે ત્યારે કન્સલ્ટિંગ પ્રોગ્રામનો પ્રારંભ કરાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, દેશના આરોગ્યસેવા ક્ષેત્રે ટેલી-કન્સલ્ટિંગ પ્રોગ્રામ નવીન ક્રાંતિ લાવશે. દર્દીઓને નિષ્ણાત તબીબોનું માર્ગદર્શન ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવા માટે કન્સલ્ટિંગ સેવા વરદાનરૂપ સાબિત થશે. શ્રી મનસુખભાઈએ વધુમાં જણાવ્યું કે, દેશમાં કાર્યરત હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર ગરીબજન, દૂરસૂદૂરના અંતરિયાળ વિસ્તારમા રહેતી વ્યક્તિને ઘરઆંગણે આરોગ્ય સુવિધાઓ પૂરી પાડીને આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

14 એપ્રિલ 2018માં છત્તીસગઢથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટરનો પાઇલોટ પ્રોજેક્ટ સમગ્ર દેશમાં 1 લાખ 17 હજાર 400 હેલ્થ ઍન્ડ વેલનેસના સંખ્યાબળ સાથે જનહિતલક્ષી બન્યો છે. મંત્રીશ્રીએ હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટરનાં ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશના દરેક રાજ્યને હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટર પર યોગનું આયોજન કરીને સ્વાસ્થ્યપ્રદ જીવનનો સંદેશ આપવા માટે અનુરોધ કર્યો હતો. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વસ્થ ભારત બનાવવાના આહ્‌વાનને મૂર્તિમંત કરવા દેશના દરેક રાજ્યમાં તાલુકા સ્તરીય આરોગ્યસેવા કેન્દ્રોમાં ૧૮થી ૨૩ એપ્રિલ સુધી આરોગ્યમેળાનું આયોજન કરવા જણાવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં ગ્રામ્ય સ્તરે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ કાર્યરત કરીને પ્રાથમિક આરોગ્ય અને કન્સલ્ટિંગ સેવાને મજબૂત બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

દૂરસૂદૂર અંતરિયાળ વિસ્તારમાં રહેતા નાગરિકોને 13થી વધુ પ્રકારની વિવિધ પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ બની છે. આ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં ડાયગ્નોસિસ, ક્લિનિકલ રિપોર્ટ્સ, પેલિયેટિવ કેરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડાયાબિટીસ, બી.પી., ટી.બી., ઓરલ, સર્વાઇકલ જેવાં વિવિધ કૅન્સરનું પ્રાઇમરી સ્ક્રીનિંગ કરીને નિદાન થયે સઘન સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટરની વીડિયો કોન્ફરન્સમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, નેશનલ હેલ્થ મિશનનાં ડાયરેક્ટર ડૉ. રેમ્યા મોહન, આરોગ્ય વિભાગના અધિકારીગણ, તબીબો જોડાયા હતા. ●

# 'સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન' નેશનલ સમિટ ગુજરાતનાં સ્માર્ટ શહેરોએ મેળવી સફળતા



રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાના યજમાનપદે સુરતમાં ઇન્ટરનૅશનલ એક્ઝિબિશન ઍન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સ્માર્ટ સિટીઝ મિશન, મિનિસ્ટ્રી ઑફ હાઉસિંગ ઍન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા આયોજિત 'સ્માર્ટ સિટીઝ, સ્માર્ટ અર્બનાઇઝેશન' નેશનલ સમિટનો કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતો, પેટ્રોલિયમ અને નૅચરલ ગૅસ મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ પ્રારંભ કરાવ્યો હતો. આ સમિટમાં ગુજરાત સરકારે સ્માર્ટ શહેરોમાં આયોજનબદ્ધ રીતે કરેલાં વિકાસકાર્યો અને જનસુવિધામાં કરેલા વધારા અંગે વિશેષ ચર્ચા થઈ હતી. ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે સ્માર્ટ સિટીઝ મિશન હેઠળ ગુજરાતનાં સુરત, અમદાવાદ, વડોદરાને વિવિધ કૅટેગરીમાં અવૉર્ડ પ્રાપ્ત થયા હતા.

દેશની આઝાદીનાં ૭૫ વર્ષની પૂર્ણતાના અવસર - 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે 'ઇન્ડિયા સ્માર્ટ સિટીઝ અવૉર્ડ કૉન્ટેસ્ટ ૨૦૨૨' હેઠળ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરી માટે સ્માર્ટ સિટીઝને 'સિટી અવૉર્ડ', 'ઇનોવેટિવ અવૉર્ડ' તેમજ 'પ્રોજેક્ટ અવૉર્ડ' કૅટેગરીઓમાં કુલ ૫૧ અવૉર્ડ એનાયત કરાયા હતા. ઉપરાંત, ઇન્ડિયા સ્માર્ટ IUDX Case Compendium, Al Playbook for cities તેમજ આઉટપુટ્સ ઍન્ડ આઉટકમ્સ ડેશબોર્ડનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ સાથે વર્ચ્યુઅલ સેન્ટર બાબત MoU સાઇન કરાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું કે, સ્માર્ટ સિટી યોજના એ ભવિષ્યલક્ષી યોજના છે, સ્માર્ટ સિટી પ્રોજેક્ટના મૉનિટરિંગ માટે અતિ આવશ્યક એવા ICCC-ઇન્ટિગ્રેટેડ કમાન્ડ ઍન્ડ કંટ્રોલ સેન્ટર દેશનાં ૧૦૦ શહેરો પૈકી ૮૦ શહેરોમાં કાર્યરત થઈ ચૂક્યાં છે, જ્યારે બાકી રહેલાં સેન્ટરો આગામી ૧૫ ઑગસ્ટ સુધીમાં કાર્યરત થઈ જશે.

આ પ્રસંગે કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી શ્રી કૌશલ કિશોરે જણાવ્યું હતું કે, દેશના સ્માર્ટ સિટીઝ 'સ્મોક ફ્રી, આલ્કોહોલ ફ્રી અને ડ્રગ્સ ફ્રી' બને તે પણ ખૂબ આવશ્યક છે. વડાપ્રધાનશ્રીએ સ્માર્ટ સિટી વિઝન માટે રૂ. ૪૮ હજાર કરોડની ફાળવણી કરી છે, પ્રત્યેક સ્માર્ટ સિટી માટે રૂ. ૫૦૦ કરોડની આવશ્યકતા રહે છે. સ્માર્ટ સિટી એવી સુવિધા ધરાવતાં શહેરો, જે માત્ર સુવિધાજનક જ નહીં, પણ ઈકો-ફ્રેન્ડલી, રોજગારીના અવસરો પ્રદાન કરનાર અને ઈઝ ઑફ લિવિંગ વધારે તેવાં હોવાં જોઈએ.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો સંદેશ પાઠવી જણાવ્યું કે, વધતા જતા શહેરીકરણની સાથે અનેક પડકારો ઊભા થાય છે, પરંતુ વડાપ્રધાનશ્રીની દીર્ઘદૃષ્ટિને અનુસરી પડકારો-મુશ્કેલીઓને અવસરમાં પરિવર્તિત કરવાનો ગુજરાતનો મિજાજ છે. મુખ્યમંત્રીશ્રીએ આ સમિટના સફળ આયોજન બદલ સુરત મહાનગરપાલિકા અને શહેરી વિકાસ વિભાગને અભિનંદન પાઠવ્યાં હતાં.

શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ જણાવ્યું હતું કે, દેશમાં શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે, ત્યારે સ્માર્ટ સિટી અંતર્ગત ડિજિટલ, ગુડ ગવર્નન્સ, સ્માર્ટ ડેટા, ફાઇનાન્સ જેવાં અનેક ક્ષેત્રે સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સરકાર કાર્ય કરી રહી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દૂરંદેશી યોજનાઓ સાથે શહેરો સ્વયં આત્મનિર્ભર બને તેવા વિઝન સાથે સરકાર આગળ વધી રહી છે ગુજરાતનાં છ શહેરો સ્માર્ટ સિટી તરીકે પસંદગી પામ્યાં છે, ત્યારે સુરત શહેર આગામી સમયમાં સ્વચ્છ અને સ્માર્ટ શહેર તરીકે દેશભરમાં લીડ લેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે રેલવે અને ટેક્સટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતોના કેન્દ્રીય સચિવ શ્રી મનોજ જોશી, આંધ્ર પ્રદેશના શહેરી વિકાસ મંત્રી શ્રી એ. સુરેશ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. ●

# કચ્છના ખડીરમાં ખાખીના ખમીરનો અનોખો કિસ્સો

✎ હેમલતા પારેખ



મહિલાને અબળા પણ કહે છે અને સબળા પણ કહે છે! સામાન્ય દેખાતી મહિલા અબળા હોઈ શકે, પરંતુ ધારે ત્યારે સબળા બનીને પ્રેરણારૂપ બની જાય છે. આવો જ એક કિસ્સો કચ્છના રણમાં જોવા મળ્યો. કચ્છમાં પોલીસ વિભાગની ખાખીની ખમીરીના કિસ્સાએ અબળા અને સબળાનો અર્થ ઉજાગર કર્યો. વાત એમ છે કે, ધોળાવીરા પાસે સફેદ રણમાં ભંજડાદાદાના મંદિરે જતાં 86 વર્ષનાં વૃદ્ધા બેભાન થઈ ગયાં હતાં. આ વાતની જાણ થતાં જ મહિલા કૉન્સ્ટેબલ 5 કિ.મી. સુધી ચાલીને મહિલા પાસે પહોંચ્યાં હતાં અને તેઓને ભાનમાં લાવી વૃદ્ધાને પીઠ પર ઊંચકી 5 કિમી સુધી રણમાં ચાલીને તેઓને સહીસલામત પરત લાવ્યાં.

વિશ્વપ્રસિદ્ધ હડપ્પન સંસ્કૃતિના અવશેષો ધરાવતા ખડીર દ્વીપમાં ધોળાવીરાથી ૧૦ કિ.મી દૂર ભંજડાદાદાના મંદિરે મોરારીબાપુની રામકથા યોજાઈ હતી. રામકથા સાંભળવા અનેક ભક્તો આવતા હોય, જેઓ નવા ભંજડાદાદાના મંદિરથી ૫ કિ.મી દૂર સફેદ રણમાં એક મોટા ડુંગર પર જૂના ભંજડાદાદાના મંદિરે પણ પગે ચાલી દર્શને જતા હોય છે. નવા ભંજડાદાદાના મંદિરે પહોંચેલાં વૃદ્ધાને જૂના ભંજડા દાદાના મંદિરનાં દર્શન માટે ડુંગર ચઢતી વેળા રણની આકરી ગરમીના પ્રતાપે ચક્કર આવતાં તેઓ બેભાન થઈ ગયાં હતાં, જેની જાણ રાપર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં મહિલા કૉન્સ્ટેબલ વર્ષાબહેન પરમારને થઈ હતી, બાદમાં વર્ષાબહેન તાત્કાલિક સફેદ રણમાં આકરી ગરમી વચ્ચે પાંચ કિ.મી. ચાલીને વૃદ્ધા પાસે પહોંચ્યાં હતાં. ત્યાં તેઓએ બેભાન પડેલાં વૃદ્ધાના ચહેરા પર પાણી છાંટી તેમને ભાનમાં લાવ્યાં હતાં અને બાદમાં તેઓને પ્રાથમિક સારવાર આપી હતી.

વૃદ્ધા ભાનમાં આવતાં અને અગાઉ કરતાં તબિયત થોડી સ્વસ્થ લાગતાં જ મહિલા કૉન્સ્ટેબલે વૃદ્ધાને પીઠ પર ઊંચકી લીધાં હતાં અને તેઓને પરત 5 કિ.મી. સફેદ રણમાં ચાલીને નવા ભંજડાદાદાના મંદિરે લાવ્યાં હતાં.

મહિલા કૉન્સ્ટેબલના આ કિસ્સાને કારણે પૂર્વ કચ્છ પોલીસ સહિત સમગ્ર રાજ્યની પોલીસે ગર્વની લાગણી અનુભવી હતી, સાથે જ મહિલા કૉન્સ્ટેબલના આ જુસ્સાનાં વખાણ પણ કર્યાં હતાં. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ પણ વર્ષાબહેન પરમારની પ્રશંસા કરી હતી.

આમ, મહિલા કૉન્સ્ટેબલે ખાખીના ખમીરનું પ્રેરણાદાયી ઉદાહરણ આપી સેવા, સુરક્ષા અને શાંતિના પોલીસ વિભાગના સૂત્રને પણ સાર્થક પુરવાર કર્યું હતું. ●

## પોલીસ હરહંમેશ સેવા માટે તત્પર

**કચ્છ (પૂર્વ)ના પોલીસવડા શ્રી મહેન્દ્ર બગડિયાએ પૂર્વ કચ્છ પોલીસના મહિલા કર્મચારી વર્ષાબહેનની કામગીરીને બિરદાવી હતી. ભચાઉ પોલીસ અધીક્ષક શ્રી કે. જી. ઝાલાએ જણાવ્યું હતું કે, મહિલા કર્મચારી શ્રી વર્ષાબહેનની સેવાકામગીરી માટે અમને સૌને ગર્વ છે તો રાપર પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન. રાણાએ પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, પોલીસ હરહંમેશ સેવા માટે તત્પર હોય છે. કુદરતી આફતો અને વૃદ્ધ લોકો તેમજ મહિલા અને બાળકો માટે અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે દરેક પોલીસ કર્મચારીઓ તત્પર રહે છે અને લોકોની સેવા કરી રહ્યા છે.**

# પારંપરિક ભારતીય ચિકિત્સા પદ્ધતિમાં સર્વે સન્તુ નિરામયાની વિભાવના : GCTM











# જય જય ગરવી ગુજરાત...



## ગુજરાત સ્થાપના દિનની શુભકામનાઓ...

**Published on Date 1-4-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**72 + 4 Cover = Total 76 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦